MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૦૯-૦૧-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

અમેરિકા-ઈરાન વચ્ચેના ભીષણ હુમલા દરમ્યાન બનેલી ગંભીર દુર્ઘટના

ઈરાનમાં યૂક્રેનનું પ્લેન ક્રેશઃ તમામ ૧૭૬ મુસાફરોના મોત

બોઈંગ-૭૩૭ જેટ પ્લેન તેહરાનથી યુક્રેન જવા ઉડ્યન ભરતાં જ તૂટી પડ્યું, વિમાનમાં ૯ ક્રૂ મેમ્બર સહિત કુલ ૧૭૬ મુસાફરો સવાર હતા, ટેકનિકલ ખામીના કારણે પ્લેન ક્રેશ થયાનું તારણ

તહેરાન

ઈરાનના પાટનગર તેહરાનમાં એક ગંભીર વિમાન દુર્ઘટના ઘટી છે. તેહરાનના ઈમામ ખૌમેની આંતરાષ્ટ્રીય એરપોર્ટ નજીક જ યુક્રેનનું એક વિમાન ક્રેશ થયું છે. બોઈંગ ૭૩૭ મેકનું આ વિમાન ૧૭૬ પ્રવાસીઓ અને ક્રૂ મેમ્બર્સને લઈ જઈ રહ્યું હતું. વિમાનમાં ૧૬૭ પ્રવાસીઓ અને ૯ ક્રૂ મેમ્બર્સ હતા. પ્રાથમિક તપાસ અનુસાર વિમાનમાં કોઈ ટેક્નિકલ ખામી સર્જાતા વિમાન ક્રેશ થયું હોવાનું માલુમ પડ્યું છે. વિમાને ઉડાન ભર્યા બાદ થોડા જ સમયમાં ક્રેશ થઈ ગયું હતું. આ ભીષણ દુર્ઘટનામાં વિમાનમાં સવાર તમામ ૧૭૬ પ્રવાસીઓના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે. ઈરાનની રેડ ક્રિસેન્ટના પ્રમુખે જણાવ્યું કે વિમાન ક્રેશ થવાની દુર્ઘટનામાં વિમાનમાં સવાર ૧૭૬ પ્રવાસીઓના મોત નિપજ્યા છે. રેડ ક્રેસેન્ટ એ ઈરાનની બિન સરકારી માનવતાવાદી સંસ્થા છે. આ



અમેરિકા તરફ છોડેલી મિસાઈલોમાં ઈરાને પોતાનું જ ફૂંકી માર્યાની આશંકા વ્યક્ત કરાઈઃ મૃતકોમાં ૮૨ ઈરાની અને ૬૩ કેનેડિયનનો સમાવેશ

પ્લેને તેહરાનથી ઉડાન ભરી હતી અને કીએફ જઈ રહ્યું હતું. કીએફ યૂક્રેનની રાજધાની છે. મૃતકોમાં ૮૨ ઈરાની, ૬૩ કેનેડિયનનો સમાવેશ થાય છે.

જો કે, આ દુર્ઘટના કયા કારણસર ઘટી તે અંગે હજી કોઈ ચોક્કસ જાણકારી મળી શકી નથી. દુર્ઘટનાની જાણકારી મળતાની સાથે જ ઉડ્યન વિભાગની એક તપાસ ટીમ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. તેમજ રાહત અને બચાવ કામગીરી પણ હાથ ધરી લેવામાં આવી છે. મૃત્યુઆંક અંગે કોઈ પ્રાથમિક આંકડો જાહેર નથી કરાયો.

યુક્રેન જઈ રહેલું બોઈંગ ૭૩૭ જેટ વિમાન ટેક ઓફ કરતી વખતે જ દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. દુર્ઘટના સમયે વિમાનમાં ૧૮૦ પ્રવાસીઓ અને ક્રૂ મેમ્બર્સ સવાર હતા. ઉડ્યન વિભાગના પ્રવક્તા રઝા જાફરજાહેદે કહ્યું કે તેહરાનના દક્ષિણ-પશ્ચિમના બાહરી વિસ્તારમાં દુર્ઘટના

અનુ. પાના નં. ૮ પર

ઈરાકમાં અમેરિકી એરબેઝ પરના હુમલા બાદ ટ્રમ્પે કહ્યું, 'ઓલ ઈઝ વેલ'

વૉશિંગ્ટન

ઈરાન દ્વારા ઈરાકમાં બે અમેરિકી એરબેઝ પર કરવામાં આવેલા મિસાઈલ હુમલા બાદ પરિસ્થિતિ ખૂબ જ તણાવગ્રસ્ત થઈ ગઈ છે. અમેરિકાએ કહ્યું કે આ હુમલા પર તેમના ખાસ લોકો દ્વારા નજર રાખી રહ્યા છે. આ દરમિયાન અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વીટ કરીને કહ્યું કે, બધું જ એકદમ બરાબર છે. આ હુમલામાં કોઇપણ અમેરિકન સૈનિકનું મોત થયું નથી. ઈરાન દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ ટ્રમ્પે

અનુ. પાના નં. ૮ પર

ઈરાને ઈરાક સ્થિક સૈન્ય સ્થળો પર બે ડઝનથી વધુ મિસાઈલો છોડી

અમેરિકાના સૈન્ય ઠેકાણાઓ પર ઈરાનનો મિસાઈલ હુમલો

વૉશિંગ્ટન

ઈરાનના સૈન્ય કમાન્ડર કાસિમ સુલેમાનીની હત્યા બાદ બુધવારે વ્હેલી સવારે ઈરાને ઈરાક સ્થિત અમેરિકાના સૈન્ય ઠેકાણાંઓ પર લગભગ એક ડઝન જેટલી બેલેસ્ટિક મિસાઈલ વડે હુમલો કર્ય હતો. હાલ તો પેન્ટાગોન આ હુમલાથી અમેરિકાને કેટલું નુકસાન થયું છે તેનું આંકલન કરી રહ્યાં છે. આ વચ્ચે ઈરાનના મીડિયાએ દાવો કર્યો છે કે ઈરાનના મિસાઈલ એટકેમાં ૮૦ લોકોના મોત નિપજ્યા છે.

અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ વધી ગયો છે. આજે સવારે ઈરાને ઈરાક સ્થિત અમેરિકી સૈનિકોની ટુકડીઓ પર એક ડઝનથી વધુ મિસાઈલ છોડી હુમલો કર્યો છે. ઈરાકના અબરિલ અને અલ અસદ સૈન્ય બેઝ પર ઈરાને બેલેસ્ટિક મિસાઈલ છોડી હુમલો કર્યો છે. જમીનથી જમીન પર



અમેરિકી એરબેઝ પર મિસાઈલ હુમલો તેના ઘમંડ પર તમાચોઃ આયાતુલ્લા ખેમેની

ઈરાનની દૂબઈ અને ઈઝારયલનાં શહેર હફીઝાને નિશાન બનાવવાની ધમકી

તહેરાન

અમેરિકાના બેઝ પર હુમલા કર્યા બાદ ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા ખેમેનીએ આજે રાષ્ટ્રના નામે સંબોધન કર્યું હતું. હુમલાને ઈરાનની એક મોટી સફળતા ગણાવતા કહ્યું હતું કે, અમેરિકાની દાદાગીરી વિરૂદ્ધ અમે હંમેશા સંઘર્ષ કર્યો છે. સર્વોચ્ચ નેતાએ કહ્યું હતું કે, અમારા દ્વારા કરવામાં આવેલો હુમલો સફળ રહ્યો છે અને ગત રાત્રે અમે અમેરિકાનું અભિમાન તોડી સણસણતો તમાચો ઝીંક્યો છે. તેમણે જનરલ કાસિમ

અનુ. પાના નં. ૮ પર

હુમલો કરનારી મિસાઈલ ઈરાનના દ્વારા છોડવામાં આવી છે.

હુમલો કર્યા બાદ ઈરાને અમેરિકા અને અમેરિકી સૈનિકને જવાબી કાર્યવાહી ન કરવાની પણ ચેતવણી આપી છે. અમેરિકાએ પોતે પણ ઈરાન દ્વારા મિસાઈલ છોડી સૈનિક ટ્રેનિંગ બેઝ પર હુમલો થયા હોવાની પુષ્ટી કરવામાં આવી છે. ઈરાન તરફથી થયેલાં હુમલામાં કેટલાં અમેરિકી સૈનિકો ઘાયલ થયા છે, તેની કોઈ જાણકારી મળી નથી.

અમેરિકા પર થયેલા હુમલા બાદ ઈરાને એક ટીવી ચેનલમાં જણાવ્યું કે આ હુમલો જનરલ કાસિમ સુલેમાનીની મોતનો બદલો લેવા માટે કરવામાં આવ્યો છે. ઈરાનના હુમલા બાદ ઈઝરાયલ અને સાઉદી આરબમાં એલર્ટ છે. ઈરાને ઈઝરાયેલના હાઈફા અને સાઉદી આરબ પર પણ

અનુ. પાના નં. ૮ પર

ઈરાન સાથે તણાવઃ અમેરિકાએ ખાડી દેશો તરફની ફ્લાઈટ્સ પર પ્રતિબંધ મુક્યો

વૉશિંગ્ટન

અમેરિકન ઉડ્યન સંસ્થાએ ઈરાક, ઈરાન અને અખાતના એરસ્પેસમાંથી પસાર થતી તમામ નાગરિક ફ્લાઈટ્સને રદ કરવાનો આદેશ આપ્યો છે. ઈરાન સાથેની સ્થિતિ વણસતા અમેરિકાએ તકેદારીના ભાગરૂપે આ નિર્ણય લીધો છે. ઈરાને તેના જનરલ સુલેમાનીની હત્યા બદલ ઈરાક સ્થિત અમેરિકન લશ્કરના એરબેઝ પર બેલેસ્ટિક મિસાઈલ દ્વારા હુમલો કર્યો હોવાથી

અનુ. પાના નં. ૮ પર

ગુનેગારોને લગતી માહિતી અન્ય દેશોને આપ-લે કરવાનું બિલ પાક.સંસદમાં પસાર

ઈસ્લામાબાદ

પાકિસ્તાનની સંસદે પૅરિસમાંના ફાઈનાન્શિયલ ઍક્શન ટાસ્ક ફૉર્સ દ્વારા પોતાના પર પ્રતિબંધ ન મુકાય તે માટે ગુનેગારો અને તેઓને લગતી માહિતીની અન્ય દેશો સાથે આપલે કરવાની તૈયારી દર્શાવતો ખરડો પસાર કર્યો હતો.

ફાઈનાન્શિયલ ઍક્શન ટાસ્ક ફૉર્સે પાકિસ્તાનને ૨૦૨૦ના ફેબ્રુઆરી સુધી 'ગ્રે લિસ્ટ'માં રાખ્યું છે અને ચીમકી આપી હતી કે જો ઈસ્લામાબાદ પુછાયેલા ૨૭ સવાલમાંના ૨૨ મુદ્દાને નહિ અનુસરે તો તેને 'કાળી યાદી' (બ્લૅક લિસ્ટ)માં મુકાશે.

પાકિસ્તાને ૨૨ સવાલના જવાબ સાથેનો અહેવાલ ફાઈનાન્શિયલ ઍક્શન ટાસ્ક ફૉર્સને છઠ્ઠી ડિસેમ્બરે સુપરત કર્યો હતો.

પાકિસ્તાનની સંસદે 'આપસમાં કાનૂની સહાય (ફોજદારી બાબત) ખરડો ૨૦૧૯' પસાર કર્યો હતો. આ ખરડામાં પાકિસ્તાનની કસ્ટડીમાંના ગુનેગારની અન્ય દેશને (પ્રત્યર્પણના) કરાર વિના સોંપણી કરવાની જોગવાઈ છે.

પાકિસ્તાનના સંસદીય બાબતોને લગતા રાજ્ય કક્ષાના પ્રધાન અલી મહંમદ ખાને સંસદમાં ખરડો રજૂ કર્યો ત્યારે પાકિસ્તાન પીપલ્સ પાર્ટીએ તેનો વિરોધ કરતા તેને પાકિસ્તાનના નાગરિકોના મૂળભૂત અધિકારની વિરુદ્ધ ગણાવ્યો હતો.

અનુ. પાના નં. ૮ પર

પૂર્વોત્તરમાં ગેસ ગ્રિડ તૈયાર કરાશે, નિલાંચલ સ્ટીલ પ્લાન્ટનું રિ-ઈન્વેસ્ટમેન્ટ

કોલસા ખાણની હરાજીના નિયમને સરળ બનાવવાના અધ્યાદેશને મોદી કેબિનેટની મંજૂરી

ન્યુ દિલ્હી

કેન્દ્રીય મંત્રીમંડળે બુધવારે ઘણાં મહત્વના નિર્ણય લીધા છે. કેબિનેટે કોલસા ખાણની હરાજીના નિયમોને સરળ બનાવવા માટે ખનિજ કાયદો (સંશોધન) અધ્યાદેશ-૨૦૨૦ને મંજૂરી આપી દીધી છે. આ અધ્યાદેશ દ્વારા માઈન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ ૧૯૫૭ અને કોલ માઈન્સ (સ્પેશિયલ પ્રોવિઝન) એક્ટ ૨૦૧૫માં ફેરફાર થશે. ૪૬ માઈન્સની લીઝ ૩૧ માર્ચે ખતમ થઈ રહી છે. તેની ૩૧ માર્ચ પહેલાં અધ્યાદેશ દ્વારા હરાજી થાય તેવી શક્યતા છે. હરાજીમાં એ વાતનું ધ્યાન રાખવામાં આવશે કે બીજી કંપનીને સરળતાથી લીઝ ટ્રાન્સફર થઈ જાય અને પોડક્શન ચાલુ રહે. કેબિનેટમાં નીલાંચલ સ્ટીલ નિગમ લિમિટેડમાં હિસ્સો વેચવાની પણ મંજૂરી આપવામાં આવી છે.

આજે કેબિનેટ બેઠકમાં નીલાંચલ સ્ટીલ પ્લાન્ટનું રિ-ઈન્વેસ્ટમેન્ટ અને કોલસાની ખાણ વિશેના નિર્ણયો લેવામાં આવ્યા છે. આ બેઠકમાં મોદી સરકારનું ફોક્સ પૂર્વોત્તર ભારત તરફ રહ્યું છે. કેબિનેટ બેઠકમાં ૮ રાજ્યોમાં ગેસ ગ્રિડ તૈયાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે માટે ઈંગ્લેન્ડ સાથે એનર્જી મામલે કરવામાં આવેલી સમજૂતીને પણ કેબિનેટમાં મંજૂરી આપવામાં આવી છે.

કેબિનેટની બેઠકમાં કોલસાની ખાણમાં વ્યવસાયિક ખનન માટેનો માર્ગ મોકળો કરી દેવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે કહ્યું કે, કોલસાની માંગ ભારતમાં ઘણી વધારે છે. ભારતમાં કોલસો પૂરતા પ્રમાણમાં હોવા છતા આપણે વિદેશોમાંથી આયાત કરીએ છીએ. કેન્દ્રીય મંત્રી પ્રહ્લાદ જોશીએ જણાવ્યું કે, કોલ ઈન્ડિયાને જે સપોર્ટ જોઈએ, તે અમે આપવા માટે તૈયાર છીએ અને તેમને પૂરતા કોલ બ્લોક આપવામાં આવશે.

આ સિવાય ગુજરાતના જામનગરમાં આયુર્વેદિક સંસ્થાને ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈમ્પોર્ટન્સ આપવાનો નિર્ણય પણ કેબિનેટ બેઠકમાં કરવામાં આવ્યો

અનુ. પાના નં. ૮ પર

જંગ એ ગુજરાતના તંત્રી ધનંજય ઝવેરીની ઓળખ

ઓમ... આ નશ્વર દેહને ૬૧ વર્ષ પહેલાં ધારણ કર્યો હતો જગતના રંગ મંચ પર પાપા પગલી ભરી, ડગલાં



ભર્યા, ક્યારેક હરણફાળ ભરી, જગતને માણી લીધું, નજીકથી દુનિયાના ઝાંઝવાના નીર જોયા ક્યારેક પ્રગતિ મળી ક્યારેક જિંદગીના ગણિત ખોટા પડ્યા કોઈએ સંગાથ આપ્યો, કોકનો સંગાથ જિંદગીના મધદરિયે છૂટ્યો, કોઈકે હાથ પકડ્યો વળી બેઠો થયો, ફરી ફાની દુનિયાની ઘટમાળ શરૂ થઈ અને હવે અંતેવાસી થવાનો સમય દોડતો આવી રહ્યો છે મને ગર્વ છે મેં ભોગવ્યું પણ ભૂલી ગયો હવે ધ્યેય એકજ છે બાકીનું આયખું માનવી બની માનવ જગતના શ્રેયાર્થે અને પ્રેયર્થે શ્રી હરિ ડગલાં ભરાવે અને આ જગતમાં રોતો આવ્યો પણ હસતો જાઉં એજ પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.ઓમ...

સૌનો

ધનંજય (આ દુનિયાએ આપેલી શરીરની ઓળખ)

ભારત બંધની પ.બંગાળમાં વ્યાપક અસર, રેલ્વે ટ્રેક પરથી ચાર લાઈવ બોમ્બ મળ્યા

સરકારની નીતિઓ વિરુદ્ધ આપેલા ભારત બંધને મિશ્ર પ્રતિસાદ

ટીએમસી-વિદ્યાર્થી સંઘના કાર્યકરો વચ્ચે બંધ દરમિયાન બંગાળમાં ઘર્ષણ,પંજાબમાં દેખાવકારોએ અમૃતસરમાં રેલવે ટ્રેકને બ્લોક કર્યો, કુચ બિહારમાં બસ પર ટોળાએ પથ્થરમારો કર્યો, ભુવનેશ્વરમાં બસના ડ્રાઈવરોએ પહેર્યા હેલમેટ







ન્યુ દિલ્હી

દેશના વિવિધ ૧૦ જેટલા શ્રમિક સંગઠનો સહિત ૯ બેંક કર્મચારી સંગઠનો દ્વારા મોદી સરકારની ખાનગીકરણની નીતિઓની વિરૂધ્ધ આજે ૮ જાન્યુઆરીએ અપાયેલા ભારત બંધને મિશ્ર પ્રત્યાઘાત સાંપડ્યો હતો. બંગાળમાં ટ્રેનને રોકવાનો પ્રયાસ થયો હતો. મોટા શહેરોમાં શ્રમિકોએ રેલીઓ યોજીને સૂત્રોચ્ચારો અને ધરણાં પ્રદર્શન યોજીને પોતાની માંગણીઓ અંગે કેન્દ્ર સરકારનું ધ્યાન આકર્ષિત કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે કેટલાક સ્થળોએ રેલ સેવા, બેન્કિંગ સેવાઓ પર વધુ અસર જોવા મળી હતી. હડતાલમાં જોડાયેલા શ્રમિકોના પત્થરમારાથી બચવા સીલીગુડીમાં બસ ડ્રાઈવરો હેલમેટ પહેરીને બસ હંકારતા નજરે પડ્યા હતા. ભારત બંધની સૌથી વધુ અસર પ.બંગાળમાં જોવા મળી હતી. અત્યાર સુધી કુલ ૪૨ ટ્રેનો રદ કરવામાં આવી છે.

પશ્ચિમ બંગાળમાં ભારત બંધની સૌથી વધુ અસર જોવા મળી રહી હતી. અહીં ઉત્તર ૨૪ પરગનાના હદયપુર સ્ટેશન પાસે રેલવે ટ્રેક પર પોલીસે ચાર લાઈવ બોમ્બ જપ્ત કર્યા છે. બંગાળમાં વામપંથી સંગઠન કોલકાતા સહિત અન્ય ક્ષેત્રોમાં ભારે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. અહીં સવારે ૬ વાગ્યેથી જાદવપુર અને અન્ય સ્થળોથી વામપંથી સમર્થક રાજ્યના કેટલાય વિસ્તારોમાં પ્રદર્શન કરી રહ્યા હતા. કેટલાક સ્થળોએ ખાસ કરીને બજારોમાં પ્રદર્શનકારીઓએ ટાયરમાં પણ આગ લગાવી દીધી છે. હદરા અને જાદવપુર જેવા સંવેદનશીલ સ્થળો પર કોઈપણ અપ્રિય ઘટનાથી બચવા માટે રસ્તાના કાંઠે સ્ટોલ લગાવનારાઓએ માથે હેલમેટ પહેરી રાખ્યા છે. પ્રદર્શનકારીઓએ આ લોકો પર પથ્થરમારો કર્યો છે. સ્થિતિ નિયંત્રણમાં લેવા માટે પોલીસબળની સંખ્યા વધારી દેવામાં આવી હતી.

પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગના જિલ્લાના કાંચરાપાડામાં દેખાવકારોએ રેલવે ટ્રેક બંધ કરાવ્યા, જ્યારે સિલીગુડીમાં ઉતર બંગાળ સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના બસ ડ્રાઈવરોએ હેલમેટ પહેરીને બસ ચલાવી હતી. મુંબઈમાં ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના કર્મચારીઓએ ભારત પેટ્રોલિયમમાં વિનિવેશના ચુકાદાની વિરુદ્ધ દેખાવ કર્યો. જ્યારે ચેન્નાઈમાં માઉન્ટ રોડ પર કર્મચારીઓએ દેખાવ કર્યા હતા.

ઑલ ઈન્ડિયા રેલવેમેન્સ ફેડરેશન અને વેસ્ટર્ન રેલવે કર્મચારી યૂનિયનએ વિવિધ સ્થળોએ આદોલનો કરીને બંધને સફળ બનાવવાના પ્રયાસો કર્યા હતા.

ભારત બંધમાં ભારતીય વ્યાપાર સંઘ, ઓલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન સેન્ટર, હિન્દ મજદૂર સભા (એચએમએસ), સ્વ-રોજગાર મહિલા સંઘ, ઓલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસ(એઆઈટીયુસી), લેબર પ્રોગ્રેસિવ ફેડરેશન સામેલ છે. આ સિવાય(એલપીએફ), યુનાઈટેડ ટ્રેડ યુનિયન કોંગ્રેસ(યુટીયુસી), ઓલ ઈન્ડિયા સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ટ્રેડ યુનિયન્સ (એઆઈસીસીટીયુ), ઈન્ડિયન નેશનલ ટ્રેડ યુનિયન કોંગ્રેસ (આઈએનટીયુસી) અને ટ્રેડ યુનિયન કોઓર્ડિનેશન સેન્ટરે સમર્થન કર્યું છે. હડતાળમાં ૨૫ કરોડ કર્મચારીઓ સામેલ થયા હોવાનો દાવો કરાયો હતો.

ખેડૂત સંગઠનોના જણાવ્યાં મુજબ, સમગ્ર દેશમાં ૨૪૯ ખેડૂત સંગઠન અને ૮૦ વિદ્યાર્થી સંગઠનોએ આ બંધને સમર્થન આપ્યું હતું.

નિફ્ટી ૨૮ અંકના ઘટાડા સાથે ૧૨૦૨૫ની સપાટીએ

દિવસના અંતે શેરબજાર કવરઃ સેન્સેક્સ ૫૨ અંક ઘટી ૪૦,૮૧૭ના સ્તરે

મુંબઈ

અમેરિકા અને ઈરાનમાં તણાવની સ્થિતિ વધતી જઈ રહી છે, ઈરાનએ બૈલિસ્ટિક મિસાઈલથી ઈરાકમાં અમેરિકન સેનાના ઠેકાણાઓ પર હુમલો કર્યો. આ તણાવની સ્થિતિ દરમિયાન તેલની કિંમતોમાં વધુ એક વખત ઉછાળો આવ્યો છે. આ હાલાતમાં બુધવારએ ભારતીય શેર બજારમાં વેચાણ વધી ગયું. અઠવાડિયાના ત્રીજા દિવસે કારોબારી દિવસની શરૂઆતમાં સેંસેક્સ ૩૮૦ અંકના ઘટાડા સાથે ૪૦,૫૦૦ અંકની નીચે કારોબાર કરી રહ્યો હતો તો ત્યાં જ નિફ્ટી પણ ૮૦ અંકના ઘટાડા સાથે ૧૧,૯૫૦ અંકના સ્તર પર આવી ગઈ હતી.

દિવસના અંતે શેર માર્કેટએ કવર કર્યું હતું અને સેંસેક્સ ૫૧.૭૩ના ઘટાડા સાથે ૪૦,૮૧૭ પર થયો હતો. ત્યાં નિફ્ટી ૨૭.૬૦ના ઘટાડા સાથે ૧૨,૦૨૫ બંધ થઈ હતી.

બજારની અત્યાર સુધીની ચાલ પર નજર કરીએ તો ખરાબ ગ્લોબલ ખબરો આવવા છતા શેર બજાર નીચલા સ્તરથી રિકવર કર્યું હતું. નીચેથી બેંક નિફ્ટીમાં ૩૦૦ અંકનો સુધારો જોવા મળ્યો છે. સીમેન્ટ શેરોમાં બીજા દિવસે પણ તેજી જોવા મળી. કેમિકલ શેરો અને તેની સાથે જોડાયેલા શેરો પણ આજે દોડ્યા છે. પ્રાઈવેટ બેંક, કેપિટલ ગુડ્સ અને મેટલ શેરોમાં નુક્સાન જોવા મળ્યું.

અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમતમાં ૫ ટકા સુધીનો ઉછાળો આવી ગયો. ખરેખર ઈરાને મંગળવારની રાત્રે જવાબી કાર્યવાહી કરતા અરાક સ્થિત અમેરિકન એરબેસ પર બૈલિસ્ટિક મિસાઈલથી હુમલો કર્યો. ત્યાં જ ઈરાનની સરકારે એક ઠરાવ પસાર કરી તમામ અમેરિકન દળોને આતંકવાદી ગણાવ્યા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ શુક્રવારે વધી ગયો હતો, જ્યારે અમેરિકાએ બગદાદમાં ડ્રોન હુમલો કરી ઈરાનનાં જનર કમાન્ડર કાસિમ સુલેમાનીને મોતને ઘાટ ઉતાર્યો હતો.

સર્વર રૂમ પર હુમલો સુનિયોજિત રીતે કરવામાં આવ્યોઃ જેએનયુ વાઈસ ચાન્સેલર

ન્યુ દિલ્હી

જવાહરલાલ નહેરૂ યૂનિવર્સિટીમાં રવિવાર રાત્રે થયેલી હિંસાને લઈને વાઈસ ચાન્સેલર જગદીશ કુમારે એક ખાનગી ચેનલ સાથે વાતચીત કરી. જગદીશ કુમારે આ વાતચીતમાં અનેક ખુલાસાઓ કર્યા છે. જગદીશ કુમારે કહ્યું કે, સર્વર રૂમ પર હુમલો સુનિયોજિત રીતે કરવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ કેબલ ખેંચ્યો અને સિસ્ટમને રીસ્ટોર કરવામાં ૩ દિવસ લાગ્યા.

તેમણે જણાવ્યું કે, ચીફ પ્રોક્ટર અને દિલ્હી પોલીસ સંપૂર્ણ ઘટનાની તપાસ કરી રહી છે. વીસી જગદીશ કુમારે કહ્યું કે, અમારા તમામ ઑપરેશન આ સર્વર પર આધારિત છે. પછી ભલે તે ડિગ્રી હોય અથવા કોઈપણ સહાયતા. ડેટા સેન્ટર પર હુમલાથી સંપૂર્ણ કામકાજ ઠપ થઈ ગયું. તેમણે કહ્યું કે, નકાબધારી વિદ્યાર્થીઓ યૂનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ નહોતા. અમે હુમલાખોરો પર કોઈ ધારણા બનાવવા નથી ઈચ્છતા.

તેમણે કહ્યું કે, રવિવારનાં યૂનિવર્સિટીમાં જે પણ થયું એ નહોતુ થવું જોઈતુ. યૂનિવર્સિટીમાં હિંસા ક્યારેય ના થવી જોઈએ. તેમણે જણાવ્યું કે, રવિવાર રાતનાં ૧૫૦ વિદ્યાર્થીઓ હૉસ્ટેલ તરફ આગળ વધ્યા. ત્યારબાદ જેએનયૂનાં સુરક્ષા કર્મીઓ ત્યાં પહોંચ્યા અને જ્યારે સ્થિતિ ગંભીર થઈ તો અમે પોલીસને અંદર બોલાવી.

શાહ ચૂંટણી પ્રચારમાં જ્યાં ગયા ત્યાં સીસીટીવી કેમેરા હતા

ગૃહમંત્રી અમિત શાહનું જૂઠાણું સીસીટીવીમાં કેદઃ મનીષ સિસોદિયા

ન્યુ દિલ્હી

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીનું બ્યૂગલ વાગતા જ આરોપ-પ્રત્યારોપનો દૌર જોવા મળી રહ્યો છે. સીસીટીવી કેમેરાના મુદ્દે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આપેલા નિવેદન પર, આમ આદમી પાર્ટી વતી મનીષ સિસોદિયાએ વીડિયો જાહેર કરતાં કહ્યું કે અમિત શાહ જૂઠું બોલે છે. તેમણે કહ્યું કે અમિત શાહ ચૂંટણી પ્રચારમાં જ્યાં ગયા ત્યાં સીસીટીવી કેમેરા હાજર હતા. વળી, અમિત શાહ તે કેમેરામાં કેદ થઈ ગયા છે.

મનીષ સિસોદિયાએ પ્રેસ કોન્ફરન્સ કરી સીસીટીવી ફુટેજ જાહેર કર્યા છે, જેમાં ભાજપ અધ્યક્ષ નાગરિકતા કાયદા પર લોકોને માહિતગાર કરવા દિલ્હીના લાજપતનગરમાં ડોર ટૂ ડોર કેમ્પેઈન કરતા નજરે પડે છે. આપ સરકારે દાવો કર્યો કે અમિત શાહ જે ગલીમાં ફરી રહ્યાં હતા ત્યાં ૧૬ સીસીટીવી કેમેરા લાગેલા છે. ૬ જાન્યુઆરી દિલ્હીમાં એક સભા સંબોધતા અમિત શાહે કહ્યું હતું કે દિલ્હી સરકારે રાજધાનીમાં ૧૫ લાખ કેમેરા લગાડવાનો વાયદો કર્યો હતો પરંતુ જનતા હવે ૧૫ લાખ સીસીટીવી કેમેરા શોધી રહી છે.

ઉલ્લેખનીય છે કેનીષ સિસોદિયાએ કહ્યું કે, આમ આદમી પાર્ટીએ ૨૦૧૫ની વિધાનસભાની ચૂંટણી દરમિયાન વચન આપ્યું હતું કે દિલ્હીની મહત્વપૂર્ણ જગ્યાઓ અને બસોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે. આ વચન અરવિંદ કેજરીવાલ સરકારે પૂરું કર્યું છે.

મનીષ સિસોદિયાએ પાર્ટી મુખ્યાલયમાં કહ્યું કે હું બે-ત્રણ દિવસથી ગૃહમંત્રી અમિત શાહનું ભાષણ સાંભળી રહ્યો છું અને તેઓ સતત જાહેરમાં કહે છે કે દિલ્હી સરકારે દિલ્હીની ગલીઓમાં સીસીટીવી કેમેરા લગાવવાનું વચન આપ્યું હતું, પરંતુ જનતા હવે સીસીટીવી કેમેરા શોધી રહી છે.

સીઆઈસીએ સરકારને નિર્દેશ આપ્યો

ઈલેક્ટોરલ બોન્ડ થકી રાજકીય પાર્ટીઓને ફંડ આપનારનું નામ જાહેર કરાશે

ન્યુ દિલ્હી

વર્ષ ૨૦૧૮માં મોદી સરકારે એ દાવા સાથે ઈલેક્ટોરલ બૉન્ડની શરૂઆત કરી હતી કે, તેનાથી રાજકીય ફંડિગમાં પારદર્શિતા વધશે અને સાચુ ધન આવશે. જોકે, સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશનએ મોદી સરકારને મોટો ઝટકો આપ્યો છે. સીઆઈસીએ પોતાના એક મહત્વપૂર્ણ નિર્ણયમાં સરકારને નિર્દેશ આપ્યો છે કે, ઈલેક્ટોરલ બૉન્ડ દ્વારા રાજકીય પાર્ટીઓને ફંડ આપનારનું નામ જાહેર કરવું પડશે.

સીઆઈસીએ સરકારને નિર્દેશ આપ્યો છે કે, તેઓ એ ફંડ આપનારાઓનું નામ જાહેર કરે જેમણે અપીલ કરી હતી કે, તેમના નામ જાહેર ન કરવામાં આવે.

વર્ષ ૨૦૧૮માં મોદી સરકારે એ દાવા સાથે ઈલેક્ટોરલ બૉન્ડની શરૂઆત કરી હતી કે, તેનાથી રાજકીય ફંડિગમાં પારદર્શિતા વધશે અને સાચુ ધન આવશે. મોદી સરકારે વ્યવસ્થા કરી હતી કે, કોઈપણ દાતા પોતાની ઓળખ છુપાવતા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાથી એક કરોડ રૂપિયા સુધીના મુલ્યના ઈલેક્ટોરલ બૉન્ડ ખરીદી પોતાની પસંદગીની રાજકીય પાર્ટીને ફંડના રુપે આપી શકે છે.

આ વ્યવસ્થા ફંડ આપનારાઓની ઓળખ જાહેર નથી કરતી અને તેને ટેક્સથી પણ છુટ પ્રાપ્ત છે. જોકે, એ સમયે તેના પર વિવાદ થયો હતો અને જાણકારોએ કહ્યું હતું કે, તેનાથી ચૂંટણી ફંડિગમાં અપારદર્શિતા વધશે અને વિદેશી ફંડ પણ રાજકીય પાર્ટીઓને સરળતાથી મળવા લાગશે. આ મામલે રિઝર્વ બેંકએ પણ સરકારને ચેતવણી આપી હતી પરંતુ એ સમયે રિઝર્વ બેંકની સલાહ પર મોદી સરકારે બાજુ પર રાખતા તેને જાહેર કરી હતી.

હવે ખાદ્યતેલોમાં થશે ભડકો, મલેશિયાથી પામતેલની આયાત પર પ્રતિબંધ

ન્યુ દિલ્હી

પેટ્રોલ-ડીઝલના ભાવવધારાની સાથે હવે ખાદ્યતેલોના ભાવમાં ભડકો સામાન્ય માણસની કમર તોડી નાંખશે. કારણ કે ભારત સરકારે મલેશિયામાંથી પામતેલની આયાત બંધ કરવાના નિર્દેશ આપ્યો છે. ભારત સરકારે ખાદ્યતેલ રિફાઈનરીઓ અને આયાતકારોને મલેશિયાથી પામતેલની આયાત બંધ કરવાનો અનૌપચારિક નિર્દેશ આપ્યો છે. તેમને મલેશિયાના બદલે ઈન્ડોનેશિયામાંથી પામતેલની આયાત કરવાનું સુચન કર્યું છે. તાજેતરમાં આવું બીજી વખત બનશે જ્યારે ભારતીય આયાતકારો મલેશિયાથી પામતેલની આયાત બંધ કરશે. પામતેલની આયાત ઘટતા સ્થાનિક સ્તરે ખાદ્યતેલોના ભાવમાં વધુ ભડકો થશે. આમ પણ છેલ્લા દોઢ બે મહિનામાં મોટાભાગના ખાદ્યતેલોના ભાવ વધ્યા છે ત્યારે સરકારનો આ આદેશ મોંઘવારીના માર વચ્ચે સામાન્ય પ્રજા માટે મોટી સમસ્યા સર્જશે.

અગાઉ જમ્મુ-કાશ્મીરમાંથી વિશેષ કલમ-૩૭૦ હટાવાઈ તે વખતે પણ મલેશિયન સરકારે ભારત સરકારની વિરુદ્ધમાં નિવેદન આપ્યું હતું અને આ વખતે સીએએ એટલે કે નાગરિકતા કાયદા અંગે પણ વિરોધાભાસી નિવેદન આપીને વિવાદ છંછેડ્યો છે. સરકાર અને ઉદ્યોગ જગતના સુત્રોનું કહેવું છે કે મલેશિયા તરફથી દેશના નવા નાગરિકતા કાયદા અંગે આવેલા નિવેદનને પગલે સરકારે આ નિર્ણય લીધો છે.

આરબીઆઈ આર્થિક સંઘર્ષ કરતી ખાનગી ક્ષેત્રની બેંકોની હરાજી કરશે

ન્યુ દિલ્હી

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) ઘણા લાંબા સમયથી આર્થિક સ્થિતિથી સંઘર્ષ કરતી ખાનગી ક્ષેત્રની બેંકોની હરાજી કરવાની યોજના બનાવી રહી છે. કેન્દ્રીય બેંક ઝડપી સુધારણાત્મક કાર્યવાહી (પીસીએ) હેઠળ જાહેર અને ખાનગી બેંકો માટે અલગ નિયમનકારી વ્યવસ્થાઓ અપનાવવા માગે છે. ખાનગી બેંકોની હરાજી આ યોજનાનો એક ભાગ છે. આરબીઆઈના એક અધિકારીએ કહ્યું કે, બેંક નિયમનકાર પીસીએમાં સામેલ ખાનગી બેંકો માટે વહેલી તકે તેમાંથી બહાર નીકળવાની વ્યવસ્થા કરવાની વિચારણા કરી રહ્યું છે. આ અંતર્ગત બેંકોની હરાજી થવાની શક્યતા શોધવામાં આવી રહી છે.

સૂત્રએ કહ્યું કે, ખાનગી બેંકો પીસીએ માળખામાં કાયમ રહી શકતી નથી. જો પ્રમોટરો લાંબા સમય સુધી બેંકને પાટા પર લાવવામાં નિષ્ફળ જાય તો આરબીઆઈ આવી બેંકોની સંપત્તિ, જવાબદારીઓ અને કામગીરીની હરાજી કરી શકે છે. આ માટે એક યોજના તૈયાર કરવામાં આવી રહી છે. અત્યાર સુધી આરબીઆઈએ મર્જર દ્વારા ખાનગી બેંકોની નબળી આર્થિક સ્થિતિને સુધારવા માટે હસ્તક્ષેપ કર્યો છે.

આરબીઆઈએ છેલ્લે સપ્ટેમ્બર ૨૦૦૬માં આવો હસ્તક્ષેપ કર્યો હતો. યુનાઈટેડ વેસ્ટર્ન બેંક (યુડબ્લ્યુબી)ના ખસ્તા મૂડી આધારને કારણે કેન્દ્રીય બેંકે તેના પર પ્રતિબંધ મૂક્યો હતો. આ પછી, ૧૭ સંસ્થાઓએ તેમાં રસ દાખવ્યો હતો અને આરબીઆઈ દ્વારા યુડબ્લ્યુબીના કામકાજ પર એક મહિના પ્રતિબંધ મૂક્યા પછી, તેને આઈડીબીઆઈમાં મર્જ કરવાનો નિર્ણય કર્યો હતો. ૨૦૦૪ પહેલા આરબીઆઈએ ખાનગી ક્ષેત્રની ગ્લોબલ ટ્રસ્ટ બેંક પર ત્રણ મહિનાની મુદત બાદ તેને જાહેર ક્ષેત્રની ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સમાં મર્જ કરી દીધી હતી. જો કે, તેણે હજુ સુધી કોઈ નબળી બેંકની હરાજી કરી નથી.

કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

૨જે ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત
Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૧ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨
૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

અશ્લીલ સાઈટની જાળ

અશ્લિલ સાઈટોને બંધ કરવા માટેની ટોપના સ્તરે રજૂઆત કરવામાં આવ્યા બાદ અને જુદા જુદા સંગઠનો તરફથી વિરોધ પ્રદર્શન તેમજ વાલીઓની વ્યાપક ફરિયાદ બાદ પણ અશ્લીલ અને પોર્ન સાઈટ સરળ રીતે ઉપલબ્ધ છે. બે દશકના ગાળામાં દુષ્કર્મ કરનાર નાની વયના યુવાનોની સંખ્યામાં રેકોર્ડ ગતિથી ચિંતાજનક રીતે વધારો થયો છે. આની પાછળ કેટલાક કારણો તો બિલકુલ દેખીતા છે. પ્રત્યક્ષ રીતે ઈન્ટરનેટના માધ્યમથી ઉપલબ્ધ અશ્લીલ સાઈટ્સ સરળ રીતે જોઈ શકાય છે. આના દુષણના કારણે આ બનાવો વધી રહ્યા છે. અલબત્ત સરકારે અશ્લીલ સાઈટ્સ અથવા તો પોર્ન સાઈટ્સ પર પ્રતિબંધ મુકવા માટે અને તેને નિયંત્રિત કરવા માટે તમામ પગલા લીધા હોવા છતાં તેની અસરકારકતા ઘટી રહી નથી. આની પાછળ પણ આ સાઈટ્સને લઈને યુવાનો ખેંચાઈ રહ્યા હોવાના કારણને જોઈ શકાય છે. કોમ્પ્યુટર અને મોબાઈલ પર ઈન્ટરનેટ ગેમ રમવાની બાબત બાળકોને નુકસાન કરી રહી છે. બાળકો પણ મોટી વયના લોકોની જેમ જ ઈન્ટરનેટ તરફ કેન્દ્રિત થઈ રહ્યા છે. ક્યા ક્યા પ્રકારની સામગ્રી જોવામાં આવી રહી છે. આના પર ખુબ ઓછા લોકોનુ ધ્યાન કેન્દ્રિત થાય છે. આના કારણે બાળકોના શિક્ષણને માઠી અસર થઈ રહી છે. સાથે સાથે બાળકોની માનસિક સ્થિતી પણ ખરાબ થઈ રહી છે. કેટલાક કેસોમાં તો તેમને પુન વસવાટ કેન્દ્રોમાં પણ મોકલી દેવામાં આવે છે. હાલમાં કેન્દ્ર સરકારે સ્વાગતરૂપ પહેલ કરીને અશ્લીલ સાઈટ્સ ધરાવતી સંસ્થાઓ પર કાર્યવાહી કરી હતી. સાથે સાથે અશ્લીલ સામગ્રી પિરસતી સેંકડો સાઈટ્સ પર પ્રતિબંધ લાદી દીધા હતા. આ સાઈટ્સને બંધ કરવાના આદેશ જારી કરી દીધા હતા. ઉલ્લેખનીય છે કે ૨૦૧૫માં કોર્ટે અશ્લીલ સાઈટ્સ બંધ કરવાના સંબંધમાં કેન્દ્ર સરકાર પાસેથી જવાબની માંગ કરી હતી. એ વખતે સરકારે ચાઈલ્ડ પોર્નોગ્રાફી પર પ્રતિબંધ મુકવા માટેની સહમતિ દર્શાવી હતી. પરંતુ સિવિલ લિબર્ટિજ અને તમામ સંગઠનોએ એમ કહીને આની સામે વાંધો ઉઠાવ્યોહતો કે કોઈ વ્યક્તિને એકાંતમાં કોઈ પોર્નોગ્રાફી ફિલ્મ જોવાથી કેમ રોકી શકાય છે. પરંતુ આ માત્ર વ્યક્તિ સ્વતંત્રતાનો પ્રશ્ન નથી. શુ ઈન્ટરનેટનો ઉપયોગ કરનાર વ્યક્તિને મર્યાદિત કરી શકાય છે. વર્તમાન સમયમાં આવી કોઈ વ્યવસ્થા નથી જેના કારણે કોઈ નિયંત્રિત ચીજો પુખ્તવયના લોકો સુધી મર્યાદિત રહે. બાળકો ક્લીક કરે ત્યારે આવી કોઈ સાઈટ્સ ન ખુલી જાય. આવી સ્થિતીમાં અશ્લીલ સાઈટ્સોને ચલાવવા માટેની બાબત કેટલી વાજબી છે. ચોક્કસપણે બાળકો સુધી આની ઉપલબ્ધતા ખતરનાક છથે. સાથે સાથે વિકૃતિ સમાન છે. અમને આ બાબતને તાર્કિદની રીતે સમજી લેવાની જરૂર છે. અમારા દિમાગની બનાવટ એવા પ્રકારની છે કે જે ચીજો વ્યક્તિ વારંવાર જુએ છે અને નિહાળે છે, વાંચે છે તેની અસર તેના પર થાય છે. આ પ્રકારની બાબત તેની વિચારવાની શક્તિ પર અસર કરતી નથી પરંતુ સાથે સાથે તેને અન્ય રીતે નુકસાન પણ કરે છે. જે ચીજો વારંવાર વ્યક્તિ નિહાળે છે અને અનુભવ કરે છે તે બાબતને વ્યક્તિ સ્વીકાર કરવા લાગે છે. જેથી પોર્ન સિનેમા અથવા તો કોઈ ડિજિટલ માધ્યમથી પિરસવામાં આવતી પોર્ન ફિલ્મોની અસર તેના દિમાગ પર સીધી રીતે થાય છે.

અશ્લીલ સાઈટોને ચાલુ રાખવા માટેની બાબત કેટલી વાજબી છે તેની ચર્ચા છેડાઈ

ઈરાન-અમેરિકા કટોકટીએ ભારતની ટેન્શનને વધારી દીધી...

કટોકટીની ભારત પર માઠી અસર થશે

ઈરાન અને અમેરિકા વચ્ચે ઉભી થયેલી વિસ્ફોટક સ્થિતીના કારણે સમગ્ર દુનિયાની ઉંઘ હરામ થઈ ગઈ છે. અખાત દેશોથી મોટા પાયે તેલની આયાત કરનાર ભારત માટે સ્થિતી મુશ્કેલ બની રહી છે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સંબંધો પર પણ તેની અસર થઈ શકે છે. ભારતના અમેરિકા અને ઈરાન બંને દેશો સાથે સારા સંબંધો રહેલા છે. જો કે વર્તમાન સ્થિતી ભારતને વધારે જટિલ સ્થિતીમાં મુકી શકે છે. ભારતના અમેરિકા અને ઈરાન બંને દેશો સાથે સારા સંબંધ રહેલા છે. ભારતીય વિદેશ પ્રધાન એસ જયશંકરે હાલમાં તહેરાનની યાત્રા કરી હતી. જ્યારે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક દિવસ પહેલા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોન પર વાત કરી હતી. જો આવી સ્થિતીમાં જો ટેન્શન ખતમ થશે નહીં તો ભારત માટે મુશ્કેલરૂપ સ્થિતી ઉભી થઈ શકે છે. ઈરાનના જનરલ કાસિમ સુલેમાનીની અમેરિકાના હુમલામાં મોત થયા બાદ પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે ટેન્શનની માઠી અસર થઈ શકે છે. ભારત પણ આનાથી બાકાત રહેશે નહીં. ભારત પર આની સીધી અસર તેના વિદેશ નીતી, એનર્જી સાથે જોડાયેલા પક્ષ અને આશરે એક કરોડ ભારતીયોની રોજગારી પર પડી શકે છે.અખાત દેશોમાં હાલમાં ભારતના આશરે એક કરોડ લોકો કામ કરી રહ્યા છે. ભારતને પોતાના આ નાગરિકોની પણ ચિંતા કરવાની રહેશે. વર્ષ ૧૯૯૦-૯૧માં અખાત કટોકટી સર્જાઈ ત્યારે ભારતના ફસાયેલા હજારોની સંખ્યામાં ભારતીયો પર અસર થઈ હતી. એ વખતે ભારતીયોને કુવેત અને બીજી જગ્યાએથી કાઢી લેવાની બાબત પડકારરૂપ થઈ હતી. એવી જ સ્થિતી જો ફરી સર્જાશે તો ભારતની મુશ્કેલીમાં અનેક ગણો વધારો થઈ શકે છે. ઈરાનના એક્શન બાદ આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની કિંમતોમાં ઉલ્લેખનીય વધારો થયો



અમેરિકા અને ઈરાન બંને દેશો સાથે ભારતના નજીકના સંબંધો હોવાથી દુવિધા : તેલ કિંમતો વધશે, એક કરોડ લોકોની સુરક્ષા પણ પડકારરૂપ

છે. ભારત પોતાની જરૂરિયાતો પૈકી તમામ જરૂરિયાતો અખાત દેશોમાંથી પૂર્ણ કરે છે. આ ટેન્શનના કારણે આયાત પર માઠી અસર થશે અને તેલની કિંમતોમાં રેકોર્ડ વધારો થઈ શકે છે. ટેન્શનના કારણે શેરબજારમાં હાલ રેકોર્ડ ઘટાડો જારી રહી શકે છે. સોનાની કિંમતમાં રેકોર્ડ ઉછાળો આવી શકે છે. ઈરાકમાં હવે ઉભી થયેલી સ્થિતીને ધ્યાનમાં લઈને ભારતીયોને આગામી આદેશ સુધી ઈરાકની યાત્રા ન કરવાની સલાહ આપવામાં આવી છે. વિદેશ મંત્રાલય દ્વારા આદેશ જારી કરીને કહેવામાં આવ્યુ છે કે ઈરાકમાં રહેતા ભારતીય લોકોને હાલમાં સતર્ક રહેવાની જરૂર છે. ત્યાં બિન જરૂરીરીતે બહાર ન નિકળવા માટે કહેવામાં આવ્યુ છે. બગદાદમાં અમારા હાઈ કમીશન અને ઈરબિલ સ્થિત કાઉન્સુલેટ સામાન્ય રીતે કામકાજને જારી રાખશે. સાથે સાથે ઈરાકમાં રહેતા ભારતીયોને તમામ પ્રકારની સેવાને જારી રાખવામાં આવનાર છે. ઈરાનમાં ચાબહાર પોર્ટ છે. જેને ભારતની મદદથી બનાવવામાં આવ્યુ છે. હકીકતમાં ચારેબાજુથી જમીનથી ઘેરાયેલા અફઘાનિસ્તાન સુધી સીધી રીતે પહોંચી જવામાં પાકિસ્તાન દ્વારા વાંધો ઉઠાવવામાં આવે છે. જેથી આ સમસ્યાથી બહાર નિકળી જવા માટે ભારતે ઈરાનના રસ્તા સામાન મોકલી દેવાનો નિર્ણય કર્યો હતો. આના માટે ભારતમાં ઈરાનના ચાબહાર પોર્ટમાં અબજો રૂપિયાનુ રોકાણ કરવામાં આવ્યુ છે. ઈરાનથી અફઘાનિસ્તાન સુધી માર્ગ નિર્માણનુ કામ પણ કરવામાં આવ્યુ છે. હવે ઈરાની પોર્ટ અફઘાનિસ્તાનને સરળ રીતે દરિયા માર્ગ સુધી સુવિધા મળે છે. જો ઈરાન અને અમેરિકા વચ્ચે સંબંધ વધારે ખરાબ થશે તો ભારત માટે વેપારના મોરચા પર વધારે તકલીફ પડી શકે છે. અમેરિકાએ ગયા શુક્રવારના દિવસે ઈરાકમાં બગદાદ વિમાની મથક નજીક જોરદાર ડ્રોન હુમલો કર્યો હતો. જેમાં ઈરાનના જનરલ કાસિમ સુલેમાની અને તેમના નજીકના અધિકારીઓના મોત થયા હતા. ત્યારબાદથી અમેરિકા અને ઈરાન વચ્ચે સંબંધો વણસી ગયા હતા. ઈરાને જવાબી કાર્યવાહી કર્યા બાદ હવે સ્થિતી વધારે ગંભીર બની ગઈ છે.

ભારતની વિદેશ નીતિ, એનર્જી સાથે જોડાયેલા કરાર તેમજ અન્ય સમજુતિ પર માઠી અસર થઈ શકે છે. અખાત દેશોમાં ભારતના એક કરોડથી વધારે લોકો નોકરી કરી રહ્યા છે. આ તમામ બાબતો ભારતની સમસ્યાને વધારી શકે છે અને સાથે સાથે ભારતીયોની સુરક્ષાને લઈને પણ પડકારો ઉભા થઈ શકે છે.

હિંસા કરનાર એ લોકો છે જે કોમ્યુનિસ્ટો-કોંગ્રેસનુ સમર્થન ધરાવે છે...

કોમ્યુનિસ્ટોના ટાર્ગેટ પર મોદી છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુખ્ય રીતે લેફ્ટિસ્ટોના ટાર્ગેટ પર છે. ફિલ્મ નિર્દેશક અશોક પંડિત આ પ્રકારના વિચાર ધરાવે છે. તેમના કહેવા મુજબ જે લોકો માર્ગો પર ઉતરીને વિરોધ કરી રહ્યા છે તે લોકો પૂર્ણ બોલિવુડના લોકો પણ નથી. આ બોલિવુડના કેટલાક લોકો છે. બોલિવુડમાં પાંચથી છ લાખ લોકો રહેલા છે. જેમાંથી જે લોકો માર્ગ પર ઉતરીને દેખાવો કરી રહ્યા છે તે પૂર્ણ બોલિવુડનુ પ્રતિનિધીત્વ કરતા નથી. તેમના કહેવા મુજબ તેઓ પોતે પણ પૂર્ણ બોલિવુડનુ પ્રતિનિધીત્વ કરતા નથી. તેમના કહેવા મુજબ વ્યક્તિગત અભિપ્રાય રજૂ કરવામાં આવી રહ્યા છે. દેશમાં વિરોધના નામ પર જે હાલના સમયમાં થઈ રહ્યુ છે તે એક કાવતરાના ભાગરૂપે છે. જેએનયુ, એએમયુ અને જાધવપુર જેવી કેટલીક યુનિવર્સિટીઓમાં જે હોબાળો થઈ રહ્યો છે તે તમામનુ ધ્યાન ખેંચે છે. આ એવા લોકો છે જે લોકોને વર્ષોથી કોમ્યુનિસ્ટો અને કોંગ્રેસીઓ દ્વારા પાળવાવામાં આવ્યા છે. આ લોકોવર્ષ ૨૦૧૪માં મોદી સત્તામાં આવ્યા બાદ ખતમ થઈ રહ્યા છે. પાકિસ્તાનના સમર્થકો, કાશ્મીરની સ્વતંત્રતા જેવી દેશવિરોધી બાબતો કરનાર આવા લોકો હવે અસ્તિત્વની લડાઈ લડી રહ્યા છે. હવે પોતાના અસ્તિતત્વને ટકાવી રાખવા માટે તેમની પાસે કોઈ વિકલ્પ રહ્યા નથી જેથી તેમના દ્વારા વિરોધ કરવાની રીત શોધી લેવામાં આવે છે. વર્ષ ૨૦૧૪ના સમયને યાદ કરવામાં આવશે તો તમે જોઈ શકશો કે દરેક થોડાક દિવસમાં આવા લોકો કોઈને કોઈ મુદ્દા પર હોબાળો કરતા રહે છે. આવા લોકોની સૌથી પહેલા શરૂઆત એવોર્ડ વાપસી સાથે થઈ હતી. ત્યારબાદ ભારત તેરે ટુકડે ટુકડે હોગે જેવી વાત કરવામાં આવી હતી. એ વખતે આ પ્રકારના નારા લાગ્યા હતા. જેએનયુમાં એ વખતે આવા નારા લાગ્યા હતા. આ લોકોએ કાશ્મીરમાં



બાદ આવા લોકોનુ અસ્તિત્વ ખતમ થઈ રહ્યુ છે : વિરોધના નામ પર કૃત્યો એક ષડયંત્ર તરીકે છે

અલગતાવાદનો નારો પણ બુલન્જ કર્યો હતો. હવે આ લોકોએ નાગરિક સુધારા કાનુન, એનઆરસી અને અન્ય મુદ્દાને લઈને હોબાળો કરવાની શરૂઆત કરી છે. હકીકતમાં કોમ્યુનિસ્ટોના ટાર્ગેટ તરીકે મોદી છે. તેઓ તેમને પાડવા માગે છે. જેથી વારંવાર માહોલ માટેની શોધમાં રહે છે. મુંબઈના ગેટવે પર જે કઈ પણ થયુ છે તે શરમજનક કહી શકાય છે. પ્રશ્ન એ થાય છે કે કોણ એ યુવતિ છે જે કાશ્મીરની સ્વતંત્રતા માટેના પ્લેકોર્ડ દર્શાવે છે. જેએનયુમાં જે કઈ પણ થયુ તેના કાશ્મીર સાથે શુ લેવા દેવા છે. તે યુવતિમાં અજમલ કસાબ અને અફઝલ ગુરૂ દેખાય છે. અ કસાબ જે શખ્સે ગેટ વે ઓફ ઈન્ડિયા પર જ કેટલાક ભારતીયોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. વર્ષ ૨૦૦૨માં જ્યારે ગુજરાતમાં રમખાણો થયા ત્યારે મોદી અને અમિત શાહની સામે આવી જ ઝુંબેશ ચાલી હતી. આવા લોકોના અસ્તિત્વ ખતમ થઈ ચુક્યા છે. તેમના અસ્તિત્વને ખતમ થતા જોઈને આ લોકો હવે વિદ્યાર્થીઓને પોતાની તરફેણમાં કરીને દેશમાં હિંસાની આગ લગાવવા માટે ઈચ્છુક છે. આવા લોકો કેવી સ્વતંત્રતાની વાત કરી રહ્યા છે. ભારતમાં તમામ લોકો સ્વતંત્ર છે ત્યારે જ માર્ગો પર ઉતરીને બુમો પાડી પાડીને દેખાવો થઈ રહ્યા છે. ચીનમાં શુ થઈ રહ્યુ છે તે પ્રશ્ન તેમને કરી શકાય છે. ત્યાંના મુદ્દાને કેમ ઉઠાવતા નથી. જેએનયુમાં પરીક્ષાની રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ચાલી રહી હતી. રજિસ્ટ્રેશનની કરનાર વિદ્યાર્થીઓને રોકવામાં આવી રહ્યા હતા. જાણકાર લોકો કહે છે કે રજિસ્ચટ્રેશનની પ્રક્રિયાને રોકનાર તમે કોણ છો. કોઈ બીજા દેશમાં જઈને આવુ કરી બતાવે તો ખબર પડી જશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને કેટલીક બાબતો તો પહેલાથી જ શિખવાડી દીધી છે. આ લોકો હવે જનગણ મન ગાવવાની શરૂઆત કરી ચુક્યા છે. પહેલા આવા લોકોને ધ્વજથી પણ તકલીફ થઈ રહી હતી. દેશભરમાં થઈ રહેલી રાજકીય સંઘર્ષની સ્થિતી વચ્ચે કેટલીક નવી બાબતો સપાટી પર આવી રહી છે. દેશમાં બે વિચારધારા ધરાવનાર લોકો હવે આવી રહ્યા છે. વિરોધી લોકો કહે છે કે દેશને અમે સિરિયા બનવાની તક આપીશુ નહીં. એન્ટી નેશનલ અને ટુકડે ટુકડે ગેંગ જેવા શબ્દોનો ઉપયોગ લોકોને ટાર્ગેટ બનાવવા માટે કરવામાં આવે છે તેમ માનનાર લોકો પણ છે. પોલીસ જે રીતે હુમલાખોરોનો સાથ આપી રહી છે તે વર્ષ ૨૦૦૨ના ગુજરાત મોડલ તરીકે છે.



અમેરિકામાં વધતા જતા વેચાણના કારણે ભારતીય ટેક્સ ટાઈલ નિકાસકારો માટે સારી તકો ઉભી કરી છે : કમાણીની તકો વધી ગઈ

રૂપિયાના અવમુલ્યનથી બહારના દેશો આયાતને પ્રાથમિકતા આપશે

વસ્ત્ર નિકાસ કરવા માટેની સુવર્ણ તક

ડોલરની સામે રૂપિયામાં અવમુલ્યનનો દોર જારી રહ્યો છે. જેના કારણે એકબાજુ ભારત સરકાર અને તમામ અર્થશાસ્ત્રી ચિંતાતુર બનેલા છે. વૈશ્વિક પરિબળોને આના માટે મુખ્યરીતે જવાબદાર ગણવામાં આવે છે. ડોલરની સામે રૂપિયાની કિંમતમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આવી સ્થિતીમાં વસ્ત્રોની નિકાસ કરનાર કારોબારીઓ અને ઉદ્યોગોને શાનદાર દેખાવ કરવા માટેની સુવર્ણ તક રહેલી છે. રૂપિયાના થઈ રહેલા અવમુલ્યન વચ્ચે ટેક્સ ટાઈલની ચીજ વસ્તુઓની આયાત કરનાર દેશો પણ ભારતમાંથી આયાતને લઈને હાલમાં પ્રાથમિકતા આપી રહ્યા છે. સાથે સાથે અમેરિકામાં વધતા જતા વેચાણના કારણે ભારતીય ટેક્સટાઈલ નિકાસકારો અને ઉદ્યોગોને શાનદાર દેખાવ કરવાની તક રહેલી છે. ભારત કેટલીક ચીજવસ્તુઓના સૌથી મોટા નિકાસકાર દેશ તરીકે છે. ભારત કપાસના સૌથી મોટા ઉત્પાદક દેશ અને નિકાસકાર દેશ પૈકી એક છે. આ એક તથ્ય છે કે ભારતીય વસ્ત્ર ઉદ્યોગનુ દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૧ ટકા, નિર્માણ ક્ષેત્રનુ ૧૪ ટકા યોગદાન છે. આવી જ રીતે જીડીપીમાં ચાર ટકા અને દેશની નિકાસ આવકમાં ૧૨ ટકાનુ યોગદાન રહેલુ છે. જે સાબિત કરે છે કે ભારતીય વસ્ત્ર ઉદ્યોગનુ કેટલુ મહત્વ રહેલુ છે. આ ક્ષેત્રમાં રોજગારીની તક ઉભી કરવા માટેની શક્યતા પણ સૌથી વધારે છે. આ વાત જુદી છે કે છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં વસ્ત્ર અને ટેક્સ ટાઈલ ઉદ્યોગ તરફથી સરકારની પ્રત્યે કેટલીક માંગ રહી છે. તેમના ટાર્ગેટ પણ પૂર્ણ થઈ રહ્યા નથી. અમેરિકાના રાષ્ટ્રીય રિટેલ એસોસિએશનના નવેસરના આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૦માં અમેરિકા ટેક્સ ટાઈલ અને વસ્ત્રોના વેચાણમાં નવી ઉંચાઈ સુધી પહોંચી શકે છે. હાલના વર્ષોમાં અમેરિકામાં વસ્ત્રોનુ વેચાણ રેકોર્ડ ગતિથી વધી રહ્યુ છે. અમેરિકામાં બે મહાકાય રિટેલ સ્ટોર વોલમાર્ટ અને ટાર્ગેટ કોર્પ દ્વારા શાનદાર દેખાવ કરવામાં આવ્યો છે. આવનાર રજાના ગાળા દરમિયાન અમેરિકામાં વસ્ત્ર આયાત વધી જવાની શક્યતા છે.આના કારણે ભારતને સૌથી વધારે નિકાસ કરવા માટેની તક મળનાર છે. ભારતમાંથી સૌથી વધારે નિકાસ અમેરિકામાં થાય ચે. યુરોપિયન યુનિયનના દેશોમાં પણ વસ્ત્રોની મોટા પાયે નિકાસ કરવામાં આવે છે. જો કે વર્ષ ૨૦૧૬-૧૭માં આંકડા દર્શાવે છે કે ભારતમાંથી યુરોપને થનાર વસ્ત્ર નિકાસમાં આંશિક બ્રેકની સ્થિતી રહી હતી. યુરોપમાં ભારતમાંથી થનાર નિકાસનો આંકડો ૨૫ ટકા રહ્યો હત. અમેરિકામાં ટેક્સ ટાઈલ નિકાસ ૨૧ ટકા રહી હતી. રૂપિયાના સતત અવમુલ્યનના કારણે સ્થિતી સારી થઈ શકે છે. કારણ કે આયાતને પ્રાથમિકતા આપી રહેલા દેશો ભારતમાંથી વસ્ત્રોની આયાતના ઓર્ડર વધારી શકે છે. અમેરિકામાં વેચાણના આંકડા સતત વધી રહ્યાછે. આવી સ્થિતીમાં ભારતના નિકાસકારોની સ્થિતી વધારે મજબુત બની શકે છે. અમેરિકામાં વધતા જતા વેચાણના કારણે ભારતીયો ખુશ દેખાઈ રહ્યા છે. કેટલાક પગલા સ્થિતીનો લાભ લઈને નિકાસકારોને આપવાની જરૂર છે. નિકાસકારોને બેંકો પાસેથી પ્રાથમિકતાના આધાર પર લોન આપવાની વ્યવસ્થા કરવાની જરૂર છે. તેમને કોઈ પરેશાની ન થાય તેવા પ્રયાસ કરવા જોઈએ. ભારત અને અમેરકા વચ્ચે દ્વિપક્ષીય વેપારમાં વધારો જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૧૯માં અમેરિકામાંથી ભારતને ૪૮.૩ ટ્રિલિયન ડોલરના નિકાસની તક મળી હતી. જ્યારે અમેરિકાએ ભારતમાંથી ૭૭.૪ ટ્રિલિયન ડોલરની આયાત કરી હતી. કેન્દ્રિય આંકડાકીય વિભાગના અધિકારી કહે છે કે વર્ષ ૨૦૧૭માં ભારતની જીડીપી વૃદ્ધિ ૬.૭ ટકા રહી હતી. જે વર્ષ ૨૦૧૯ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૮.૨ ટકાનો દર રહ્યો હતો. અમેરિકાની નેશનલ રિટેલ ફેડરેશન ભારતના ટેક્સટાઈલ ક્ષેત્રમાં નિકાસને કેટલાક રીતે પ્રોત્સાહન આપે છે. મોટી જરૂર એ બાબતની છે કે અમારી સરકાર તો નિકાસકારોને પ્રોત્સાહન આપે પરંતુ ભારતીય નિકાસકારોને પણ સાવધાન રહેવાની જરૂર છે. કારોબાર વધારી દેવાની સુવર્ણ તક હાથમાંથી ન નિકળે તેવા પ્રયાસ નિકાસકારોને કરવા જોઈએ. ટેક્સ ટાઈળ ક્ષેત્રે જોરદાર દેખાવ કરવાની સારી તક રહેલી છે.

જેએનયુમાં ગુંડાગીરીઃ કેજરીવાલ વચ્ચે ક્યાં આવ્યા?

જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી (જેએનયુ) ફરી એક વાર ચર્ચામાં છે ને આ વખતે ચર્ચાનું કારણ રવિવારે રાત્રે જેએનયુ કેમ્પસમાં બનેલી શરમજનક ઘટના છે. રવિવારે રાત્રે મોંઢે બુકાની બાંધેલા કેટલાક લુખ્ખા જેએનયુ કેમ્પસમાં ઘૂસી ગયા. લાકડીઓ ને લોખંડના સળિયા લઈને ઘૂસેલા આ લુખ્ખાઓના ટોળાએ કેમ્પસમાં રીતસર કાળો કેર વર્તાવ્યો ને જે હાથે ચડ્યા એ બધાંની બેફામ ધોલાઈ કરી. તેમણે છોકરીઓને પણ ના છોડી ને તેમને પણ ફટકારી. જેએનયુ સ્ટુડન્ટ યુનિયનના પ્રમુખપદે આઈશી ઘોષ નામની છોકરી છે ને તેની સાથે પણ શરમજનક વર્તાવ કરીને ધોલાઈ કરાઈ. કેટલીક છોકરીઓને તો નિર્દયી રીતે ફટકારીને લોહીલુહાણ કરી દેવાઈ. અધ્યાપકો ને મેડિકલ સ્ટાફને પણ તેમણે બરાબર ધોયા. આ લુખ્ખા હૉસ્ટેલની અંદર પણ ઘૂસી ગયા ને ત્યાં પણ તેમણે ધડાધડી બોલાવીને બેફામ તોડફોડ કરી.

હિંસાનો આ ગંદો ખેલ ચાલતો હતો એ દરમિયાન બહાર તેમને પાનો ચડાવવા મોટું ટોળું એકઠું થઈ ગયેલું. તેમણે ગાળાગાળી ને ગંદા સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યા તેમાં અંદર ઘુસેલા લુખ્ખા વધારે ફોર્મમાં આવી ગયા. જેએનયુમાં હુમલો થયો છે તેની વાતો સાંભળીને પત્રકારો આવી પહોંચેલા. તેમાંય કેટલાક પત્રકારોને બહાર ઉભેલા ટોળાએ ખંખેર્યા ને તેમને ડરાવીને ભગાડવા કોશિશ કરી. પોલીસ લગી પણ આ વાતો પહોંચી જ ગયેલી તેથી પોલીસ પણ ત્યાં પહોંચી ગયેલી. રહસ્યમય રીતે પોલીસને આ તોફાનીઓને રોકવામાં કોઈ રસ જ નહોતો.

પોલીસ ઓપન એર થિયેટરમાં મૂવી જોવા આવી હોય એ રીતે તમાશો જોતી ઊભી રહી. ત્રણ કલાક પછી પેલા લુખ્ખા થાક્યા ને રવાના થયા પછી પોલીસે કેમ્પસની અંદર ઘૂસીને જેએનયુના વિદ્યાર્થીઓ પર હાથ સાફ કરીને મર્દાનગી બતાવી. પોલીસે તરત કાર્યવાહી કરવાની હોય તેના બદલે કશું જ ના બન્યું હોય એ રીતે આખી રાત કાઢી નાખી. એ પછી તેમણે એફઆઈઆર નોંધી પણ કોઈની ધરપકડ હજુ સુધી નથી થઈ. પોલીસને કશી ઉતાવળ નથી ને એ નિરાંતે બધું કરવા માગતી હોય એ રીતે વર્તી રહી છે.

આ હુમલો ભાજપની વિદ્યાર્થી પાંખ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી)એ કરાવ્યો હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. હુમલો કરનારા કેટલાક લુખ્ખાઓની તો ઓળખ પણ થઈ ગઈ છે છતાં પોલીસે કશું કર્યું નથી. આ ધમાધમી થઈ એ પહેલાં વૉટ્સએપ પર મેસેજ ફરતા થયેલા ને તેમાં દેશદ્રોહીઓને મારો એવી વાતો લખાયેલી હતી. આ મેસેજ એબીવીપીના કાર્યકરોમાં ફરતા હતા તેથી તેમણે હુમલો કરાવ્યો હોવાની વાતો થઈ રહી છે. જેએનયુમાં ડાબેરી વિદ્યાર્થી સંગઠનોનો દબદબો છે. સ્ટુડન્ટ્સ યુનિયનમાં પણ ડાબેરીઓ જ બેઠેલા છે ને તેમનો સીધો આક્ષેપ છે કે, આ હુમલો એબીવીપીના ગુંડાઓએ જ કર્યો છે.

બીજી બાજુ એબીવીપીએ હાથ ખખેરી નાંખ્યા છે. એબીવીપીએ પોતાને આ તોફાન સાથે કશી લેવાદેવા નથી એવો દાવો કર્યો છે ને ડાબેરીઓ પર ગુંડાગીરીનો આક્ષેપ મૂક્યો છે. આ ધમાધમી થઈ તેના મૂળમાં સર્વર રૂમનો ડખો જવાબદાર છે. જેએનયુમાં ગયા મહિને હૉસ્ટેલ તથા બીજી ફીમાં અધધધ વધારો કરાયો તેની સામે વિદ્યાર્થીઓ મેદાને પડેલા. કેન્દ્રના માનવ સંશાધન મંત્રાલયે એ ડખો ઉકેલવા માટે સમિતિ બનાવાયેલી. સમિતિની ભલામણોના આધારે ફીમાં થોડોક ઘટાડો કરાયો હતો પણ સ્ટુડન્ટ્સ યુનિયનને એ મંજૂર નહોતું. તેમણે પહેલા જેટલી જ ફી રાખવાની માગણી પકડી રાખેલી. એબીવીપી પહેલાં ફી વધારાના વિરોધમાં જોડાયેલી પણ પછી પાણીમાં બેસી ગયેલી.

જેએનયુના કારભારીઓએ પરીક્ષાની જાહેરાત કરી તો સ્ટુડન્ટ્સ યુનિયને તેનો પણ બહિષ્કાર કરેલો. મોટા ભાગના વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી નહીં હોવા છતાં કારભારીઓએ એડમિશન શરૂ કરતાં નવો ડખો શરૂ થયો. એ એડમિશનની પ્રક્રિયા સર્વર રૂમમાંથી કરાય છે તેથી સ્ટુડન્ટ્સ યુનિયને શનિવારે સર્વર રૂમને જ તાળું મારી દીધું. ના રહે બાંસ, ના બજેગી બાંસુરી. એબીવીપીનો આક્ષેપ છે કે, પોતાના કાર્યકરો તેનો વિરોધ કરવા ગયેલા તો ડાબેરી ગુંડાઓએ તેમને હૉસ્ટેલમાંથી બહાર ખેંચીને દોડાવી દોડાવીને ફટકારેલા. એબીવીપીએ તો પોતાના ઘણા કાર્યકરો એઈમ્સ અને બીજી હૉસ્પિટલમાં ભરતી હોવાનો દાવો કર્યો છે. એબીવીપીનો વધારે ગંભીર આક્ષેપ એ છે કે, તેમના ૧૧ કાર્યકરો ગુમ થઈ ગયા છે. રવિવારે સવારે પણ એબીવીપીના કાર્યકરો અને સ્ટુડન્ટ્સ યુનિયનના હોદ્દેદારો વચ્ચે મારામારી થયેલી. તેના વિરોધમાં સ્ટુડન્ટ્સ યુનિયને સાબરમતી હૉસ્ટેલથી એડ્મિન ઓફિસ સુધી વિરોધ કૂચ રાખેલી પણ એ કૂચ થાય એ પહેલાં તો તેમની ધોલાઈ થઈ ગયેલી.

એબીવીપી અને ડાબેરીઓનાં સંગઠનોમાંથી કોણ સાચું બોલે છે તે ખબર નથી, પણ એબીવીપીનો દાવો ગળે ઊતરે તેવો નથી. એબીવીપીએ શનિવારે પોતાના પચાસેક કાર્યકરોની ધોલાઈ થઈ હોવાનો આક્ષેપ કર્યો છે. સવાલ એ છે કે, આ અંગે કોઈ પોલીસ ફરિયાદ કેમ નથી થઈ ? એબીવીપી હોય કે બીજું કોઈ પણ સંગઠન હોય, કાગનો વાઘ કરવામાં માહિર હોય છે. આટલી મોટી ઘટના બને ને એબીવીપી ચૂપ રહે એ વાતમાં માલ નથી. પોતાના કાર્યકરો એઈમ્સમાં ભરતી હોય છતાં એબીવીપી આ મુદ્દાને ચગાવે નહીં એવું બને જ નહીં. એબીવીપીનો પોતાના ૧૧ કાર્યકરો ગુમ હોવાનો દાવો તો ખતરનાક છે. કાર્યકરો ગુમ છે તો તેમને પતાવી દેવાયા હોય એવી પણ શક્યતા છે જ. આપણે કોઈનું ખરાબ ઈચ્છતા નથી ને બધા સલામત રહે એમ ઈચ્છીએ છીએ પણ સવાલ એ છે કે, આ અંગે પણ કોઈ ફરિયાદ કેમ નથી થઈ ? આ બધું જોતાં એબીવીપીના દાવામાં ઝાઝો દમ નથી.

જો કે, મૂળ મુદ્દો હિંસાનો છે ને કોઈ પણ પ્રકારની હિંસા શરમજનક જ કહેવાય. અહીં તો દેશની સૌથી મોટી શૈક્ષણિક સંસ્થાઓમાંથી એક સંસ્થામાં ઘૂસીને લુખ્ખાગીરી કરાઈ છે, વિદ્યાર્થીઓની બેફામ ધોલાઈ કરાઈ છે. કોઈ પણ સભ્ય સમાજમાં હિંસા ચલાવી જ ના લેવાય ને હિંસા આચરનારાંને પાંસરા કરી દેવા જોઈએ. અહીં તો શૈક્ષણિક સંસ્થામાં આ ખેલ થયો છે ત્યારે તો ફરી કોઈ આવી ગુસ્તાખી કરવાની વાત તો છોડો પણ એવી હિંમત પણ ના કરે એવી કાર્યવાહી કરીને દાખલો બેસાડવો જોઈએ. આ લુખ્ખાઓને પકડી પકડીને અંદર કરવા જોઈએ ને મારી મારીને સુવ્વર બનાવી દેવા જોઈએ. જેએનયુ દેશદ્રોહીઓનો અડ્ડો છે ને ત્યાં દેશવિરોધી પ્રવૃત્તિઓ ચાલે છે એવા આક્ષેપો લાંબા સમયથી થયા કરે છે. રવિવારે રાત્રે હિંસાનો જે નગ્ન નાચ ખેલાયો તેની પાછળ પણ આ પ્રકારની માન્યતા જ જવાબદાર હોવાનું લાગે છે. આ આક્ષેપો સાચા છે કે ખોટા તેની તપાસ કરવાનું કામ પોલીસનું છે ને એ વાત સાચી હોય તો જેએનયુના વિદ્યાર્થીઓને પણ સજા થવી જોઈએ, પણ કોઈ લુખ્ખા ઘૂસીને વિદ્યાર્થીઓને ફટકારે એ ના ચાલે. આ દેશ માટે આ કલંકિત ઘટના કહેવાય.

કમનસીબે દિલ્હીની પોલીસને કશું કરવામાં રસ હોય એવું લાગતું નથી ને તેનું કારણ એ છે કે, કેન્દ્ર સરકારને જ પગલાં લેવામાં રસ નથી. દિલ્હીની કાયદો અને વ્યવસ્થાની જવાબદારી કેન્દ્ર સરકારની છે ને કેન્દ્ર સરકાર આટલી મોટી ઘટના પછી પણ સાવ સરકારી રાહે વર્તી રહી છે. રવિવારે રાત્રે ત્રણ કલાક લગી હિંસાનો નગ્ન નાચ થયો ને પોલીસે તેને રોકવા કશું ના કર્યું છતાં હજુ સુધી કોઈ પોલીસ સામે કશું થયું નથી. લુખ્ખાઓએ ત્રીસેક લોકોને ફટકારીને અધમૂઆ કરી નાખ્યા ને એ છતાં કોઈની ધરપકડ થઈ નથી ને ક્યારે થશે એ ખબર નથી. આ બધું તાત્કાલિક કરવાનું હોય તેના બદલે અમિત શાહે લેફ્ટનન્ટ ગવર્નર સાથે વાત કરીને રીપોર્ટ મગાવ્યો ને તપાસ કરવા કહ્યું છે. આ તપાસ ક્યારે થશે ને ક્યારે પગલાં લેવાશે એ ખબર નથી.

વધારે આઘાતજનક વાત તો અમિત શાહે કરેલું નિવેદન છે. તેમણે જેએનયુમાં બનેલી હિંસા ખરાબ છે એવી વાત કરવાના બદલે ૨૦૧૬માં જેએનયુમાં થયેલી ધમાધમીની વાત માંડી દીધી. એ વખતે ઘણા વિદ્યાર્થી નેતાઓ સામે રાજદ્રોહના કેસ થયેલા. અમિત શાહે અરવિંદ કેજરીવાલ એ કેસોમાં કાર્યવાહી કરવાની મંજૂરી નથી આપતા એ વાત માંડી દીધી છે. જેએનયુમાં લુખ્ખાઓનું ટોળું ઘૂસીને આતંક મચાવે તેને કેજરીવાલ રાજદ્રોહનો કેસ આગળ ચલાવવાની મંજૂરી નથી આપતા એ વાત સાથે શું લેવાદેવા ? શાહે સવાલ કર્યો છે કે, જે લોકોએ દેશવિરોધી નારા લગાવ્યા તેમને જેલમાં ધકેલવા જોઈએ કે નહીં ? જો કે, કેજરીવાલ તેમની સામે કેસ ચલાવવાની મંજૂરી નથી આપતા. કેજરીવાલ સરકાર દેશવિરોધી નારા લગાવનારા લોકો સામે કેસ કરવાની મંજૂરી ના આપે એ ખોટું કહેવાય, પણ તેના કારણે લુખ્ખાઓના ટોળાને જેએનયુમાં ઘૂસીને ગુંડાગીરી કરવાનો અધિકાર થોડો મળી જાય? દેશ વિરોધી નારા લગાવનારાંને સજા મળવી જોઈએ ને આ ગુંડાગીરી કરનારાંને પણ સજા મળવી જ જોઈએ. આ દીવા જેવી ચોખ્ખી વાત છે ને કેન્દ્ર સરકારે એ વલણ લેવું જોઈએ પણ એવું થતું નથી.

ઈરાન સામેની અમેરિકાની આક્રમકતાની કિંમત ભારતે ચુકવવી પડશે?

કમનસીબે રાજકીય કારણોસર એટલે કે ચૂંટણી નજીક આવે ત્યારે હીરો બનીને સૂંડલેસૂંડલા મત મેળવી લેવાની લાલચમાં ટૂંકા ગાળાના યુદ્ધ કે લશ્કરી છમકલાં એકદમ હાથવગી બાબત બની ગઈ છે. અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણી નજીક આવી રહી છે અને ડૉનલ્ડ ટ્રમ્પ સામે મહાભિયોગનો મામલો ગરમાટો પકડી રહ્યો છે, ત્યારે આ જૂનો હાથકંડો ફરી અજમાવાયો છે. વાત માત્ર અમેરિકાની નથી, સમગ્ર વિશ્વની શાંતિ અને વ્યવસ્થા જોખમમાં મુકાઈ છે.

અમેરિકાએ ઈરાનના ટોચના લશ્કરી નેતા કાસિમ સુલેમાનીનું મિસાઈલ હુમલાથી કાસળ કાઢી નાખ્યું, એ ભારત માટે કસોટીરૂપ નિવડવાનું છે. અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધના એંધાણ વચ્ચે દિલ્હી માટે બે હાથીની લડાઈમાં લીલા ઘાસનો ખો નીકળી જવા જેવો ઘાટ સર્જાયો છે.

ડૉનલ્ડ ટ્રમ્પે સુલેમાનીના ખાત્માની ગર્વભેર જાહેરાત કરી એ સાથે વિશ્વભરમાં ઊથલપાથલ થવાનો ફફડાટ વ્યાપી ગયો. ટ્રમ્પની જે કંઈ જરૂરિયાત કે લાચારી હોય, અમેરિકા-ઈરાન વચ્ચે જે તંગદિલી હોય એની સામે આપણે શું લેવાદેવા હોવી જોઈએ? આ સવાલ પહેલી નજરે તર્કબદ્ધ લાગે પણ હકીકતમાં એવું નથી. આ હુમલો મોટા યુદ્ધમાં ફેરવાય તો એક તરફ અમેરિકા અને બીજી તરફ મોટાભાગનાં મુસ્લિમ રાષ્ટ્રો હોય, તો ભારતે કોના પક્ષે રહેવું?

ભવિષ્યની વાત જવા દઈએ, તો અત્યારે જ ભારત માટે ઈરાનનું ઘણું વ્યૂહાત્મક મહત્ત્વ છે. ઈરાનના ચાબહાર બંદરથી અફઘાનિસ્તાન સુધી રેલ અને જમીન માર્ગની યોજના માટે દિલ્હી ઉત્સુક છે. ગયા મહિને જ આ બાબતમાં ઈરાન સાથે ચર્ચા થઈ હતી. આ ઉપરાંત ભારત, ઈરાન અને રશિયા વચ્ચે પણ પાઈપથી ગેસ સપ્લાયની યોજના પર કામ શરૂ થવામાં છે.

આ બધા અત્યંત મહત્ત્વના પ્રોજેકટ પર અમેરિકાના પગલાંથી અસર પડ્યા વગર રહેવાની નથી. એક તરફ ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા ખામૈનીએ પોતાના વિશ્વાસુ સુલેમાનીના મોતનું વેર વાળવાની બુલંદ સ્વરે જાહેરાત કરી છે. સુલેમાનીના ટેકામાં ઈરાનમાં લોકજુવાળ ઊભો થયો છે. આ મોતને હળવાશથી લેવાનું તહેરાનને ન પરવડે.

એક તરફ ટ્રમ્પે મધ્ય પૂર્વમાં હજારો વધુ સૈનિકોને ગોઠવી દીધા છે. આ ઘર્ષણની સ્થિતિમાં ભારતની સ્થિતિ વધુ કફોડી થશે. એક તો દિલ્હી અનેકવિધ આર્થિક સમસ્યાઓમાં સપડાયેલું છે. એક સમયે આપણે ઈરાન સાથે અનાજ આપીને ખનિજ તેલ લેવાનો વ્યવહાર ધરાવતા હતા, પરંતુ અમેરિકાના દબાવને લીધે આપણે ઈરાની તેલ લેવાનું સદંતર બંધ કરી દેવું પડ્યું છે.

આ નવી તંગદિલીને પ્રતાપે દુનિયાભરમાં કાચા તેલના ભાવમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે. આનાથી ભારતની આર્થિક આફત વધુ આકરી થયા વગર રહેવાની નથી. એમાંય ચાબહાર બંદરથી મધ્ય એશિયાના બધા દેશો સાથે વેપાર-ધંધો કરવા-વધારવાની ભારતની નેમ હતી. આમાંય વિલંબ થશે. વિદેશી વ્યાપાર અને હૂંડિયામણની ભારતીય અર્થતંત્રને તાતી જરૂર છે, ત્યારે આ પારકી પળોજણ કેવી રીતે સહન થાય?

પાકિસ્તાન અને ચીન સામે વ્યૂહાત્મક સંતુલનની દૃષ્ટિએ પણ ભારત માટે ઈરાન અને અફઘાનિસ્તાન સાથે સારા સંબંધ અનિવાર્ય છે. હવે અમેરિકા દબાણ વધારશે, ત્યારે નવી દિલ્હીની રાજદ્વારી કુનેહની કસોટીનો નવો તબક્કો શરૂ થશે.

સંપત્તિની જાળવણીની પ્રેરણા આપે છે ટીનેજર આર્યમન દરડા



બ્રહ્માંડમાં કરોડો ગ્રહો છે અને એમાંના એક સુંદર ગ્રહ પર આપણે બધા રહીએ છીએ. પૃથ્વી પર જીવસૃષ્ટિ ખૂબ ફૂલીફાલી છે અને આપણી દૃષ્ટિએ તો જીવન માણવા માટે આપણી ધરતી જેવી બીજી કોઈ જગ્યા નથી. જોકે, આપણે બધા એ પણ જાણીએ છીએ કે આપણા આ રમણીય ગ્રહની કુદરતી સંપત્તિ સાથે ઘણું ખોટું થઈ રહ્યું છે એટલે પુષ્કળ પ્રમાણમાં સુધારાત્મક પગલાં લેવાની જરૂર છે.

આર્યમન દરડા નામનો કિશોર વન્યજીવન, સમુદ્રીજીવન તેમ જ કુદરતી સૌંદર્યની કાળજી તથા જાળવણી માટે જાગૃતિ ફેલાવવાનું કામ કરે છે.

એક સંસ્થા સાથેની સફર તેણે વિશ્વના કેટલાક એવા દેશોના પ્રવાસ ખેડીને શરૂ કરી હતી જેણે તેને અનેરો રોમાંચ અપાવ્યો તેમજ તેના સહકારમાં તે કુદરતી સંપત્તિની જાળવણી કેવી રીતે કરવી એના ઉપાયો પણ શીખી શક્યો. આર્યમન કેન્યા, તાન્ઝાનિયા, બોટ્સવાના તેમજ આઈસલેન્ડ અને કેનેડા જઈ આવ્યો છે. આર્યમન એવી પ્રવૃત્તિઓ હાથ ધરે છે જે પર્યાવરણની સાચવણી માટેનો માહોલ ઊભો કરે છે અને એમાં રસ લેનારા કાર્યકર્તાઓને સાંકળી લે છે.

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તાજેતરમાં એક મુલાકાતમાં કહ્યું, આર્યમન પોતાની ફોટોગ્રાફીનો લોકોમાં પર્યાવરણની કાળજી રાખવા વિશેની જાગૃતિ ફેલાવવા ઉપયોગ કરે છે. આર્યમન સ્વિટ્ઝરલેન્ડનો બારમા ધોરણનો વિદ્યાર્થી છે અને ૧૭ વર્ષની ઉંમરે તે વન્ય-સંપત્તિને લગતો બહુ સારો ફોટોગ્રાફર તથા કવિ તરીકે પંકાઈ ગયો છે. તેણે તાજેતરમાં જાણીતા સંવાદ લેખક તથા ગીતકાર જાવેદ અખ્તર, ગીતકાર પ્રસૂન જોશી અને સિંગર રૂપકુમાર રાઠોડની ઉપસ્થિતિમાં વરલી ખાતે પોતાનું પ્રથમ પુસ્તક રિલીઝ કર્યું હતું.

સરધાર મંદિરના નિત્યસ્વરૂપ સ્વામી સાથે ૪ સંતો અને ૫ પાર્ષદો દેવપક્ષમાં જોડાયા

વડતાલ

સરધાર સ્વામિનારાયણ મંદિરના મહંત નિત્યસ્વરૂપદાસજી ૪ સંતો અને ૫ પાર્ષદો સાથે દેવપક્ષમાં જોડાયા છે. આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજ દ્વારા તમામનું ફૂલહાર પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું છે. આ અવસરે સત્સંગ મહાસભાના પ્રમુખ નૌતમપ્રકાશદાસજી સ્વામીએ જણાવ્યું કે, આજનો દિવસ સ્વામિનારાયણ સંપ્રદાયમાં સુવર્ણ અક્ષરે લખાય તેમ છે. વડતાલ વાસી લક્ષ્મીનારાયણદેવ અને હરિકૃષ્ણ મહારાજની ઇચ્છાથી આ તમામ કામ થઈ રહ્યા છે.

સત્સંગ સભામાં વડતાલ ટ્રસ્ટી મંડળના ચેરમેન દેવપ્રકાશ સ્વામી, સેક્રેટરી સંજયભાઈ પટેલ, ગણેશભાઈ ડુંગરાણી, પા.ઘનશ્યામભગત, બ્ર.પ્રભુતાનંદજીએ નિત્યસ્વરૂપ સ્વામીનું ફુલહારથી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે આણંદ રોકડીયા હનુમાન મંદિરના કોઠારી શા. સત્સંગભૂષણ સ્વામી, પી.પી. સ્વામી-જલગાંવ, ભક્તિસંભવ સ્વામી, મુંબઈ મંદિરના હરિસેવાદાસ સ્વામી સહિતના સંતો-મહંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નિત્યસ્વરૂપજી સ્વામીએ વડતાલના પવિત્રાનંદ સ્વામીના સભામંડપમાં વડતાલ પિઠાધિપતી પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજનું હાર પહેરાવી સ્વાગત કર્યું હતું. સાથે જ તેમની જોડે આવેલા અન્ય સંતો તેમજ પાર્ષદોનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું.

અનુસુચિત જાતિમાં સમાવવાની માંગ સાથે હજારોની સંખ્યામાં માલધારીઓ રસ્તા પર ઉતર્યા

રાજકોટ

ગુજરાતમાં ફરી એકવાર અનામતની માગ ઉઠવા પામી છે. લોકરક્ષક દળની ભરતીમાં અન્યાય થયો હોવાના આરોપ સાથે રબારી, ભરવાડ અને ચારણ સમાજના હજારોની સંખ્યામાં લોકો રાજકોટ ખાતે એકત્ર થયા હતા. ત્રણેય સમાજના આગેવાનો દ્વારા અનામતની માગને લઈ જાહેર સભા સંબોધવામાં આવી હતી. અને તમામ દ્વારા અનુસુચિત જાતિમાં સમાવવા માગ કરી હતી.

રબારી, ભરવાડ અને ચારણ સમાજ દ્વારા કરવામાં આવેલી આ રેલીમાં હજારોની સંખ્યામાં લોકો રસ્તા પર ઉમટી પડ્યા હતા. ત્રણેય સમાજના આગેવાનો દ્વારા જાહેર સભાને સંબોધવામાં આવી રહી છે. અને સંબોધન બાદ હજારોની સંખ્યામાં તે રેલીનું સ્વરૂપ લેશે. જો કે, હજુ સુધી પોલીસે આ રેલીને મંજૂરી આપવામાં આવી નથી. પણ ત્રણેય સમાજ ભેગા મળી અનુસુચિત જાતિમાં સમાવવા અંગે કલેક્ટરને આવેદન આપવા માટે જશે.

લોકરક્ષક દળની ભરતીમાં માલધારી સમાજ છેલ્લા ઘણા સમયથી વિરોધ કરી રહ્યો છે. અને ભરતીમાં માલધારી સમાજને સતત અન્યાય થયો હોવાનો તેઓ જણાવી રહ્યા છે. મોરબી રોડથી કલેક્ટર કચેરી સુધી ત્રણેય સમાજના લોકો આગેવાનો સાથે ચર્ચા કર્યા બાદ રેલી કાઢશે. સૌરાષ્ટ્રભરમાંથી અલગ અલગ વિસ્તારોમાંથી ત્રણેય સમાજના મોટી સંખ્યામાં લોકો ભેગા થયા છે. જો કે, એલઆરડી ભરતી પહેલાં પણ માલધારી સમાજ દ્વારા અનુસુચિત જાતિમાં સમાવવા માટે પ્રદર્શન થતું આવ્યું છે.

પત્ની અને પ્રેમીને કઢંગી હાલતમાં જોઈ જતા પતિને જીવતો સળગાવી દીધો

ભાવનગર

ભાવનગરના મહુવા તાલુકાના મોણપરના ડુંગરમાં બે દિવસ પહેલાં રાખના ઢગલા સાથે મળી આવેલ નરકંકાલની હત્યાનો ભેદ પોલીસે ઉકેલી નાખ્યો છે. બે દિવસ પહેલાં નાની રાજસ્થળીનો યુવાન પાતા રાઠોડ ગુમ હતો. જેની ગુમ થયા હોવા અંગેની ફરિયાદ બગદાણા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. પોલીસને પાતા રાઠોડનો માન કંકાલ મોણપરના ડુંગરાઓમાં રાખના ઢગલામાં મળી આવ્યો હતો. જે બાદ પોલીસે પાતા રાઠોડના પરિવારને તેની ઓળખવિધિ માટે બોલાવ્યો હતો. જેમાં પરિવારે પાતા રાઠોડને ઓળખી લેતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ગુનો નોંધ્યા બાદ પોલીસે આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરતાં જે હકીકત સામે આવી તે ચોંકાવનારી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, મૃતક પાતા રાઠોડને એક પરિણીત સ્ત્રી સાથે પ્રેમ સંબંધ હતો. અને પતિની ગેરહાજરીમાં અવારનવાર પાતા રાઠોડ પોતાની પ્રેમિકાનાં ઘરે જતો હતો. અને બંને શારીરિક સંબંધ બાંધતા હતા. પણ એક દિવસ આ બંનેને પ્રેમિકાના પતિ રમેશ રાઠોડ શારીરિક સંબંધ બાંધતા રંગેહાથે ઝડપી લીધા હતા.

પોતાની પત્નીને પરપુરુષ સાથે કઢંગી હાલતમાં જોતાં જ પતિનો પારો સાતમા આસમાને પહોંચી ગયો હતો. અને તેણે ક્રોધમાં આવી પાતા રાઠોડની હત્યા કરી દીધી હતી. અને બાદમાં તેની લાશને સળગાવી દીધી હતી. હાલ આ હત્યામાં અન્ય કોણ કોણ લોકો સામેલ છે તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

રવિ પાકના વાવેતરની કામગીરી સાવ તળિયે બેસી ગઈ, ૧૩૬ ગામોમાં યૂરિયાની તંગી

અમદાવાદ

ગુજરાતમાં રવિ પાકનું વાવેતર જાણે કે ખોરંભે ચડી ગયું છે. અમદાવાદ જિલ્લાની જો વાત કરીએ તો ધંધુકા, ધોલેરા, રાણપૂર અને બરવાળા તાલુકાનાં ૧૩૬ ગામોના ખેડુતો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે, કારણ કે આ ખેડુતોને ખેતી માટે નથી મળતું યુરિયા ખાતર. જેને કારણે રવિ પાકના વાવેતરની કામગીરી સાવ તળિયે બેસી ગઈ છે. એક તરફ ખરીફ પાક માટે ખેડુતોને અતિવૃષ્ટિ, વાવાઝોડાની અસર, વારંવરા લંબાઈ રહેલી વરસાદની આગાહી આ તમામને કારણે ગુજરાતમાં ખેતી અને ખેડુતોની દશા બગડી ગઈ છે.

રવિ સિઝન ચાલુ હોવા છતાં ખેડૂતોનાં ખેતરોમાં ખરીફ પાક હજુ પડ્યો છે, એવામાં હવે ખેડૂતો માટે નથી યુરિયા ખાતર. અમદાવાદ જિલ્લાનાં ધંધુકા તાલુકામાં એપીએમસીમાં આવેલાં સરકાર માન્ય ડેપો છેલ્લાં ૭ દિવસથી નથી યુરિયા ખાતર. જેને કારણે દરરોજ સવારે આ ખેડુતો આવે છે પરંતુ તેમને મળે છે આવતીકાલનો વાયદો. ધંધુકામાં ૭૦ વિઘા જમીન ધરાવતાં અજયસિંહ ચુડાસમાએ પોતાના ખેતરમાં ઘઉં અને ચણા વાવ્યા છે,

આશ્ચર્ય, પાક સેનાના પ્રવક્તા ગફૂર ઉતર્યા દીપિકાના સમર્થનમાં

ઇસ્લામાબાદ

જેએનયૂમાં હિંસાના વિરોધમાં દેખાવો કરી રહેલા છાત્રોની મુલાકાત લીધા બાદ સોશ્યલ મીડિયા પર છવાઈ ગયેલી અભિનેત્રી દીપિકા પાદુકોણની ચર્ચા પાકિસ્તાનમાં પણ થઈ રહી છે.

વધારે આશ્ચર્યજનક વાત એ છે કે, પાકિસ્તાની આર્મીના પ્રવક્તા આસિફ ગફૂરે પણ દીપિકાના સમર્થનમાં ટવિટ કરીને દીપિકાના વખાણ કરી નાંખ્યા હતા. ગફૂરે કહ્યુ હતુ કે, દીપિકાને મુશ્કેલ સંજોગોએ બહાદુર વ્યક્તિ બનાવવામાં મદદ કરી છે.

ભારતમાં પણ આ ટ્વિટની ચર્ચા થવા માંડી હતી. લોકોને એ વાતનુ આશ્ચર્ય થવા માંડ્યુ હતુ કે, પાકિસ્તાન આર્મીના પ્રવક્તાને દીપિકાના વખાણ કરવાની જરુર કેમ પડી..જોકે એ બાદ ગફૂરે પાછુ આ ટ્વિટ ડિલિટ પણ કરી નાંખ્યુ હતુ. જોકે ત્યાં સુધીમાં તો તેના સ્ક્રીન શોટ વાયરલ થવા માંડ્યા હતા.

દીપિકાએ વિદ્યાર્થીઓને આપેલા સમર્થનને લઈને સોશ્યલ મીડિયા પર દિપિકાની પ્રશંસા થઈ રહી છે તો એક વર્ગ દીપિકાને ટ્રોલ પણ કરી રહ્યો છે. કારણકે દીપિકાની સાથે વિવાદાસ્પદ વિદ્યાર્થી નેતા કનૈયા કુમારની પણ મોજુદગી નજરે પડી હતી. ઘણાને લાગે છે કે, પોતાની ફિલ્મ છપાકના પ્રમોશન માટે દીપિકાએ જ્વેંની મુલાકાત લીધી છે.

ફેસબુકે ૨૦૧૬માં મળેલી ટ્રમ્પની જીત માટે કંપનીને જવાબદાર ગણાવી

સાન ફ્રાન્સિસ્કો

ફેસબુકે ૨૦૧૬ના પ્રેસિડેન્શિયલ ઈલેક્શનમાં ડોનાલ્ડ ટ્રમ્પની જીત માટે કંપનીને જવાબદાર ગણાવી છે. વાઈસ પ્રેસિડેન્ટ એન્ડ્રયૂ બોસવર્થે કર્મચારીઓને ગત મહિને લખેલામાં મેમોમાં ટ્રમ્પની જીત માટે ફેસબુકનું પોલેટિકલ એડવરટાઈઝિંગ ટૂલ જ જવાબદાર હોવાની વાત કરી હતી. જો બધુ પહેલાની જેમ રહેશે તો ૨૦૨૦માં થનારી ચૂંટણીમાં પણ તેઓ જીતશે.

ન્યૂયોર્ક ટાઈમ્સે મંગળવારે પહેલી વખત મેમો અંગે માહિતી આપી હતી. બોસવર્થે ફેસબુકમાં તેમના ઓફિશીયલ પ્રોફાઈલ પર મેમો પોસ્ટ કર્યો હતો. તેમણે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે મેમોનો સાર્વજનિક રીતે ઉપયોગ ન કરવામાં આવે.

બોસવર્થના જણાવ્યા પ્રમાણે, એક પ્રતિબદ્ધ ઉદારવાદી તરીકે હું આ પરિણામ(ટ્રમ્પની ફરી જીત)ને ટાળવા માટે કોઈ પણ લીવરને ખેંચવા માટે તૈયાર છું, કારણ કે પરિણામ બદલવા માટે અમારા ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ કરવું પણ લાલચ જેવું છે. મને વિશ્વાસ છે કે આપણે આવું ક્યારે આવું ન કરવું જોઈએ અથવા એવું બનવું જોઈએ, જેનાથી આપણે ડરીએ છીએ.

ટેલિકોમ કંપનીઓએ એજીઆર મામલે સુપ્રિમમાં ખૂલ્લી સુનાવણીની માંગ કરી

ન્યુ દિલ્હી

ટેલિકોમ કંપનીઓએ એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ(AGR) મામલામાં સુપ્રીમ કોર્ટમાં ખુલ્લી સુનાવણીની અપીલ કરી છે. એજીઆર મામલામાં ભારતીય એરટેલ અને વોડાફોન-આઈડિયાએ સુપ્રીમ કોર્ટના ચુકાદા પર પુર્નવિચાર અરજી દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટે ૨૪ ઓક્ટોબરે સરકારના પક્ષમાં ચુકાદો આપતા એજીઆરના એસ્ટિમેશન માટે ટેલિકોમ વિભાગની ફોર્મ્યુલાને યથાવત રાખી હતી. ઉલ્લેખનીય છે કે ટેલિકોમ કંપનીઓએ સરકારને ૧.૪૭ લાખ કરોડ રૂપિયા ચુકવવાના બાકી છે. સરકારે ૨૩ જાન્યુઆરી સુધીમાં ચુકવણી કરવાનું કહ્યું છે.

ખુલ્લી કોર્ટમાં સુનાવણીની ટેલિકોમ કંપનીઓની અરજી બુધવારે જસ્ટિસ અરુણ મિશ્રાની બેન્ચમાં મેન્શન કરવામાં આવી હતી. ખુલ્લી કોર્ટમાં સુનાવણીનો મતલબ એ થાય છે કે મીડિયા અને આમ લોકો પણ સુનાવણી દરમિયાન હાજર રહી શકે. જસ્ટિસ મિશ્રાએ કહ્યું કે ચીફ જસ્ટિસ એસ એ બોબડેની સાથે વાત કરીને નિર્ણય કરીશું.

૨૦૧૮-૧૯માં માથાદીઠ આવક ૧૦૩૫૪ હતી

ભારતમાં માથાદીઠ આવકમાં વૃદ્ધિઃ પ્રતિ માસ ૧૧૨૫૪ રૂપિયા રહેવાનું અનુમાન

ન્યુ દિલ્હી

ભારતની માથાદીઠ આવકમાં વૃદ્ધિ નોંધાઈ છે. સરકાર તરફથી જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે, ચાલુ નાણાકીય વર્ષમાં રાષ્ટ્રીય આવકના ૬.૮ ટકા વધીને ૧૧,૨૫૪ રૂપિયા પ્રતિ માસ રહેવાનું અનુમાન જાહેર કર્યું છે. આ અગાઉ વર્ષ ૨૦૧૮-૧૯માં પ્રતિ માસ માથાદિઠ આવક ૧૦,૫૩૪ રૂપિયા હતી. ત્યારે, નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રતિ વ્યક્તિ માસિક આવક ૯,૫૮૦ રૂપિયા હતી.

કેન્દ્રીય આંકડા તથા કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય તરફથી પ્રાપ્ત આંકડા પ્રમાણે, વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન અનુમાનિત રાષ્ટ્રીય આવક ૧,૩૫,૦૫૦ રૂપિયા પ્રતિ વ્યક્તિ રહેવાનું અનુમાન છે. આ આંકડા ૨૦૧૮-૧૯ની માથાદિઠ આવક ૧,૨૬,૪૦૬ની સરખામણીએ ૬.૮ ટકા વધુ છે. જોકે, વર્ષ ૨૦૧૮-૧૯ની ૧૦ ટકા વૃદ્ધિવાળી માથાદિઠ આવકની સરખામણીએ તોય ઓછી છે.

ઉલ્લેખનીય છે કે, માથાદિઠ આવકમાં વૃદ્ધિ કોઈ પણ દેશમાં સમૃદ્ધિનો સંકેત મનાય છે. વિનિર્માણ અને નિર્માણ ક્ષેત્રના નબળા પ્રદર્શનને કારણે ૨૦૧૯-૨૦ દરમિયાન દેશનો આર્થિક વૃદ્ધિ દર છેલ્લા ૧૧ વર્ષના નિચલા સ્તરે ૫ ટકા રહેવાનું અનુમાન લગાવાયું છે.

સરકાર વ્યાપારિયો સાથે જોડાયેલા મુદ્દાઓનું સમાધાન કરશે

જીએસટીને વધુ સરળ બનાવાશેઃ નાણાંપ્રધાન સીતારમણ

ન્યુ દિલ્હી

અખિલ ભારતીય વ્યાપારી પરિસંઘ (સીએઆઈટી)ના રાષ્ટ્રીય વ્યાપારી સંમેલનના બીજા દિવસે સીતારમણે આશ્વાસન આપ્યું કે, સરકાર જી.એસ.ટી. વેરાની પદ્ધતિને સરળ અને અર્થસભર બનાવવાના તમામ પ્રયત્નો ચાલી રહ્યાં છે.

નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે કહ્યું કે, સરકાર વ્યાપારિયો સાથે જોડાયેલા મુદ્દાઓનું સમાધાન કરશે અને વસ્તુ અને સેવા દરને વધુ સરળ બનાવશે.

અખિલ ભારતીય વ્યાપારી પરિસંઘના રાષ્ટ્રીય વ્યાપારી સંમેલનમાં બોલતા સીતારમણે આશ્વાસન આપ્યું કે, સરકાર જીએસટીમાં સુધારા કરશે. જીએસટીને એ રીતે સરળ બનાવાશે કે, સામાન્ય વ્યાપારીઓ પણ તેનો ઉપયોગ કરશે.

રાજસ્વ સચિવની અધ્યક્ષતામાં એક સમિતિનું ગઠન કરવામાં આવ્યું છે. જે જીએસટીને સરળ બનાવવા માટે દિવસ રાત કામ કરી રહી છે.' દેશભરના વ્યાપારીઓ આ ત્રણ દિવસીય સંમેલનમાં પહોંચી રહ્યાં છે. સરકાર દેશભરમાં મોટા શોપિંગ ફેસ્ટિવલ આયોજીત કરવાની યોજના બનાવી રહી છે. જેમાં સીઆઈટીઓને સામેલ કરાશે. જેથી વ્યાપારીઓને પોતાના ઉત્પાદનો પ્રદર્શિત કરવાની તક મળે.

શ્રીનગરમાં આતંકીઓનો ગ્રેનેડ હુમલોઃ ૨ નાગરિક ઘાયલ

શ્રીનગર

જમ્મુ કાશ્મીર પર આતંકીઓ ખરાબ નજર રાખી રહ્યા છે અને આતંકીઓ જમ્મુ-કાશ્મીરની શાંતિને ખલેલ પહોંચાડવા સતત પ્રયાસ કરી રહ્યા છે. આ વખતે આતંકીઓએ શ્રીનગરને નિશાન બનાવ્યું છે. શ્રીનગરના હબાક ચોક પર આતંકીઓએ ગ્રેનેડ હુમલો કર્યો છે. આ હુમલામાં ૨ લોકો ઘાયલ પણ થયા છે.

ત્રણેય ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે આ હુમલામાં સીઆરપીએફની ટીમને પણ નિશાન બનાવવામાં આવી હતી. જો કે સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું છે. આ વિસ્તારમાં વધુ આતંકીઓ છુપાયેલા હોઈ શકે છે.

આપને જણાવી દઈએ કે આ પહેલા પણ આતંકીઓએ શ્રીનગરમાં જ સીઆરપીએફની ટીમ પર ગ્રેનેડ વડે હુમલો કર્યો હતો, પરંતુ આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી. ગ્રેનેડ એટેક દરમિયાન, ગ્રેનેડ ટ્રાન્સફોર્મર સાથે અથડાયો હતો, જેનાથી મોટો અકસ્માત ટળી ગયો હતો.

પ.બંગાળમાં ભાજપ અધ્યક્ષ દિલીપ ઘોષની લુખ્ખાગીરીઃ એમ્બ્યુલન્સને રસ્તો ન આપ્યો

કોલકાત્તા

પશ્ચિમ બંગાળમાં એક ખૂબ જ ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. બંગાળ ભાજપનાં અધ્યક્ષ દિલીપ ઘોષે તેમની રેલી દરમિયાન એમ્બ્યુલન્સને માર્ગ આપવાનો ઈનકાર કર્યો હતો અને ડ્રાઈવરને બીજા રસ્તે વાહન લઈ જવા કહ્યું હતું. રાજયનાં નાદિયા જિલ્લામાં એક રસ્તા પર આ ઘટના બની છે. આ કેસનો વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં, ભાજપ નેતાએ એમ કહીને એમ્બ્યુલન્સને જવા દેવાની ના પાડી દીધી કે વાહનની અવરજવર તેમની રેલીમાં ખલેલ પહોંચાડી રહી હતી.

સોમવારે નાદિયા જિલ્લાનાં કૃષ્ણનગરમાં જિલ્લા વહીવટી ભવન નજીક આ ઘટના બની હતી. જ્યાં ઘોષ નાગરિકતા સુધારો અધિનિયમ સંબંધિત સભાને સંબોધન કરી રહ્યા હતા. ઘોષ ભાષણ આપી રહ્યા હતા ત્યારે એમ્બ્યુલન્સ તેમના સ્ટેજની જમણી તરફ આવી, ત્યારબાદ ઘોષે એમ્બ્યુલન્સ ચાલકને બીજી બાજુએથી જવાનું કહ્યું. ઘોષે કહ્યું કે, તમે આ રીતે નહી જઈ શકો. લોકો રસ્તા પર બેઠા છે. અશાંતિ થશે. તમે અહીંથી છોડી શકતા નથી. તમે અહીથી નહી જઈ શકો.

ભાજપ નેતા દિલીપ ઘોષે તેને રાજકીય કાવતરું ગણાવ્યું છે. તેમણે કહ્યું, આ એક કાવતરું છે અને એમ્બ્યુલન્સ પરત કરવી મારા મતે યોગ્ય હતું. જો તે ફરીથી થાય, તો હું ફરીથી કરીશ.

એલઆરડી મામલે મહિલાઓનું ઉગ્ર આંદોલન, પોલીસે ધક્કા મારી વાનમાં બેસાડી

ગાંધીનગર

એલઆરડી મેરિટ લિસ્ટ મામલે શહેરની સત્યાગ્રહણ છાવણી ખાતે શરૂ થયેલું મહિલા ઉમેદવારોનું આંદોલન હવે ઉગ્ર બની રહ્યું છે. આ મહિલા એક મહિનાથી આંદોલન ચલાવી રહી છે. આ મહિલા ઉમેદવારો વિફરી હતી, જેને પગલે મહિલા પોલીસે આ મહિલા ઉમેદવારોને વિધાનસભા તરફ જતા અટકાવી હતી. જેમાંની કેટલીક મહિલાઓની અટકાયત પણ કરી હતી. આ દરમિયાન આંદોલનકારી મહિલાઓએ 'ગુજરાત સરકાર હાય હાય'ના નારા લગાવ્યા હતા. જેને પગલે પોલીસે મહિલાઓની ટીંગાટોળી કરી, ધક્કા મારી તેમજ ખેંચીને પોલીસ વાનમાં જબરદસ્તીથી બેસાડી દીધી હતી.આ દરમિયાન એલઆરડી પરીક્ષાર્થી પૂજા સાગઠિયાને કમરના ભાગે ગંભીર ઈજા થતા તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામા આવી હતી. ગુજરાત સરકાર દ્વારા ઓગષ્ટ ૨૦૧૮માં પોલીસ વિભાગની એલઆરડી સંવર્ગની કુલ ૯,૭૧૩ જગ્યાની જાહેરાત બહાર પાડવામાં આવી હતી. જેમાં મહિલાઓ માટે ૩૦૭૭ જેટલી જગ્યાઓ હતી, જેની પરીક્ષા ૬ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ લીધી હતી. આ પરીક્ષાનું મેરિટ ૩૧ ઓક્ટોબરે રિલીઝ કરવામાં આવ્યું હતું. જેમાં અનામત વર્ગમાં આવતી ઉચ્ચ મેરિટવાળી મહિલા ઉમેદવારોની જનરલ મેરિટમાંથી બાદબાકી કરાઈ હતી.

વિકાસદર સારો કરવા માટે માંગને વધારવા જોર આપવું પડશે

ભારત ખૂબ જ મોટી મંદીની નજીક છે: નોબેલ પુરસ્કાર અભિજીત બેનર્જી



ન્યુ દિલ્હી

દેશની ડામાડોળ અર્થવ્યવસ્થા વચ્ચે નોબેલ પુરસ્કાર વિજેતા અભિજીત બેનર્જીએ ચેતવણી આપી છે કે, ભારત ખુબ જ મોટી મંદીના નજીક છે. ૧૯૯૧માં આર્થિક સંકટથી વિકાસદરથી તુલના કરતા તેમણે એવી પણ સલાહ આપી છે કે, વિકાસ દર સારો કરવા માટે માંગ (ડિમાન્ડ)ને વધારવા માટે આપણે જોર આપવું પડશે.

આ વાત તેમણે એક ખાનગી કાર્યક્રમ દરમિયાન કહી હતી. તેમણે જણાવ્યું કે, ભારતીય અર્થવ્યવસ્થાની અસલ મુશ્કેલી માંગ સાથે સંકળાયેલ છે. તમારે માંગને ખાસ કરીને વધારવી પડશે. અભિજીત બેનર્જીએ કહ્યું કે, ભારતીય અર્થવ્યવસ્થામાં અસલ મુશ્કેલી માંગ સાથે સંકળાયેલ છે. તમારે માંગને વધારવી પડશે.

તેમણે વધુમાં કહ્યું કે, મારા મૈક્રોનોમિક દોસ્ત દ્વારા સેંસર કરવામાં આવેલ જોખમને ધ્યાનમાં રાખતા હું અનુભવુ છું કે, આપણે બજેટ સંબંધી નુક્સાન અને લક્ષ્યોને પૂર્ણ કરવાની વાત ભૂલી જવી જોઇએ. અહિંયા સુધી કે, આપણે મોંઘવારી સાથે જોડાયેલ ટાર્ગેટ પણ ભૂલી જવા જોઇએ. અર્થવ્યવસ્થાને થોડી તેજી સાથે આગળ વધવા દેવી જોઇએ.

કોર્પોરેટ ટેક્સમાં કાપ સાથે જોડાયેલ કેન્દ્રના નિર્ણયને લઇ તેમણે ટિપ્પણી કરી,'મને લગાતું કે, હાલમાં આ નિર્ણય અર્થવ્યવસ્થાને બચાવી શકે છે. કોર્પોરેટ સેક્ટર પાસે કેશની કોઇ અછત નથી અને તેઓ તેને સારા કારણ માટે ઉપયોગ કરી રહ્યા નથી.

ફૂડની કિંમત ૬૫.૫૪ ડૉલર પ્રતિ બેરલે

ઈરાનનો અમેરિકી સૈન્યમથકો પર મિસાઈલ હુમલોઃ ફૂડ ૪.૫ ટકા વધ્યું

ન્યુ દિલ્હી

પેટ્રોલ-ડીઝલના ભાવોમાં વધારાને હવે કોઈ રોકી શકે તેમ નથી. બુધવારે સવારે ઈરાન દ્વારા અમેરિકી સૈન્ય ઠેકાણાઓ પર હુમલો કરાયા બાદ ક્રુડ ઓઈલના ભાવોમાં મોટો ઊછાળો આવ્યો છે. આ હુમલા પછી ક્રૂડ ઓઈલમાં ૪.૫ ટકાનો વધારો નોંધાયો છે. WTI ઈન્ડેક્સ પર ફૂડની કિંમત ૪.૫૬ ટકાના વધારા સાથે ૬૫.૫૪ ડોલર પ્રતિ બેરલ પહોંચી છે. જેનો સીધો અર્થ એ થાય છે કે આગામી કેટલાક દિવસોમાં પેટ્રોલ ડીઝલના ભાવોમાં વધારો જોવા મળશે.

પહેલી જાન્યુઆરીથી લઈને દેશના તમામ પેટ્રોલ પંપોમાં પેટ્રોલ ડીઝલના ભાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. તેલ વિતરણ કંપનીઓ રોજ ભાવોમાં વધારો કરી રહી છે. મંગળવારે મહાનગરોમાં પેટ્રોલના ભાવમાં પાંચ પૈસા વધ્યાં હતાં. જ્યારે ડીઝલના ભાવોમાં દિલ્હી કોલકાતા અને ચેન્નાઈમાં ૧૧ પૈસા અને મુંબઈમાં ૧૨ પૈસા વધારો થયો હતો. જો કે આજના ભાવ જોવા જઈએ તો આજે તેલ કંપનીઓએ ભાવ વધાર્યા નથી.

પશ્ચિમ બંગાળમાં યુવતી સાથે હૈદરાબાદ જેવી દરિંદગી

યુવતી સાથે ગેંગરેપઃ નરાધમોએ પીડિતાને પેટ્રોલ છાંટી જીવતી સળગાવી

કોલકાત્તા

દેશમાં રેપ અને ગેંગરેપનાં પ્રમાણમાં તો વધારો જોવામાં આવી જ રહ્યો છે, પરંતુ તેથી પણ વધુ આઘાત જનક બાબતએ છે કે, નરાધમો દ્વારા ગેંગરેપ કરાયા બાદ યુવતીને જીવંત સળગાવવાની ઘટનામાં પણ ઉત્તરોતર વધારો જોવામાં આવી રહ્યો છે. પોતાનું પાપ છુપાવવા નરાધમો પીડિત અને નિસહાય યુવતીને જીવંત સળગાવવા જેવા હેવાનીયત ભરેલા કૃત્યો કરતા પણ ખચકાતા નથી. આવી જ ઘટના પ.બંગાળમાં પણ બની હતી, જો કે, પોલીસ દ્વારા ગણતરીની કલાકોમાં જ તમામ આરોપીને જેલ હવાલે કરી દેવામાં આવ્યા છે અને મંગળવારે આ આરોપીઓને કોર્ટમાં પણ રજૂ કરી દેવામાં આવ્યા હતા.

પશ્ચિમ બંગાળનાં દક્ષિણ દિનાજપુર જિલ્લામાંથી આ ભયાનક ઘટના પ્રકાશમાં આવી છે, જેણે ફરી એકવાર હૈદરાબાદના વેટરનરી ડોક્ટર સાથેની ગત વર્ષે નવેમ્બરમાં તેને સામુહિક બળાત્કાર બાદ જીવંત સળગાવી દેવાની ઘટનાને ફરી તાજી કરી દીધી છે. રવિવારે, ૧૮ વર્ષીય યુવતી પર ગેંગરેપ થયો હતો અને ત્રણ લોકોએ તેને જીવતા બાળી નાખી હતી.

કુમારગંજ પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું કે, "આ ઘટના માટે અમે ૨૦ થી ૨૨ વર્ષની વયની ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરી છે. વધુ તપાસ કરવામાં આવી રહી છે. આરોપીઓની ઓળખ મહેબૂબ મિયાં, ગૌતમ બર્મન અને પંકજ બર્મન તરીકે થઈ છે. પ્રારંભિક તપાસમાં મહેબૂબનું યુવતી સાથે અફેર હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસે જણાવ્યું કે રવિવારે મહેબૂબે યુવતીને કહ્યું કે તે તેને સાથે સાંજના પાંચ વાગ્યે મળ્યા હતા. પછી પંકજ અને ગૌતમ પણ પાછળથી આવ્યા હતા. ત્રણેયે મળીને આશરે ચાર કલાક સુધી યુવતી પર બળાત્કાર ગુજાર્યો હતો. જ્યારે પીડિતા બેભાન થઈ ગઈ હતી, ત્યારે આરોપીએ રાત્રે તેના પર પેટ્રોલ છાંટીને સળગાવી દીધી હતી. કુમારાગંજના ધારાસભ્ય તોરાફ હુસેન મંડલે કહ્યું આરોપીઓની સોમવારે રાત્રે ધરપકડ કરવામાં આવી છે.

પિતા પોતે એચઆઈવીના ચેપથી પીડાતો હતો

પુત્રી પર રેપ કરનારા પિતાને ચાર ચાર જનમટીપની સજા

તાંજોર

તાંજોરની એક મહિલા કોર્ટે ૩૧ વર્ષના એક પિતાને સગીર વયની પોતાનીજ પુત્રી પર વારંવાર રેપ કરવા માટે એક સાથે ચાર જનમટીપની સજા ફરમાવી હતી. મહિલા જજે કહ્યું હતું કે આ માણસ મરે ત્યાં સુધી જેલમાં સડવો જોઈએ.

કુમાર તરીકે ઓળખાવાયેલો આ આરોપી પોતે બજારુ સ્ત્રીઓ સાથેના સહવાસને કારણે એચઆઈવી ગ્રસ્ત હતો. મંગળવારે એને કોર્ટમાં રજૂ કરાયો ત્યારે મહિલા જજ એઝહિલાર્સીએ આક્રોશ વ્યક્ત કરતાં કહ્યું કે આ માણસ જીવનના છેલ્લા શ્વાસ સુધી જેલમાં સબડે એવી સજા એને કરવામાં આવે છે. સમગ્ર કોર્ટમાં આ ચુકાદાથી સન્નાટો છવાઈ ગયો હતો.

મહિલા કોર્ટે રાજય સરકારને એવો આદેશ આપ્યો હતો કે આ બાળકીની સારવાર માટે રાજય સરકારે એને પાંચ લાખ રૂપિયા ફાળવવા. નામદાર જજે કહ્યું કે સગીર પુત્રી પર રેપ કર્યા બાદ કોઈને કહેશે તો જાનથી મારી નાખવાની આપેલી ધમકી ચોરી પર સિનાજોરી જેવી હતી. એ માટે એને વધુ છ માસની જેલની સજા કરવામાં આવે છે.

તાંજોર જિલ્લાના મધુકરઈ ગામમાં રોજદાર તરીકે મજૂરી કરતો કુમાર નામધારી આ આરોપી છેલ્લા થોડા સમયથી દસ વર્ષની પુત્રી પર નિયમિત રેપ કરતો હતો અને ઉપરથી એને મારપીટ પણ કરતો હતો. એ પુત્રીને ધમકાવતો કે કોઈને કહીશ તો મારી નાખીશ. કોર્ટના આદેશથી પોલીસે આ કિસ્સાની વધુ વિગતો અને ઓળખ જાહેર કર્યા નથી.

સીએએ કાયદાની વિરુદ્ધ થયેલી તમામ અરજીઓ સુપ્રિમમાં ટ્રાન્સફર કરવા કેન્દ્રની માંગણી

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકારે આજે બુધવારે સુપ્રીમ કોર્ટને વિનંતી કરી હતી કે વિવિધ ઉચ્ચ અદાલતોમાં સિટિઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ (સીએએ)ની બંધારણીય માન્યતાને પડકારતી રિટ અરજીઓ એક જ સ્થળે એટલે કે સુપ્રિમ કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવે.

મુખ્ય ન્યાયાધીશ એસ.એ. બોબડેની અધ્યક્ષતાવાળી ખંડપીઠે કહ્યું કે તેઓ ૧૦ જાન્યુઆરીએ કેન્દ્રના નિર્ણય અંગેની અરજીની સુનાવણી કરશે. ન્યાયાધીશ બી.આર. ગવાઈ અને ન્યાયાધીશ સૂર્યા કાંત પણ ખંડપીઠનો ભાગ હતા.

ખંડપીઠે કહ્યું હતું કે, સીએએ સંબંધિત અરજીઓ હાઈકોર્ટે જોવી જોઈએ અને અભિપ્રાયના મતભેદ હોય તો ટોચની કોર્ટે તેમને ધ્યાનમાં લેવું જોઈએ તેવું પ્રથમ દ્રષ્ટિએ તેમનો અભિપ્રાય છે. સોલિસિટર જનરલ જી. મહેતાએ જણાવ્યું હતું કે વિવિધ ઉચ્ચ અદાલતોના મંતવ્યો જુદા હોઈ શકે છે જે અલગ-અલગ સમસ્યાઓ રજૂ કરે તેના બદલે એક જ સ્થળે સુનાવણી થાય તો કેસમાં સરળતા રહે.

તેમણે એમ પણ કહ્યું કે આ સિવાય સુનાવણી માટે વકીલોએ જુદા જુદા રાજ્યોમાં જવું પડશે. આ તરફ સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, સીએએ કેસો અંગેની સુનાવણીમાં વિવિધ રાજ્યોમાં જતા વકીલોનો વિષય તેમના માટે અગ્રતા નથી.

મહેતાએ સર્વોચ્ચ અદાલતને માહિતી આપી હતી કે ગુરુવારે કર્ણાટક હાઈકોર્ટમાં એક અરજી આવે છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે શુક્રવારે અરજીઓની સ્થાનાંતરણની સુનાવણી કરશે.

સુપ્રિમ કોર્ટમાં સીબીઆઈના ચોંકાવનારા ખુલાસા

મુઝફ્ફરપુર શેલ્ટર હોમમાં એક પણ બાળકીની હત્યા થઈ નથી

તપાસ દરમ્યાન મળેલા કંકાલ શેલ્ટર હોમની યુવતીઓના નહિ અન્ય હોઈ શકે

ન્યુ દિલ્હી

બિહારના મુઝફ્ફરપુર શેલ્ટર હોમ કાંડમાં સીબીઆઈએ મોટો ખુલાસો કર્યો છે. સીબીઆઈએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે, મુઝફ્ફરપુર શેલ્ટર હોમમાં કોઈપણ છોકરીની હત્યા નથી થઈ. શેલ્ટર હોમમાં જે હાડપિંજર મળી આવ્યા છે તે સગીરાના નથી.

એટર્ની જનરલ કેકે વેણુગોપાલે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, મુઝફ્ફરપુર શેલ્ટર હોમમાં કોઈપણ છોકરીની હત્યા નથી થઈ. શેલ્ટર હોમમાં જે હાડપિંજર મળી આવ્યા હતા, તે સગીરાના નથી. બે હાડપિંજર મળી આવ્યા હતા. ફોરેન્સિક તપાસમાં સામે આવ્યું છે કે, એક હાડપિંજર પુરુષનું છે અને અન્ય મહિલાનું છે.

સીબીઆઈએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, જેમની હત્યાની શંકા હતી તે તમામ છોકરીઓ જીવીત છે. ત્યાંથી જે હાડપિંજર મળી આવ્યા હતા તે પુખ્ત વયના વ્યક્તિના હતા. સીબીઆઈએ તેની તપાસમાં સ્પષ્ટ કરી દીધું છે કે, મુઝફ્ફરપુર શેલ્ટર હોમમાં કોઈપણ સગીરની હત્યા થઈ નથી.

સીબીઆઈએ રિપોર્ટમાં જણાવ્યું છે કે, તમામ ૧૭ શેલ્ટર હોમ કેસમાં તપાસ પૂર્ણ થઈ ગઈ છે. ૧૩ નિયમિત કેસમાં અંતિમ રિપોર્ટ કોર્ટને મોકલવામાં આવી છે. ચાર પ્રાથમિક કેસોની તપાસ પૂરી થઈ ગઈ છે અને ગુનાહિત કૃત્યને સાબિત કરવા માટે કોઈ પુરાવા મળ્યા નથી તેથી એફઆઈઆર દાખલ કરવામાં આવી નથી.

અત્રો જણાવવાનું કે પોસ્કો એક્ટ હેઠળ અન્ય મામલાઓમાં કેસ દાખલ થયો હતો. તમામ આરોપીઓ અંગે આ કેસમાં ૧૪ જાન્યુઆરીએ ચુકાદો આપવામાં આવશે. આ મામલે સમાજ કલ્યાણ વિભાગના અનેક અધિકારીઓ પણ આરોપી છે. સુનાવણી અગાઉ મુઝફ્ફરપુરમાં અને ત્યારબાદ સાકેત કોર્ટમાં થઈ. આ બાજુ મુખ્ય આરોપી બ્રજેશ ઠાકુર પંજાબની જેલમાં બંધ છે. એક ઓક્ટોબરના રોજ કેસની દલીલો પૂરી થઈ ગઈ હતી.

નોંધનીય છે કે આ કેસમાં ૩૧ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ ટિસના રિપોર્ટ પર મહિલા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાઈ હતી. ૨૬ જુલાઈ ૨૦૧૮ના રોજ સીબીઆઈને તપાસની જવાબદારી સોંપાઈ હતી જેમાં ૨૮ જુલાઈના રોજ સીબીઆઈએ એફઆઈઆર દાખલ કરી હતી.

યોગી સરકારે મેરઠ જેલના જલ્લાદની સેવા લેવા આપી મંજૂરી

ઉ.પ્રદેશનો જલ્લાદ પવન કુમાર નિર્ભયાના ૪ નરાધમોને ફાંસી આપવા તૈયાર

લખનૌ/ન્યુ દિલ્હી

પુત્રી નિર્ભયાને ન્યાય મળે તેવા નિર્ણયથી આખો દેશ ખુશખુશાલ છે. આવી સ્થિતિમાં નિર્ભયાની ગેંગરેપ બાદ હત્યા કરનાર હત્યારાઓને ફાંસી આપનાર તે વ્યક્તિ (પવન હેંગમેન) પણ ખૂબ જ ખુશખુશાલ છે. કેમ કે તેઓ જ નિર્ભયાના ૪ નરાધમોને જો કોઈ કાનૂની અડચણ નહિ આવે તો ૨૨મી જાન્યુઆરીએ સવારે ૭-૦૦ વાગ્યે તેમને ફાંસીના માંચડે લટકાવી દેશે. તિહાર જેલ પ્રશાસને યુપી જેલ રાજય મંત્રીને પત્ર લખી મેરઠ જેલના જલ્લાદ પવનની સેવાઓ લેવાની પરવાનગી માંગી હતી. આ સાથે જ જેલ રાજય પ્રધાને પણ આ માટે મંજૂરી આપી દીધી છે.

મળતી માહિતી મુજબ જેલ રાજય મંત્રી જયકુમારસિંહે કહ્યું કે, નિર્ભયા બળાત્કાર કેસમાં ગુનેગારોને ફાંસી આપવા માટે તિહાર જેલ પ્રશાસન દ્વારા મેરઠના જલ્લાદ પવન કુમારની સેવાઓ લેવા માટે પત્ર લખાયો હતો. દોષિતોને ફાંસી આપવાનો દિવસ નક્કી થયા બાદ મેરઠ જેલના વહીવટીતંત્રને અમલદાર પવનને આ કાર્ય માટે મોકલવાની મંજૂરી આપવામાં આવી છે.

નોંધનીય છે કે સાત વર્ષ પહેલા દેશમાં આતંક મચાવનારા નિર્ભયા ગેંગરેપ કેસના દોષીઓને ફાંસી આપવા માટેનો દિવસ અને સમય નક્કી કરવામાં આવ્યો હતો. પટિયાલા હાઉસ કોર્ટે મંગળવારે સાંજે ૪:૪૮ વાગ્યે આ કેસમાં ચારેય દોષિતો માટે ડેથ વોરંટ જારી કર્યું હતું.

તે મુજબ ૨૨ જાન્યુઆરીએ સવારે ૭ વાગ્યે નિર્ભયાના દોષીઓને તિહાર જેલમાં ફાંસી આપવામાં આવશે. આ નિર્ણય બાદ તિહારમાં ગુનેગારોની દેખરેખ વધારવામાં આવી છે. તે જ સમયે દોષિતોના વકીલોએ જણાવ્યું હતું કે તેઓ રાષ્ટ્રપતિ પાસેથી ક્યુરેટિવ અરજી અને દયાની અરજી દાખલ કરશે.

વડાપ્રધાન મોદી ખેલૂ ઈન્ડિયા યૂથ ગેમ્સના ઉદ્ઘાટન માટે આસામ નહિ જાય



ન્યુ દિલ્હી

નાગરિકતા સંશોધન કાયદાના વિરોધને ધ્યાનમાં રાખતા વડાપ્રધાન મોદીની આસામ પ્રવાસ રદ કરવો પડ્યો છે. મોદીએ ગુવાહાટીમાં ૧૦ જાન્યુઆરીએ ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ ૨૦૨૦નો પ્રારંભ કરવાનો હતો. ત્રીજી યૂથ ગેમ્સ ૧૦થી ૨૨ જાન્યુઆરીએ રમાશે. રાજયમાં નાગરિકતા સંશોધન કાયદા વિરુદ્ધ પ્રદર્શનોનું નેતૃત્વ કરી રહેલા વિદ્યાર્થી સંગઠન ઓલ આસામ સ્ટુડન્ટ યૂનિયને વડાપ્રધાનના ઉદ્ઘાટન સમારોહમાં આવવા અંગે ભારે વિરોધની ચેતવણી આપી હતી.

ખેલો ઈન્ડિયા ગેમ્સના સીઈઓએ કહ્યું કે, અમે વડાપ્રધાન મોદીને ઉદ્ઘાટન સમારોહમાં આમંત્રિત કર્યા હતા, અત્યાર સુધી કોઈ સત્તાવાર જવાબ મળ્યો નથી. પરંતુ અનઓફિશીયલ રીતે અમને કહેવામાં આવ્યું છે કે વડાપ્રધાન નહીં આવી શકે.

નાગરિકતા સંશોધન કાયદા અને એનઆરસીના મુદ્દે આસામ સહિત પૂર્વોત્તરમાં ડિસેમ્બરથી મોટા પાયે વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. આ દરમિયાન થયેલી હિંસામાં ૬ લોકોના મોત થયા હતા. વિરોધના કારણે ગુવાહાટીમાં ૧૫થી ૧૭ ડિસેમ્બર વચ્ચે થનારી ભારત-જાપાન સમિટ પણ રદ કરવી પડી હતી. જેના કારણે વડાપ્રધાન મોદી અને શિંજો આબેની મુલાકાત ટળી ગઈ હતી. તો બીજી બાજુ એનઆરસી અને નાગરિકતા સંશોધન કાયદા અંગે બાંગ્લાદેશ વિદેશ મંત્રી અબ્દુલ મોમિન અને ગૃહમંત્રી અસદુઝ્ઝમાને તેમનો ભારતનો પ્રવાસ રદ કર્યો હતો.

અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધના ભણકારાઃ પુતિન સીરિયા પહોંચ્યા

બૈરૂત/મૉસ્કો

ઈન્ટરશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતીન સીરિયા પહોંચ્યા હતા. અહીં તેમણે રાષ્ટ્રપતિ બશર-અલ-અસદ સાથે મુલાકાત કરી હતી. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ટેન્શન વચ્ચે આ મુલાકાતને ખુબ મહત્વની માનવામાં આવી રહી છે. ઈરાન એ સીરિયાનું મિલિટરી સહયોગી છે અને રશિયાના સૈનિકો અત્યારે સીરિયામાં છે. ઈરાને અમેરિકાને ચેતવણી આપીને મિસાઈલ હુમલા શરૂ કરી દીધા છે.

મંગળવારે પુતીન અને અસદ વચ્ચે મુલાકાત થઈ હતી. પુતીનની સીરિયાની આ બીજી મુલાકાત છે. આ પહેલા ૨૦૧૭માં પુતીને સીરિયાની મુલાકાત કરી હતી. સીરિયામાં સિવિલ વોર બાદ રશિયા અને ઈરાને અસદની મદદ કરીને વિરોધીઓએ કબ્જે કરેલો ભૂવિસ્તાર પાછો અપાવવામાં મદદ કરી હતી. આ સિવિલ વોર નવ વર્ષ પહેલા થયું હતું. સીરિયાની સ્ટેટ ન્યૂઝ એજન્સી સાનાએ પુતીન અને અસદનો એક ફોટો જાહેર કર્યો હતો જેમાં બન્ને નેતાઓ મળી રહ્યા છે અને સીરિયામાં રશિયન ફોર્સના હેડ દ્વારા એક મિલિટરી પ્રેઝન્ટેશન નિહાળ્યું હતું.

પુતીન અને અસદે ઈદલિબ વિસ્તારમાંથી આતંકવાદની નાબૂદી માટેના પ્લાન અંગેની પણ ચર્ચા કરી હતી. આ વિસ્તાર અત્યારે અસદ વિરોધી જૂથના કબ્જા હેઠળ છે. પુતીને સીરિયામાં મોજૂદ રશિયન ફોર્સના જવાનોને શુભેચ્છા પાઠવી હતી. બન્ને નેતાઓએ અહીં દમાસ્કસમાં ૮મી સદીની મસ્જિદ અને પૌરાણિક ચર્ચની મુલાકાત લીધી હતી. બુધવારે પુતની તુર્કીના રાષ્ટ્રપતિ એર્ડોગોન સાથે વાત કરે તેવી સંભાવના છે. ઉલ્લેખનીય છે કે તુર્કીએ ઉત્તર સીરિયાના વિસ્તારમાં તેની સેના મોકલીને કુર્દીશ ફોર્સ પર હુમલો કર્યો હતો. તુર્કીને અમેરિકાનું સમર્થન છે.

ઈરાનમાં ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ પાસે ૪.૯ની તીવ્રતાના ભૂકંપના બે આંચકા

તહેરાન

હજુ તો આ હલચલ થોભી પણ નહોતી ત્યાં ઈરાનમાં બે કલાકની અંદર બે ભૂકંપના ઝાટકા મહેસૂસ કરાયા. પહેલાં ભૂકંપની તીવ્રતા ૫.૫ માપી જ્યારે બીજો ભૂકંપ ૪.૯નો આવ્યો હતો. રિપોર્ટના મતે ઈરાનના બુશેહર શહરની નજીક આવેલા ભૂકંપમાં કોઈને કંઈ થયું ના હોવાના સમાચાર છે. ખાસ વાત એ છે કે જ્યાં ભૂકંપ આવ્યો ત્યાં ઈરાનના ન્યુક્લિયર પ્રતિષ્ઠાન પણ છે. જો કે કહેવાય છે કે આ ઘટના કુદરતી છે અને તેનો આજે થઈ રહેલી ઘટનાઓ સાથે કોઈ સંબંધ નથી.

ભારત, મલેશિયા સહિતના દેશોએ એડવાઈઝરી જાહેર કરી

અનિવાર્ય કારણો સિવાય ઈરાક જવાનું ટાળજોઃ ભારતે નાગરિકો માટે એડવાઈઝરી જાહેર કરી

ભારતે ઈરાક-ઈરાન અને ખાડી દેશાની એરસ્પેસનો ઉપયોગ ન કરવાનું એરલાઈન્સને સૂચન કર્યું

ન્યુ દિલ્હી

ઈરાન દ્વારા અમેરિકન સૈન્ય ઠેકાણાઓ પર કરવામાં આવેલા મિસાઈલ હુમલા બાદ વધતા તણાવને જોતા અમેરિકા, મલેશયા, સિંગાપુર અને ચીન બાદ ભારત પણ સતર્ક થઈ ગયું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ભારતીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયે વિમાન કંપનીઓને એડવાઈઝરી જાહેર કરીને ઈરાન-ઈરાક અને ખાડી દેશોના એર સ્પેસનો ઉપયોગ ન કરવાની સલાહ આપી છે. વિદેશ મંત્રાલયે ભારતીયોને ઈરાકની યાત્રા ન કરવાની અપીલ કરી છે.

વિદેશ મંત્રાલયે કહ્યું કે, 'ઈરાનની હાલની સ્થિતિને ધ્યાનમાં રાખતા, ભારતીય નાગરિકોને સલાહ આપવામાં આવે છે જ્યાં સુધી અન્ય કોઈ સૂચના ન આપવામાં ત્યાં સુધી કોઈપણ બિનજરૂરી મુસાફરી ન કરે. ઈરાકમાં રહેતા ભારતીય નાગરિકો સતર્ક રહે અને ઈરાકની અંદર યાત્રા કરવાનું પણ ટાળે'. ભારત સહિત મલેશિયા સહિતના દેશોએ એડવાઈઝરી જાહેર કરી છે.

મંત્રાલયે વધુમાં કહ્યું કે, બગદાદમાં આવેલા આપણું દૂતાવાસ અને એરબિલનું વાણિજ્ય દૂતાવાસ ઈરાકમાં રહેનારા ભારતીયોને તમામ પ્રકારની સેવા આપવા માટે કામ કરવાનું ચાલુ રાખશે. અમેરિકાએ તેની ફ્લાઈટ્સ પર ઈરાક, ઈરાન અને અન્ય ખાડી વિસ્તાર પરથી પસાર થવા માટે પ્રતિબંધ લગાવી દીધો છે. અમેરિકાએ આ પગલું ઈરાકમાં અમેરિકાન બળ પર થયેલા રોકેટ હુમલા બાદ ભર્યું છે.

પે-ટીએમ યુઝર્સને ફટકો, હવે ફંડ ટ્રાન્સફર પર લાગશે ચાર્જ

ન્યુ દિલ્હી

નવા વર્ષમાં પેટીએમ યુઝર્સને ક્રેડિટ કાર્ડથી ઈ-વૉલેટમાં પૈસા લોડ કરવા મોંઘા પડવા જઈ રહ્યાં છે. પેટીએમ યુઝર્સ પોતાના ઈ-વૉલેટમાં ક્રેડિટ કાર્ડથી ૧ મહિનામાં ૧૦,૦૦૦ રુપિયાથી વધુ રકમ નાંખે છે, તો તેમને ૨ ટકાના ચાર્જની ચૂકવણી કરવી પડશે. કંપનીએ નવી પોલિસીમાં આ જાણકારી આપી છે.

ડેબિટ કાર્ડ અને યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસથી વૉલેટ ટૉપ-અપ માટે જો કે મફત રહેશે. આ મામલે જાણકારી ધરાવનાર લોકોનું કહેવું છે કે, કંપનીએ આ નિર્ણય આ પ્રકારના ટ્રાન્જક્શન્સ પર થતાં ખર્ચને બચાવવા માટે કર્યો છે.

પેટીએમએ પણ ટ્વીટ કરીને જણાવ્યું કે, જો ક્રેડિટ મારફતે નાખવામાં આવેલી કુલ રકમ ૧૦,૦૦૦ રુપિયાથી વધારે હશે, તો ટ્રાન્જક્શનની કુલ રકમ પર ૧.૭૫ ટકા + જીએસટી આપવો પડશે.

આ પ્રથમ વખત નથી, જ્યારે પેટીએમએ આ પ્રકારના પગલા પર વિચાર કર્યો હોય. અગાઉ એક વર્ષ પહેલા પણ આ પ્રકારનો ચાર્જ વસૂલવાનો વિચાર કરવામાં આવ્યો હતો. જો કે તેને લાગુ નહતો કરવામાં આવ્યો. હવે એ જોવું રસપ્રદ રહેશે કે, આ પરિવર્તન પર યુઝર્સ કર્યા પ્રકારની પ્રતિક્રિયા આપે છે.

એક પણ ધરપકડ નહિ, પોલીસને સીસીટીવીમાંથી કંઈ પણ ના મળ્યું

જેએનયૂ હિંસાઃ પોલીસની ૧૦ હજાર મોબાઈલ નંબર પર ચાંતપી નજર

ન્યુ દિલ્હી

જવાહરલાલ નેહરૂ યુનિર્વસિટીમાં થયેલી હિંસાના બે દિવસ બાદ પણ પોલીસને હુમલાખોરો કોઈ ખાસ જાણકારી મળી નથી. અત્યાર સુધી એકપણ વ્યક્તિની પૂછપરછ માટે અટકાયત કરવામાં આવી નથી નતો કોઈની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના અધિકારીઓએ જણાવ્યું છે કે, તેમને સીસીટીવી ફૂટેજમાં કોઈ જાણકારી મળી નથી, કેમકે જ્યાં હિંસા થઈ ત્યા કેમેરા લગાવવામાં આવ્યા નથી. પોલીસ હવે ૧૦ હજાર મોબાઈલ ફોન નંબરોને સર્વેલન્સ પર રાખીને દોષિતો સુધી પહોંચવાના પ્રયાસમાં છે.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, જે જગ્યાએ હિંસા થઈ ત્યાં સીસીટીવી કેમેરા નથી. પોલીસ અધિકારીઓ ગેટ પર લગાવવામાં આવેલા કેમેરાની તપાસ કરી રહ્યા છે. જો કે અત્યાર સુધી પોલીસના હાથમાં કંઈ લાગ્યું નથી. પોલીસ ચહેરાની ઓળખ કરનારા સોફ્ટવેરની પણ મદદ લઈ રહી છે.

જેએનયુ હિંસા મામલે બે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે, જેમાંથી એકમાં જેએનયુ વિદ્યાર્થી સંઘની અધ્યક્ષ આઈશી ઘોષ અને તેના સાથીદારોના નામ સામેલ છે. રવિવારે જેએનયુ કેમ્પસની આજુબાજુ એક્ટિવ રહેલા ૧૦ હજાર નંબરોની પોલીસ તપાસ કરી રહી છે. પોલીસ ફોન નંબરો દ્વારા જાણકારી એકત્ર કરવાના પ્રયાસ કરી રહી છે.

દિલ્હી પોલીસે મંગળવારે સંદિગ્ધોની ઓળખ માટે લોકોની મદદ માગી છે. પોલીસે જણાવ્યું હતું કે, ક્રાઈમ બ્રાન્ચની સ્પેશ્યિલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)નું ગઠન કરવામાં આવ્યું છે જેમની પાસે પણ આરોપીઓની કોઈ જાણકારી છે કે પછી મોબાઈલ-ફોન-કેમેરામાં જાણકારી છે તો તે એસઆઈટીને સાત દિવસની અંદર એડમિન બ્લોકમાં સોંપવામાં આવે.

મહારાષ્ટ્રમાં ફડણવીસ-રાજ ઠાકરે વચ્ચે ગુપ્ત મુલાકાતઃ અનેક અટકળો શરૂ

મુંબઈ

ભાજપે શિવસેના સાથે પોતાના સબંધો તોડી નાંખ્યા બાદ ભાજપે હવે રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના સાથે નવા સબંધો વિક્સાવવાનો પ્રયત્ન કરી રહી છે. મનસે ચીફ રાજ ઠાકરે અને પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ વચ્ચે દોઢ કલાક સુધી ચાલેલી મુલાકાત બાદ અટકળોએ વેગ પકડ્યો છે. બન્ને વચ્ચે શું વાતચીત થઈ? તેની કોઈ માહિતી નથી, પરંતુ આ મુલાકાતથી મહારાષ્ટ્રમાં નવા રાજકિય સમીકરણોની ચર્ચા તેજ થઈ ગઈ છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે, ફડણવીસે મુંબઈના પ્રભાદેવી સ્થિત એક પોશ હોટલમાં ઠાકરે સાથે મુલાકાત કરી હતી. જે બાદ બન્ને નેતાઓ મીડિયાથી બચીને હોટલના અલગ-અલગ દરવાજાથી બહાર નીકળ્યા હતા. જણાવી દઈએ કે, લોકસભા ચૂંટણી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી મનસે ચીફ રાજ ઠાકરેના નિશાના પર રહ્યાં. આટલું જ નહીં, પોતાની વાતને સાબિત કરવા માટે રાજ ઠાકરે પોતાની રેલીઓમાં મલ્ટીમીડિયા પ્રેજેન્ટેશનનો પણ ઉપયોગ કર્યો હતો. એવામાં હવે આ મુલાકાતના અનેક અર્થ નીકાળવામાં આવી રહ્યાં છે.

મનસે ચીફ ભાજપ સાથે હાથ મીલાવીને મહાવિકાસ અઘાડીના જવાબમાં હિન્દુત્વની વિચારધારાની રાજનીતિ આગળ વધારી શકે છે.

જણાવી દઈએ કે, રાજ ઠાકરે શિવસેના અધ્યક્ષ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના પિતરાઈ છે. મહારાષ્ટ્રમાં અસ્તિત્વની લડાઈ લડી રહેલા મનસેને વિધાનસભા ચૂંટણીમાં માત્ર ૧ બેઠક મળી હતી. ૨૩ જાન્યુઆરીએ મનસેનું કાર્યકર્તા સંમ્મેલન છે. જેમાં રાજ ઠાકરે કોઈ મોટી જાહેરાત કરી શકે છે. કહેવાય છે કે, આ મોટી જાહેરાત સીએએ પર સમગ્ર દેશમાં અલગ પડી ચૂકેલી ભાજપને રાહત આપી શકે છે.

ઉત્તર પ્રદેશના પ્રધાને રેલીમાં ઉશ્કેરણીજનક વિધાન કર્યું

પાડોશી દેશોના એ મુસ્લિમો શરણાર્થી નહીં, ઘુસણખોર છેઃ સુરેશ પાસી

લખનૌ

ઉત્તર પ્રદેશની યોગી સરકારના એક પ્રધાન સુરેશ પાસીએ કહ્યું હતું કે પાડોશી દેશોમાંથી આપણે ત્યાં આવતા મુસ્લિમો શરણાર્થી તરીકે નથી આવતા, ઘુસણખોર તરીકે આવે છે અને પછી આતંકવાદ ફેલાવે છે. નાગરિકતા અંગેના નવા કાયદા વિશે વિપક્ષો દ્વારા ફેલાવાતી ગેરસમજો દૂર કરવા ભાજપે રાષ્ટ્રીય કક્ષાએ પ્રચાર ઝુંબેશ શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો. દેશભરમાં ભાજપ આ કાયદાની સાદી સરળ સમજ આપવા રેલીઓ અને અન્ય કાર્યક્રમો હાથ ધરવાનો હતો. એ પહેલં ભાજપના સુરેશ પાસી જેવા નેતાઓએ બેફામ વાણીવિલાસ શરૂ કરી દીધો હતો. ઝાંસીમાં એક રેલીને સંબોધતાં પાસીએ કહ્યું કે પાડોશી દેશો પાકિસ્તાન અને બાંગ્લા દેશમાંથી આવતા હિન્દુ, જૈન, બૌદ્ધ અને ઈસાઈ લોકો ત્યાં અત્યાચારનો ભોગ બનીને ત્રાસીને અહીં આવે છે. મુસ્લિમો એ રીતે શરણાર્થી તરીકે નથી આવતા, એ લોકો ગેરકાયદે ઘુસણખોરી કરે છે અને પછી આતંકવાદ ફેલાવવાનું કામ કરે છે. સુરેશ પાસી ઉત્તર પ્રદેશમાં શેરડી વિકાસ અને સાકર ઉદ્યોગ ખાતાના રાજ્ય પ્રધાન છે.

દેશને પોપ્યુલેશન બોમ્બથી બચાવવું પડશે

બેથી વધુ બાળકો પેદા કરનારાના મતાધિકાર છીનવી લેવો જોઈએ : પ્રવીણ તોગડિયા

ન્યુ દિલ્હી

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષ પ્રવીણ તોગડીયાએ જણાવ્યું કે, દેશને પોપ્યુલેશન બોમ્બથી બચાવવું પડશે. દેશમાં બેથી વધારે બાળકો પેદા કરનારને મતાધિકાર આપવો જોઈએ નહીં. આ દરમિયાન તોગડિયાએ નાગરિકતા સુધારણા કાયદાને લઈને મોદી સરકારના વખાણ પણ કર્યા હતા.

જણાવ્યું હતું કે, અમારી માગ છે કે જો કોઈ વ્યક્તિ બેથી વધારે બાળકોને જન્મ આપે છો તો તેને ભારતમાં જે પણ સરકારી સુવિધાઓ આપવામાં આવી રહી છે તેના પરિવારને આપવામાં આવે નહીં. બેથી વધારે બાળકોને જન્મ આપનારને ચૂંટણી લડવાની અને ચૂંટણીમાં વોટ કરવાના અધિકારથી વંચિત રાખવામાં આવે. દેશને પોપ્યુલેશન બોમ્બથી બચાવવું પડશે.

પ્રવીણ તોગડિયાએ નાગરિકતા કાયદા અંગે મોદી સરકારની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારનો આ નિર્ણય વખાણવા લાયક છે. આ કાયદાથી પ્રતાડિત લોકોને મદદ મળશે. પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશમાં પ્રતાડિત હિન્દુઓ અને અન્ય ધર્મના લોકોને સારું જીવન મળશે.

જેએનયૂમાં કોડ ઓફ કન્ડક્ટ લાગૂ કરવાની જરૂર

જેએનયૂ હવે ગુંડાગર્દીનો અડ્ડો બની ગયું છેઃ રામદાસ અઠાવલે

ન્યુ દિલ્હી

કેન્દ્રીય સામાજિક અને ન્યાય અને અધિકારિતા રાજ્યમંત્રી રામદાસ અઠાવલેએ જેએનયૂ મામલે નિવેદન આપતા જણાવ્યું કે, જેએનયૂ હવે ગુંડાગર્દીનો અડ્ડો બની ગયું છે. બીજીવાર આવી ઘટના ન થાય તેના માટે જેએનયૂમાં કોડ ઓફ કન્ડક્ટ લાગૂ કરવાની જરુર છે. આના માટે તેઓ કેન્દ્રીય માનવ સંસાધન મંત્રી રમેશ પોખરિયાલ સાથે પણ વાત કરશે. અઠાવલેએ જેએનયૂમાં ગત રવિવારના રોજ નકાબધારી લોકોએ વિદ્યાર્થીઓ પર હુમલો કર્યો તે ઘટનાની નિંદા કરી. તેમણે જેએનયૂ વિદ્યાર્થી સંઘની અધ્યક્ષ આઈશી ઘોષની ભૂમિકાની પણ તપસા કરાવવાની માંગ કરી અને કહ્યું કે એક વીડિયોમાં તે નકાબમાં દેખાઈ રહી છે.

મંત્રીએ કહ્યું કે જેએનયૂમાં જે થયું તે ખોટુ છે. ત્યાં કોમ્યુનિસ્ટ વિધારધારાનો વધારે પ્રભાવ છે. ત્યાં પાકિસ્તાન જિંદાબાદના નારા લગાવવામાં આવે છે. સંસદ પર હુમલાના દોષીત અફઝલ ગુરુની ફાંસીના દિવસે રેલી કાઢવામાં આવે છે. ગુંડાગર્દીઓ અડ્ડો બની ચૂક્યું છે. વિધારધારા અલગ હોઈ શકે છે પરંતુ આપણે બાબા સાહેબને માનનારા લોકો છીએ. આ પ્રકારની ઘટનાઓની નિંદા કરીએ છીએ. જેએનયૂમાં હુમલાની ઘટનાની મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે દ્વારા ૨૬/૧૧ ના હુમલાથી તુલના કરવાની વાતને અઠાવલેએ ખોટી ગણાવી. તેમણે કહ્યું કે, ૨૬/૧૧ નો હુમલો પાકિસ્તાનના આતંકીઓએ કર્યો હતો. આવામાં જેએનયૂમાં ઘટેલી ઘટનાની તુલના તે હુમલા સાથે ન કરી શકાય.

અમેરિકામાં કાર પર બરફ ફેંકતા આવેશમાં બે બાળકોને ગોળી મારી

મિલવાઉકે

ઉત્તર અમેરિકાના વિસ્કોનસિન સ્ટેટ ખાતે એક શખ્સે તેની કાર પર બરફ ફેંકનારા બે બાળકોને ગુસ્સામાં ગોળી મારી દીધી હતી. પોલીસના જણાવ્યા મુજબ બે બાળકોએ એક શખ્સની કાર પર બરફના ગોળા મસ્તીમાં ફેંક્યા હતા. જો કે રોષે ભરાયેલા વ્યક્તિએ ૧૨ વર્ષની બાળકી અને ૧૩ વર્ષના બાળક પર ગોળી ચલાવી હતી. જો કે સદનસીબે આ બન્ને બાળકોને ફક્ત ઈજા પહોંચી છે અને હુમલો જીવલેણ નહીં હોવાનું પોલીસે જણાવ્યું હતું.

શનિવારની સાંજે બનેલી ઘટનામાં કેટલાક બાળકો રોડની બાજુ પર ઉભા રહીને બરફનો આનંદ લઈ રહ્યા હતા અને ત્યાંથી પસાર થતા વાહનો પર બરફના ગોળા ફેંકતા હતા. જો કે એક ટોયોટા કાર પર બે બાળકોએ બરફ ફેંક્યો હતો. જેને પગલે ડ્રાઈવરે બાળકોના ટોળા પર ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગમાં બે બાળકોને શરીરના ભાગે ઈજા પહોંચી હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસ વિભાગે હુમલાખોરની શોધવામાં મદદ કરવા માટે લોકોને અપીલ કરી છે.

ઈરાનમાં યૂક્રેનનું પહેલા પાનાનું ચાલું

ઘટી હતી જેની તપાસ હાથ ધરવામાં આવી છે. વિમાને ઉડાન ભર્યાના થોડા જ સમયમાં એરપોર્ટ સાથેનો સંપર્ક તોડી દીધો હતો. આ દુર્ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં અંધકાર વચ્ચે પ્લેન ઉડાન ભર્યાની થોડીવારમાં એકાએક કોઈકારણસર તૂટી પડે છે અને જોરદાર ધડાકા સાથે આકાશમાં આગ અને ધૂમાડો જોવા મળે છે.

ઈરાનની રાજધાની તેહરાનથી ઉડાન ભર્યાની કેટલીક જ મિનિટો બાદ કીવ જઈ રહેલું વિમાન ક્રેશ થઈ ગયું હતુ. અત્યારે તહેરાનમાં ઉપસ્થિત યૂક્રેન એમ્બસી તરફથી કહેવામાં આવ્યું છે કે શરૂઆતની તપાસમાં સામે આવ્યું છે કે એન્જિનમાં ખરાબી હોવાના કારણથી અકસ્માત થયો. એમ્બેસીએ ક્રેશની પાછળ હુમલાની આશંકાને સત્તાવાર રીતે ફગાવી દીધી છે.

ગત્ત વર્ષની જો વાત કરવામાં આવે તો માર્ચ મહિનામાં બોઈંગ-૭૩૭ મોડલ ટેક ઓફ થવાની સાથે જ ક્રેશ થઈ ગયું હતું. જેમાં સવાર ૧૫૭ યાત્રિકોના મોત થઈ ચૂક્યા હતા. ૨૦૧૮માં ઈન્ડોનેશિયાના જાકાર્તામાં લોયન એરલાઈન્સની બોઈંગ-૭૩૭ પણ એ જ રીતે ઉડાન ભરવાની સાથે જ ક્રેશ થઈ ગયું હતું. જેમાં ૧૧૨ સવાર તમામ લોકોના મોત થયા હતા.

બોઈંગ ૭૩૭-૮૦૦ બે એન્જિન વાળુ જેટ છે. દુનિયાની હજારો એરલાઈન્સ કંપનીઓ આ મોડલનો ઉપયોગ કરે છે. ૧૯૯૦માં આવેલું આ વિમાન બોઈંગ ૭૩૭ મેક્સ વિમાનનું જૂનું વર્ઝન છે. બોઈંગ ૭૩૭-૮૦૦ આ પહેલાં પણ ઘણી દુર્ઘટના બની છે. મે ૨૦૧૦માં એર ઈન્ડિયા એક્સપ્રેસનું વિમાન મેંગલોરમાં લેન્ડિંગ દરમિયાન દુર્ઘટના ગ્રસ્ત થયું હતું. તેમાં ૧૫૦ લોકોના મોત થયા હતા. ૨૦૧૬માં પણ બોઈંગ ૭૩૭-૮૦૦ ક્રેશ થયું હતું. ફ્લાઈદુબઈ એરલાઈન્સનું વિમાન રશિયાના રોસ્તોવ-ઓન-ડોન એરપોર્ટ પર લેન્ડ થતી વખતે ક્રેશ થયું હતું. તેમાં પણ ૬૨ લોકોના મોત થયા હતા.

ઈરાકમાં અમેરિકી એરબેઝ પહેલા પાનાનું ચાલું

ટ્વીટ કરીને લખ્યું કે, 'ઈરાન તરફથી ઈરાકમાં અમેરિકાના બે સૈન્ય ઠેકાણાઓ પર મિસાઈલ્સ છોડવામાં આવી છે. આ હુમલામાં થયેલ જાનહાની અને નુકસાનીનું અવલોકન થઈ રહ્યું છે. અમે દુનિયામાં બધા જ દેશો કરતા વધારે તાકાત ધરાવીએ છીએ, દુનિયામાં કોઈ પણ દેશ અમારા જેટલી ટેક્નિકલ ક્ષમતા નથી ધરાવતો. અત્યાર સુધી તો બધું જ બરાબર છે. હું કાલે સવારે આ ઘટના પર નિવેદન આપીશ.'

અમેરિકાના સૈન્ય ઠેકાણા પહેલા પાનાનું ચાલું

હુમલાની ચેતવણી આપી છે. અમેરિકાને આશંકા છે કે ઈરાન સમર્થતિ વિદ્રોહી સંગઠનો અમેરિકાના એરપોર્ટને ટાર્ગેટ બનાવવામાં આવી શકે છે. થોડાં દિવસ પહેલાં અમેરિકાની ગુપ્તચર એજન્સીઓએ ચેતવણી જાહેર કરતા કહ્યું હતું કે વિદ્રોહીઓની પાસે વિમાનને તોડી પાડવાની મિસાઈલ છે.

અમેરિકી એરબેઝ પર પહેલા પાનાનું ચાલું

સુલેમાનીની હત્યાને સહિદી ગણાવતા કહ્યું હતું કે, ઈરાન ક્યારેય પણ તેના યોગદાનને ભૂલસે નહીં.

ખેમેનીએ ઈશ્વરનું નામ લેતા કહ્યું હતું કે, આજે અમેરિકી બેઝ પર ઈરાનના બહાદુર અને સાહસી સૈનિકોએ સફળ આક્રમણ કર્યું છે. તેમણે કહ્યું હતું કે, અમારો સંઘર્ષ યથાવત રહેશે અને અમે શક્તિશાળી તાકાતો વિરૂદ્ધ સંઘર્ષ માટે એકત્ર થઈ રહ્યાં છીએ. ઈરાન ક્યારેય નબળું નહીં પડે અને ક્યારેય હાર પણ નહીં માને. ઈરાન સાથે જે કંઈ પણ થયું છે તેને અમે ક્યારેય નહીં ભૂલીએ.

ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)એ અમેરિકાને સીધી ચેતવણી આપી દીધી છે કે, જોકે તેણે ભવિષ્યમાં ઈરાનની ધરતી પર બોમ્બમારો કર્યો તો જવાબમાં સંયુક્ત અરબ અમિરાત (યુએઈ)ના શહેર દુબઈ અને ઈઝરાઈલના હાફિયા જેવા શહેરોને નિશાન બનાવવામાં આવશે.

ઈરાન સાથે તણાવ પહેલા પાનાનું ચાલું

અમેરિકા સતર્ક થઈ ગયું છે અને પરિણામે તમામ સિવિલ ફ્લાઈટ્સ પર આ ક્ષેત્રમાં પ્રતિબંધ મૂકી દીધો છે.

યુએસ ફેડરલ એવિએશન ઓથોરિટીએ (FAA) મંગળવારે રાત્રે એક જાહેરનામું બહાર પાડીને અમેરિકન એરલાઈન્સને ઈરાક, ઈરાન અને ખાડી દેશોના એરસ્પેસ પરથી નાગરિક ફ્લાઈટ ઉડાડવા પર પ્રતિબંધ મૂક્યો હતો.

ગુનેગારોને લગતી પહેલા પાનાનું ચાલું

ફાઈનાન્શિયલ ઍક્શન ટાસ્ક ફોર્સે સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા લશ્કરે તોઈબાના હાફિઝ સઈદ, જૈશે મહંમદના સ્થાપક મૌલાના મસૂદ અઝહર સહિતના જે લોકોને ત્રાસવાદીઓ જાહેર કરાયા છે તેઓની સામે અસરકારક પગલાં લેવાનો ઈસ્લામાબાદને આદેશ આપ્યો હતો.

કોલસા ખાણની પહેલા પાનાનું ચાલું

છે. નીલાંચલ સ્ટીલ પ્લાન્ટમાં રિ-ઈન્વેસ્ટમેન્ટનો જે નિર્ણય કરવામાં આવ્યો છે તે અંતર્ગત એમએમટીસી, એનએમડીસી વગેરેના શેરના અમુક ભાગને રિ-ઈન્વેસ્ટ કરવામાં આવશે. તેમાં નીલાંચલ સ્ટીલ પ્લાન્ટનું વિસ્તરણ કરવામાં આવશે.

કેબિનેટમાં આજે ફ્રાન્સ સાથે મોબિલિટીના નિર્ણયને પણ મંજૂરી આપવામાં આવી છે. તેનાથી વિદ્યાર્થીઓ અને સ્કિલ્ડ લોકોને વધારે રાહત મળશે. સ્વાસ્થય ક્ષેત્રે મિલિન્ડા અને બિલ ગેટ્સ સાથે સમજૂતીને પણ મંજૂરી આપવામાં આવી છે.

નીલાંચલ સ્ટીલમાં એમએમટીસીની ભાગીદારી ૪૯.૦૮ ટકા છે, એનએમડીસીનો હિસ્સો ૧૦.૧૦ ટકા, મેકોન અને ભેલનો હિસ્સો ૦.૬૮ ટકા છે. કેબિનેટે નિલાંચલ સ્ટીલ નિગમ લિમિટેડને વેચવાની મંજૂરી આપી દીધી છે. નિલાંચલ સ્ટીલમાં સરકારે તેમનો ૧૦૦ ટકા હિસ્સો વેચવાની છે. આ સિવાય કેબિનેટે કોલ માઈનિંગમાં કોમર્શિયલ માઈનિંગનો રસ્તો સાફ કરી દીધો છે. તે માટે એમએમડીઆર એક્ટમાં ફેરફાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તે માટે કેબિનેટે અધ્યાદેશને મંજૂરી આપી છે.



શ્રમ કાયદાના સુધારાના વિરોધમાં તથા અન્ય માંગણીઓ સંદર્ભે રાષ્ટ્રીય કક્ષાના ૧૦ ટ્રેડ યુનિયનો દ્વારા યોજાયેલી એક દિવસીય હડતાળ દરમિયાન વિવિધ વિભાગના કર્મચારીઓ દ્વારા નાનપુરા વિવેકાનંદ સર્કલ પાસે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

શુક્રવારે અડાજણ રીવર ફ્રન્ટ નજીક ભવ્ય આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

દેશ-વિદેશના ૯૦ પતંગ બાજો જુદા જુદા આકારના પતંગ ઉડાવશે

સુરત

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ, સુરત મહાનગરપાલિકા અને જીલ્લા વહીવટી તંત્ર, સુરતના સંયુકત ઉપક્રમે ×આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૦×નું આયોજન તા.૧૦/૦૧/૨૦૨૦ને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ કલાક થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન રીવરફ્રંટની બાજુના પ્લોટ, જૂના અડાજણ રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. ૧૦મી જાન્યુઆરીની સુવર્ણમયી સવારે તાપી નદીના રમણીય તટે રાજયના માન.મંત્રીશ્રીઓ, સુરત મહાનગર પાલિકાના પદાધિકારીઓ, સાંસદો, ધારાસભ્યો, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, આંતરરાષ્ટ્રીય તેમજ રાષ્ટ્રીય પતંગબાજોની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથોસાથ બલુનો ગગનમાં વિહરતા કરી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો શુભારંભ કરવામાં આવશે.

રાજય સરકાર વિવિધ કાર્યક્રમો, ઉત્સવો, મેળાઓ વિગેરેનું વર્ષ દરમ્યાન આયોજન કરી ગુજરાતને દેશ તથા વિશ્વમાં ટુરિઝમ ક્ષેત્રે આકર્ષવા અને પોતાની આગવી ઓળખ બનાવવા પ્રયત્નશીલ છે ત્યારે આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ફોન્સ, નેપાલ, નેધરલેન્ડ, ન્યુઝીલેન્ડ, રશિયા, સિંગાપોર, સ્લોવેનિયા, સ્પેન, શ્રીલંકા, ટુનીશિયા, ટર્કી, થાઈલેન્ડ, યુક્રેઈન, યુકે, યુએસએ, વિયેતનામ વિગેરે દેશોના ૫૦ જેટલા ઈન્ટરનેશનલ પતંગબાજો અને ભારતના ઉત્તરપ્રદેશ, તામીલનાડુ, કેરાલા, વેસ્ટબેંગાલ, બિહાર, લક્ષદ્વીપ, કર્ણાટક, કેરાલા સિક્કિમ સહિત રાજયોના ૪૦ નેશનલ પતંગબાજો મળી કુલ ૯૦ જેટલા નેશનલ-ઈન્ટરનેશનલ કાઈટીસ્ટો ભાગ લેશે. દેશ વિદેશથી સુરતના આંગણે પધારેલ પતંગબાજો તેમના વિવિધ આકારોવાળી કાપડ, ફાઈબર ગ્લાસ વગેરેની મહાકાયડ્રેગન, કથકલી જેવી અવનવી ડિઝાઈનવાળા વિશાળકાય અને અવનવા રંગબેરંગી પતંગોથી સુરતનું આકાશ આચ્છાદિત કરશે. આ પ્રસંગે દેશની ઉમદા સંસ્કૃતિને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ છે. દેશ-વિદેશથી પધારેલ પતંગબાજોના અવનવા કરતબોને વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે માણવા શાળા-કોલેજના વિદ્યાર્થીઓ સહિત શહેરના ઉત્સવપ્રેમી નગરજનોને જાહેર નિમંત્રણ છે.

સારોલીમાં રઘુકુળ સેલ્યુમ માર્કેટના સાતમાં માળે આગ ફાટી નિકળી

આગ લાગતા ૨૦ ફાયર ફાયટરો ઘટના સ્થળે દોડી ગયા

સુરત

પુણા-કુંભારીયા ખાતે આવેલી રઘુકુળ સેલ્યુમ ટેક્સટાઈલ માર્કેટમાં અગમ્યકારણોસર આગ લાગી ગઈ હતી. સાતમાં માળે પેસેજમાં ઈલેક્ટ્રીક શોર્ટ સર્કિટના કારણે લાગેલી આગથી બહાર પડેલો સાડીનો જથ્થો સળગી ગયો હતો.જેથી આગના ધૂમાડા બીજા માળ સુધી પ્રસર્યા હતાં. આગના પગલે ફાયરબ્રિગેડની ૧૦થી વધુ ગાડીઓ ઘટના સ્થળે પહોંચી હતી અને આગ પર પાણીનો મારો ચલાવી કાબૂ મેળવ્યો હતો.



ફાયરબ્રિગેડના ઓફિસરે પ્રાથમિક તબક્કે જાણકારી આપતાં કહ્યું હતું કે, આગ સાતમાં માળે લાગી હતી. જ્યાંથી ધૂમાડા બીજા માળ સુધી પ્રસર્યા હતાં.ધૂમાડાને બહાર કાઢવા માટે બારીઓના કાચ તોડવાની ફરજ પડી હતી. જો કે આગ પર કાબૂ મેળવીને કૂલિંગનું કામ ચાલું કરવામાં આવ્યું છે. આગ મોટા પ્રમાણમાં પ્રસરી રહી હોવાનું ધ્યાને આવતાં ફાયરબ્રિગેડ દ્વારા કાચ તોડીને ધૂમાડાને બહાર કાઢીને આગ પર કાબૂ મેળવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો. સાથે દુકાનમાં છત પર લગાવવામાં આવેલા સિલીગમાં પણ આગ પ્રસરી હોવાથી સિલિંગ પણ તોડીને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

રઘુકુળ ટેક્સટાઈલ માર્કેટના વેપારીઓએ જણાવ્યું હતું કે, આગ સૌ પ્રથમ સાતમાં માળે પેસેજમાં આવેલા ઈલેક્ટ્રીક ડકમાં આગ લાગી હતી. ઈલેક્ટ્રીક ડકમાં પાવરનો મેન સપ્લાય આવતો હોવાથી ત્યાંથી આગ લાગતાં આગના ધૂમાડા અન્ય ફ્લોરમાં પણ પ્રસર્યા હતાં.સવારના સમયે લોકો ઓછા પ્રમાણમાં હોવાથી તમામને સલામત રીતે નીચે ઉતારીને ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવી હોવાનું તેમણે વધુમાં ઉમેર્યું હતું. ફાયરબ્રિગેડ દ્વારા મોટી આગને જાતો ૧૦થી વધુ ગાડીઓ અને હાઈડ્રોલિક સહિતની ગાડીઓને ઘટના સ્થળે બોલાવી લીધી હતી. બાદમાં આગ પર કાબૂ મેળવ્યો હતો. આગના ધૂમાડાના ગોટે ગોટા ઉડતાં માર્કેટની આસપાસથી પસાર થતાં લોકો પણ દોડી આવ્યાં હતાં. લોકોના ટોળા ઉમટતાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને લોકોના ટોળાને વિખેરીને ફાયરબ્રિગેડની ગાડીઓને ઘટના સ્થળે કામગીરી કરવામાં સહકાર આપ્યો હતો.



કાવ્ય અભિવ્યક્તિ

સંકલનઃ નીલકંઠ વાસુકિયા

મો નંબરઃ- 9824856247

કંઈક વસંતો વિતાવી મેં જિંદગીમાં
તોય કશું ન બચાવી શકાયું જિંદગીમાં
તરોતાજા લીલાશનો લિબાસ સોહામણો
ફૂલોની શું મહેક જિંદગીમાં
સૂરજ આજ અસ્ત થઈ રહ્યો
ને આવી ઓટ આમ જિંદગીમાં
કર્યા જતન બનીને માલિની
ઉજડતા ચમન જોયા જિંદગીમાં
પીળે પાન પીડા પ્રસવ સમી
ખરીને ખાલી ખખડતા જિંદગીમાં
વૈભવે વિચરતો વિહંગ સમ નભમાં
આજ હવા સંગ ઉડું જિંદગીમાં

- ગીતા પંડ્યા

•

હું પડુ આખડુ રાહ મા, મનસ્મિત હદયે શ્રદ્ધા ધરી,
ઈશ તારો હાથ પકડુ છું. મળે છે અગણિત ઠોકરો,
છતાય બેફિકર થઈ , મંઝિલ ની વાટ પકડુ છું.
વસી છે અંતરના ઉંડાણે, પ્રભુ તુજ અનેરી આશ ,
હું એ વિશ્વાસ થી શ્વાસ પકડુ છું. સકલ સંસાર માયા નુ આવરણ,
ઘેરા અંધકારે પણ હું, પ્રાર્થના નો ઉજાસ પકડુ છું.
હોય અનંત નિરાશાઓ છતા, અંતર કેરા ઉંડાણમાં ,
હું હકારાત્મકતા નો સાથ પકડુ છું.

શ્વેતા મનિષ મહેતા, મનસ્મિત - સુરત

•

વિચારોના વૃંદાવનમાં મહેકી રહી છું
સ્વપ્નોની પાંખ ફેલાવતી રહી છું.
જે સ્વપ્નો સેવ્યા'તા ભૂતકાળમાં,
આજે એમાં હું જીવતી રહી છું.
પ્રેમ, લાગણી અને હૂંફના સથવારે,
શ્વાસે શ્વાસે હું ખીલી રહી છું.
હૃદયની લાગણી નો તો શું ભાર લાગે?
કવિતાથી વાચા આપતી રહી છું.
પ્રકૃતિના સાનિધ્યમાં વિહાર કરીને,
વ્યક્તિત્વ ને હું વિકસાવી રહી છું.
પ્રેમના તાંતણે સૌ ને બાંધતી રહું.
પ્રભુ, એટલી 'કૃપા' યાચતી રહું છું

- કૃપા ચરાડવા, પોરબંદર

•

મારી આંખોને વાંચી શકે તો તું આવ
મારા મૌનને માણી શકે તો તો તું આવ
મારા પ્રેમમાં પીગળી શકે તો તો તું આવ
મારા અસ્તિત્વમાં ઉતરી શકે તો તું આવ
મારી ભીતર ભળી શકે તો તું આવ
મારી રૂહનો સાથી બની શકે તો તું આવ
મારા એકાંતમાં ઓગળી શકે તો તું આવ
મારી ચંચળતા ને નાથી શકે તો તું આવ
મારું આકાશ બની શકે તો તું આવ
વલસાડી વાદળને વરસાવી શકે તો તું આવ

- ભાવના પટેલ."વલસાડી વાદળ" ગાંધીનગર

•

મુજ મહી આ ''ગૌ'' ને ચારતું કોણ ભાસે??
લાગણીરૂપી રાધાને છે તો આ નટખટ કોણ છે?
યમુના તટે કરતો કદમ બઢાયે ઝૂલતો કે પછી,
ગોપીને સતાવીને શરમાવતો એ યાદ કા આવે?
ગોપ બાળનો વડો મુજ અંતરે ચોરીથી છુપાયો,
ફરિયાદના મેણાં ટોણાં માં યશોદા પલ્લે લવાયો.
ગોકુળ મથુરાને વૃંદાવન નો એ મોરપીછ ધારી
દામોદર દ્વારકામાં વસ્યા બન્યો સુદામ સખો.
મીઠી નજર માંડું ત્યાં તો સુદર્શન કરે શક્તિપાત,
હજીતો એ નટવર નાનો મોજમાં કરે છે ઉત્પાત.
પ્રારબ્ધની ફોડું ગગરી કે પછી જન્મ નો આ ફેરો,
સમેટી લેજે તું એ નવનીત ને બનીને ચિત્ત ચોર.
ઘડીક ભાસે કાળો કાન, પછી રાવણ રોળતો રામ,
જન્મોજન્મ ચડાવું પંચભૂતના બીલ્વને પુરારીને.
સાતેસાત ચક્રોને ભેદીને સમ્મીનો જીવ આજે,
કર્યો છે પ્રવેશ અષ્ટમીમાં ને બન્યું છે મંગળાષ્ટક.

- ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

•

મને ક્યાં ભાન હતી આ જીવન જીવવાની!
ન હતી હિંમત મારામાં કોઈ સામે લડવાની.
ખુદમાં રહેલ મનોબળ શક્તિમાં ઉણપ હશે.
ત્યારે તો જીદ પકડી મેં એમ જ બેસવાની.
સ્વાત્મામાં ચીનગારીની એક કોશિશ હતી,
ફરી લડવાને જરૂર હતી ખુદને ઉઠાડવાની.
જાગી, ઊઠીને તૈયાર થઈ હું સફળતા માટે,
પેલા પ્રયાસે થઈ ખુશી મને જંગ જીતવાની.
હાર ન માની મેં જીવન જીવવાની લડાઈમાં,
વૈરીયા હર્ષમાં ખુશાહાલ જિંદગી પામવાની.

- કાતરીયા વૈશાલી "વૈરીયા"(રાજુલા)

•

ગોપી ઓનો કાન ક્રિષ્ના છે નખરાવાળો
મુજને ભાન ભૂલાવે નટખટ બંસરી વાળો
માધવ છેડે મુજને છે ખુબ મસ્તી વાળો
માખણ ખાય છે ગોવાળ એ ગાયોવાળો
વૃંન્દાવન નો વાલો છે વલ્લભ વટવાળો
શંખ ચક્ર ગદા પદ્મ ચત્રભુજાવાળો
કરે છે કાલીનાગ ને વશ શેષ છત્રવાળો
ધર્યુ છે વિરાટ રૂપ એ જ છે વામન બળવાળો
કરે છે ઈચ્ચા સૌની પૂરી હજાર હાથવાળો
''મોહિત'' છુ એના પર મોહન છે મોહિનીવાળો

- મહેશ પરમાર "મોહિત" દાંતરડી (અમરેલી)



ગુજરાતની સરકારી હોસ્પિટલોમાં મોટી સંખ્યામાં માસુમ બાળકોના મોતને પગલે સરકારી હોસ્પિટલોની ગંભીર બેદરકારી ઉજાગર થવા પામી છે. માસુમ બાળકોના મોત અંગે સંવેદના વ્યક્ત કરી સરકારી અને તંત્રને ઢંઢોળવા ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષ નેતા પરેશભાઈ ધાનાણીની ઉપસ્થિતિમાં સુરત શહેર કોંગ્રેસ દ્વારા નવી સિવિલ હોસ્પિટલ ખાતે આયોજિત ધરણામાં વરિષ્ઠ અગ્રણી કદીર પીરઝાદા, શહેર કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ રાયકા, મનપા વિરોધ પક્ષ નેતા પપન તોગડીયા વગેરે પણ જોડાયા હતા.

સરકારી હોસ્પિટલોમાં સંખ્યાબંધ બાળકોના મોત : સિવિલમાં કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષ નેતા પરેશ ધાનાણીની ઉપસ્થિતિમાં નવી સિવિલ હોસ્પિટલમાં યોજાયેલા ધરણા

સુરત

ગુજરાત સરકારની સરકારી હોસ્પિટલોમાં મોતને ભેટેલા માસુમ બાળકોના ન્યાય અપાવ્યાના મુદ્દે આજે ગુજરાત વિધાનસભાના વિપક્ષ નેતા પરેશભાઈ ધાનાણીની આગેવાની હેઠળ સુરત શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિએ ધરણા-વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ યોજ્યો હતો. નવી સિવિલ હોસ્પિટલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં પ્રદેશ કોંગ્રેસ અગ્રણી કદીર પીરઝાદા, સુરત શહેર પ્રમુખ બાબુભાઈ રાયકા, સુરત મનપા વિપક્ષી નેતા પ્રફુલ્લ તોગડીયા, માજી પ્રમુખ શંભુ પ્રજાપતિ જિલ્લા પ્રમુખ જગદીશ પટેલ, હરીશ સૂર્યવંશી, કોર્પોરેટર શૈલેષ રાયકા, અસલમ સાયકલવાળા, મેનેજ ચોવટીયા, વિજય પાનસેરિયા સહિત કોર્પોરેટરો, કોંગ્રેસ કાર્યકરો મોટી સંખ્યામાં રહ્યા હતા.

કોંગ્રેસે બેનરો સાથે પ્રદર્શન કરી ધરણાં યોજી રાજ્ય સરકારના કથળેલા આરોગ્યની ઘોર બેદરકારીને કારણે માસુમ બાળકોના મૃત્યુ થયા હોવાનો ગંભીર આક્ષેપ કોંગ્રેસ અગ્રણીઓએ ભાજપ સરકાર ઉપર લગાવ્યો હતો.

વિરમગામ તાલુકા મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર કે એમ મકવાણાનો વિદાય સમારંભ યોજાયો



કે. એમ મકવાણાએ ૩૬ વર્ષ સુધી આરોગ્ય વિભાગમાં અમૂલ્ય સેવાઓ આપી

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ

અમદાવાદ જીલ્લાના વિરમગામ તાલુકા હેલ્થ ઓફિસમાં તાલુકા મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર (મ.પ.હે.સુ) તરીકે ફરજ બજાવતા કે એમ મકવાણા તારીખઃ-૩૧/૧૨/૧૯ના રોજ વય નિવૃત થતા તેઓનો વિદાય સમારંભ તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ ખાતે યોજાયો હતો. તાલુકા મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર (મ.પ.હે.સુ) કે. એમ. મકવાણાએ ૩૬ વર્ષ સુધી આરોગ્ય વિભાગમાં ફરજ બજાવીને અનેક લોકોને આરોગ્ય વિષય માહિતી તથા માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. વિદાય સમારંભમાં જીલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો.ચિંતન દેસાઇ, તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા, ડીઆઈઈસીઓ સી. યુ. ઠાકોર સહિત આરોગ્ય વિભાગના અધિકારી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિરમગામ તાલુકા મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર (મ.પ.હે.સુ) તરીકે નિવૃત થયેલ કે એમ મકવાણાએ વિવિધ સ્થાનો પર લોકોને સતત આરોગ્ય શિક્ષણ આપ્યુ હતુ. વિરમગામ તાલુકા મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર (મ.પ.હે.સુ) તરીકે ફરજ બજાવતા કે એમ મકવાણા તારીખઃ-૩૧/૧૨/૧૯ના રોજ વય નિવૃત થયા હતા. સતત હસતા અને મિલનસાર સ્વભાવના કે. એમ. મકવાણા વિરમગામ તાલુકામાં સતત લોક સંપર્કમાં રહી કુટુંબ કલ્યાણ ઓપરેશન, રસીકરણ, કેન્સર સહાય, મુખ્યમંત્રી અમૃતમ તથા મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના કાર્ડ સહિત આરોગ્ય વિષયક માહિતી છેવાડાના માનવી સુધી પહોચાડવા પ્રયત્નશીલ રહેતા હતા. તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ ખાતે આયોજીત તાલુકા મપહેસુ કે.એમ. મકવાણાના વિદાય સમારંભમાં અધિકારી કર્મચારીઓએ તેઓને નિવૃતિ બાદ પણ સમાજીક કાર્યોમાં પ્રવૃત રહીને સુખી, સ્વસ્થ, નિરોગી જીવન વિતાવે તેવી શુભકામનાઓ આપી હતી.

ચાલો સૌ સાથે મળીને કરીએ નવા વર્ષના હકારાત્મક વધામણા



"કલ્પના ના સૂર"

સુચિતા ભટ્ટ
અમદાવાદ
POET WRITER THINKER COLUMNIST

વર્ષનો છેલ્લો દિવસ મિત્રો.. કેવું લાગે છે હે ને.. કે... જોત જોતા માં આખું વર્ષ ક્યાંયે વીતી ગયું એની ખબર જ ના પડી.. વર્ષ વીતી ગયું તેની સાથે સુખ દાયક અને દુઃખદાયક ઘણા બધા પરિબળો ભાગ ભજવતા રહ્યા. જિંદગી એ જ શીખવે છે મિત્રો કે સુખ અને દુઃખ તો જિંદગી નો એક ભાગ છે અને આપણા જીવન માં તેનું કેટલું મહત્વ છે તે ફક્ત ને ફક્ત આપણે જ નક્કી કરી શકીએ ઘણા આવા એ માણસો હોય છે કે તેમના માટે સુખ અને દુઃખ સમાન હોય છે તેઓ કોઈ પણ પરિસ્થિતિ માં સ્થિર હોય છે અને ઘણા લોકો આવા હોય છે દુઃખ માં વધારે દુઃખી થઈ ને પોતાની જાત ને સાચવી શકતા નથી અને તેનું પરિણામ આગળ જતા વિપરીત આવે છે નવા વર્ષ માં દરેક એ એક સંકલ્પ કરવો જોઈએ કે હંમેશા હકારાત્મક વિચારસરણી રાખીશુ અને કોઈ પણ પરિસ્થિતિ માં ડગીશું નહિ કોઈ પણ ગંભીર કે સરળ બાબતો ના વધુ માં વધુ બે પાસાં હોય છે એક હકારાત્મક અને બીજું નકારાત્મક આપણે હંમેશા હકારાત્મક વિચારસરણી રાખવી જોઈએ કે જે થાય છે તે સારા માટે થાય છે અને આગળ પણ જે થશે એ સારા માટે જ થશે અને થયુ છે તેની પાછળ પણ કંઈક કારણ હશે દુનિયા માં અબજો લોકો રહે છે દરેક લોકો કંઈક ને કંઈક બાબતે દુઃખી છે જ કોઈક ને શારીરિક દુઃખ હોય તો કોઈક ને માનસિક દુઃખ હોય કોઈક આર્થિક રીતે નબળું હોય તો કોઈક પારિવારિક જીવન માં દુઃખી હોય છતાં બધા સંસાર માં આવતા સુખ અને દુઃખ ને ઈશ્વરની ઈચ્છા માની ને નિભાવતા જ હોય છે જયારે રાત્રી પછી એક નવું સવાર નું સોનેરી કિરણ આપણા મુખારવીંદ પર પડે ત્યાર થી જ દિવસ ની અને જિંદગી નો નવો દિવસ આપણી રાહ જોઈ રહ્યો છે આપણે હંમેશા એ દિવસને વધાવવા તૈયાર રેહવું જોઈએ. ઈશ્વર કેટલા પ્રેમ થી આપણા જીવન માં એક નવા દિવસ નો રોજ ઉમેરો કરે છે તો આપણી પણ ફરજ છે કે હંમેશા હસતા હસતા દિવસ ની શુરુઆત કરીએ અને ઈશ્વર નો આભાર માનીએ.રોજ સવારે એક નવા વિચાર સાથે ઉઠીએ કે આજે કંઈક નવું કરવું છે પોતાના માટે તો ખરું જ પરંતુ આપણા કિંમતી સમય માંથી આપણે કેટલો સમય બીજા માટે પણ વિચારીએ છીએ કેટલું મહત્વ આપણે બીજા ને આપીએ છીએ કેટલી મદદ કરી શકીએ છીએ આ બધી બાબતો સંતોષકારક જીવન જીવવા માટે ખૂબ જ ઉપયોગી છે ક્યારેક દિવસ માં કોઈ એક સારુ કાર્ય કર્યું હોય તો તેનો આનંદ આખો દિવસ રહે છે અને રાત્રે સુતા પહેલા ખૂબ જ આનંદ ની અનુભૂતિ થાય છે અને એક પોઝિટિવ ઉર્જા નો સંચાર આખા શરીર માં અનુભવાય છે વ્યક્તિ હંમેશા એકટીવ રહેવું જોઈએ પોતાના રસ ના વિષય માં રસ દાખવીને કંઈક ને કંઈક નવું કરવું જોઈએ કોઈક એ સાચું જ કહ્યું છે વ્યસ્ત માણસ પાસે દુઃખી થવાનો સમય નથી હોતો અને વ્યક્તિ નું મગજ પણ કાર્યશિલ રહેવાના ના કારણે વ્યક્તિ માનસિક રીતે ખૂબ જ મજબૂત રહે છે સારા સારા વિચારો, સફળ વ્યક્તિઓ ની સાથે નિષ્ફળ લોકો ના પણ પુસ્તકો વાંચવા જોઈએ જેથી અંદાઝ આવી શકે કે સફળતા ફક્ત સફળ વ્યક્તિઓ પૂરતી નથી હોતી નિષ્ફળ લોકો પણ એક ઈતિહાસ બનાવે છે અને નિષ્ફળતા માં થી કંઈક ને કંઈક શીખી ને પોતાના ધ્યેય ને મેળવે છે મેં વાંચેલા દરેક પુસ્તકોનો એક અનુભવ કહું તો સફળ વ્યક્તિઓ ના જીવન માં એક નિષ્ફળ વળાંક હોય જ છે અને તે જ તેને પ્રેરણા આપે છે આ તો થઈ માનસિક પરિસ્થિતિ ની વાત પણ જીવન ને ખુશી ખુશી જીવવા માટે કેટલાક શારીરિક પરિબળો પણ ખૂબ જ ભાગ ભજવે છે વ્યક્તિ એ હંમેશા પોતાના શરીર માટે સાવચેત રહેવું જોઈએ. પહેલું સાચું સુખ તે શરીર નું છે વ્યક્તિ ગમે તેટલો માનસિક આર્થિક રીતે સક્ષમ હોય પરંતુ તેનું પોતાનું શરીર જ તેને સાથે ના આપતું હોય તો નકામું છે. જેનું શરીર સ્વસ્થ નથી તેને તો ધ્યાન રાખવું જ જોઈએ પરંતુ જે સ્વસ્થ છે તેને પણ શરીર ને લગતા કેટલાક નિયમો અનુસરવા જોઈએ. જેમ કે રોજ સવારે સૂર્યનમસ્કાર, વ્યાયામ, ખાનપાન માં ધ્યાન અને સમાયતરે દાક્તર પાસે જઈ ને શરીર ને ચેક પણ કરાવતા રેહવું જોઈએ આમ શારીરિક રીતે સક્ષમ વ્યક્તિ કોઈ પણ પડકાર ને પહોચી શકે છે.વ્યક્તિએ નકારાત્મક પરિબળો ને તેમના જીવનમા થી હંમેશા માટે દૂર કરી દેવા જોઈએ વ્યક્તિ એ હંમેશા આશાવાદી બનવું જોઈએ જિંદગી માં કશુય અશક્ય નથી જો ઈશ્વર પર શ્રદ્ધા અને તનતોડ મેહનત હોય તો કોઈ પણ વસ્તુ શક્ય છે બસ ધ્યેય નક્કી હોવો જોઈએ. માનસિક રીતે એટલું મજબૂત વ્યક્તિત્વ હોવું જોઈએ અને પોતાના પર એટલી શ્રદ્ધા અને વિશ્વાસ હોવો જોઈએ કે કોઈના બોલેલા બે નકારાત્મક શબ્દોની અસર મન પર ના પડવી જોઈએ કોઈ ના આપેલા પ્રમાણપત્ર ઉપર જીવવા કરતા પોતાના આત્મવિશ્વાસ ઉપર જીવવું યોગ્ય હોય છે નિંદા, ઈર્ષા, ક્રોધ, મોહ,માયા, ખોટા કર્મો હંમેશા જિંદગી ને ટૂંકી કરી દે છે અને સાથે સાથે જિંદગી ને નિરસ કરી દે છે અને મન માં એક ડર પેદા કરે છે અને જીવનની મજા જે લેવા જેવી હોય તે લઈ શકાતી નથી. આથી જ જિંદગી એવી જીવવી જોઈએ કે જિંદગી પણ એવી ને કહે કે મારે આ વ્યક્તિ સાથે જીવવું છે..આ બધા પરિબળો જો ધ્યાન માં લેવા માં આવે તો આવનારા દરેક વર્ષો ખૂબ જ ખુશી અને સફળતા ભરેલા વીતે આમ ગયું વર્ષ ઘણું બધું શીખવી ને ગયું આવનારું વર્ષ દરેક નું ખૂબ જ આનંદદાયી અને મંગલદાયી બંને તે જ પ્રાર્થના.

દેશના ડીએનએમાં કરૂણા, પ્રેમ અને માનવતા છે : રાજીવ ત્યાગી



સુરત

કેન્દ્રની ભાજપ સરકાર આર્થિક મંદી, બેરોજગારી, ખેડૂતોની બગડી હાલત ઉપરથી ધ્યાન હટાવવા માટે દેશના નાગરિકોમાં સામાજિક અને સાંપ્રદાયિક ભાગલા પડાવવાની વૃત્તિમાં રાચતી હોવાનો ગંભીર આક્ષેપ અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીના પ્રવક્તા રાજીવ ત્યાગીએ આજે સુરત ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું.

વધુમાં શ્રી રાજીવ ત્યાગીએ જણાવ્યું હતું કે કોંગ્રેસ સીએએ, એનઆરસી વિરોધ એટલા માટે કરી રહી છે કે આ સંવિધાનની ભાવનાની વિરૂદ્ધ અને દેશના ગરીબ, કમજોર વર્ગના લોકો સાથે ભેદભાવ વાળુ છે. દેશની વિશ્વ વિદ્યાલયોના આંદોલનકારી વિદ્યાર્થીઓ અને સિવિલ સોસાયટી સંગઠનો ઉપર ભાજપ સરકાર દમન ગુજારે છે. જે ખૂબ જ ચિંતાજનક અને પીડાદાયક છે. મહાત્મા ગાંધીના દેશમાં હિંસાને કોઈ સ્થાન નથી. સરકારની ખોટી નીતિઓનો વિરોધ કરનારાને ભાજપા સરકાર ક્રૂરતા પૂર્વક દબાવી રહી છે. કોંગ્રેસ ભાજપની આ દમનકારી નીતિનો વિરોધ કરી રહી છે.

વધુમાં શ્રી રાજીવ ત્યાગીએ જણાવ્યું હતું કે આ ભાજપ સરકાર તમામ મોરચે વિફળ રહી છે. મોંઘવારી બેકાબુ બની છે. છેલ્લે રાજીવ ત્યાગીએ ઉમેર્યું હતું કે આ દેશમાં ભાજપની વિભાજનકારી ષડયંત્ર ક્યારેય સફળ થશે નહીં. કેમ કે ભારત દેશના ડીએનએમાં સહિષ્ણુતા, પ્રેમ, માનવતા, કરૂણા, અહિંસા અને સત્ય છે. આ પત્રકાર પરિષદમાં સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ રાયકા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

પુણા-કેનાલ રોડ પર પીસીબી પોલીસે દારૂ ભરેલી કાર પકડી

વરાછા પોલીસે પણ દારૂનો જથ્થો પકડી પાડ્યો

સુરત

પુણા-કેનાલ રોડ ઉપરથી પીસીબી પોલીસે દારૂ ભરેલી કાર જપ્ત કરી હતી. જ્યારે વરાછા પોલીસે પણ પ્રોહિબીશન એક્ટ અન્વયે કેસ કર્યો હતો. આ બંને કેસમાં કુલ રૂા.૧,૭૧,૯૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

વરાછા પોલીસે ત્રિકમનગર-૨, શ્રીજી નિવાસ સોસાયટીમાંથી આરોપી હિરેન પ્રફુલ્લ સેજપાલની ધરપકડ કરી રૂપિયા ૩૬૦૦૦ની કિંમતનો દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો.

જ્યારે પીસીબી પોલીસે પુણા-કેનાલ રોડ રેશ્મા રેસીડેન્સી પાસેથી આરોપી સમીન રાજુ ઢોળીયા પટેલની ધરપકડ કરી હતી. પીસીબી પોલીસે દારૂનો જથ્થો આપનાર શાંતિલાલને વોન્ટેડ જાહેર કર્યો હતો. પીસીબી પોલીસે કાર, દારૂની ૨૭૬ બોટલ એક મોબાઈલ ફોન મળી કુલ રૂા.૧,૩૫,૯૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

વેડરોડ પર દુકાન નજીક મુકેલા સાગના લાકડા ચોરાયા

સુરત

કિંમતી સાગના લાકડા ચોરી જનાર હાર્ડવેરના દુકાનદાર સામે કતારગામ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી. કતારગામ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કતારગામ વેડરોડ પ્રણામી શોપિંગ સેન્ટરમાં માં કૃપા એન્ટરપ્રાઈઝ નામની દુકાન ધરાવતા વિપુલ ભીખુભાઈ પરમારે આરોપી નરેશ ધીરૂ નારોલા (રહે. જીલ પાર્ક, આંબા તલાવડી, કતારગામ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપી નરેશ નારોલાએ ફરિયાદીની દુકાન પાસેથી રૂા.૨૧૦૦૦ની કિંમતના સાગના લાકડા મોટર સાયકલ ઉપર મુકીને ચોરી કરી ગયો હતો. કતારગામ પોલીસે ચોરીની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.



અમેરિકા વસવાટ કરતા અને સુરત આવેલા એનઆરઆઈની કારને ભટાર રોડ નવજીવન સર્કલ પાસે ટ્રકે અડફેટે ચઢાવતા અકસ્માતમાં કાર પલ્ટી ગઈ હતી અને એનઆરઆઈ ગિરીશભાઈ ગણાત્રા ગંભીર રીતે ઘાયલ થતા સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

ભટાર રોડ પર એનઆરઆઈની કારને ટ્રકે અડફેટમાં ચઢાવી

અમેરિકાથી આવેલા કિરીટભાઈ ગણાત્રા ગંભીર રીતે ઘાયલ

સુરત

શહેરના નવજીવન સર્કલ પાસે કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયાના અહેવાલ છે. અકસ્માતમાં કારમાં સવાર ચાર લોકોને ઈજા પહોંચી છે. જેમાં USથી આવેલા કિરીટભાઈ વિરજીભાઈ ગણાત્રા (ઉ.વ.૫૫)ને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ લવાયા હતા. હાલત નાજૂક જણાતા સિવિલ બાદ કિરીટભાઈને વધુ સારવાર અર્થે મહાવીર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાના અહેવાલ છે.

બનાવની પ્રારંભિક વિગતો એવી છેકે, વહેલી સવારે ૪.૩૫ વાગ્યાની આસપાસ એક ટ્રકે કારને અડફેટે લેતા કાર સર્કલ સાથે ધડાકાભેર અથડાઈ હતી અને સર્કલની દિવાલ તોડી અંદર ઘૂસી ગઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે કારનું એન્જીન પણ બહાર આવી ગયું હતું. અકસ્માત થયાની જાણ થતાં આસપાસના લોકો ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને કારમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા. તાત્કાલિક ૧૦૮ની ટીમને જાણ કરી ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. NRI કિરીટભાઈ વેસુમાં પોતાના મિત્રને ત્યાં આવ્યા હતા અને વહેલી સવારે અમદાવાદ જવા નીકળ્યાં હતા એ સમયે તેમની કારને અકસ્માત નડ્યો હતો.

બેગમપુરા તુલસી ફળીયામાં જુગારની ક્લબ પર પોલીસે દરોડા પાડયા

સુરત

સુરત શહેરમાં સ્ટેટ મોનીટરિંગ સેલના દરોડા પડયાં બાદ સ્થાનિક પોલીસ પોતાની આબરૂ લૂંટાતી બચાવવા માટે પોતાના જ સીધા આર્શિવાદ હેઠળ ધમધમતા દારૂના અડ્ડા-જુગારની ક્લબો ઉપર દરોડા પાડી ચોપડે કેસ કર્યાનો બનાવી રહી છે.

મહિધરપુરા સહિત મોટા ભાગળના વિસ્તારોમાં સ્થાનિક પોલીસના ડી-સ્ટાફના કેશિયરો સીધા આર્શિવાદથી જુગારની ક્લબો ધમધમતી રહી છે. તાજેતરમાં સ્ટેટ મોનીટરિંગના દરોડા બાદ મહિધરપુરા અને અડાજણ વિસ્તારમાં ધમધમતી જુગારની ક્લબો પર દરોડા પાડી કામચલાવ બંધ કરાવી દીધી હતી.

મહિધરપુરા પોલીસે બેગમપુરા તુસી ફળિયા ઘર નં ૪/૯૩૦માં દરોડા પાડી જુગારની ક્લબ ચલાવનાર અનિલ ગેલા મિસ્ત્રી, સહિત બાપુ ભગવાન, ધનસુખ ડુમસીયા, કિશોર દંતાણી, રામ ગણેશ, સંતોષ બચ્ચન, અબ્દુલ હફીજ અબ્દુલ, પ્રકાશ તંદાણી, ગણેશ રાજપુત, કૈલાશ તંદાણી, જાવીદ પઠાણ, મુકેશ કોસંબીયા, મો. રિયાઝ હાજીગુલામ માસ્ટરની ધરપકડ કરી હતી. પોલીસે રોકડા રૂપિયા ૧૫,૭૦૦ કબ્જે કર્યો હતો.

અડાજણ પોલીસની હદમાં ધમધમતી જુગાર ક્લબ ઉપર પીસીબી પોલીસે દરોડા પાડી પાલ એસએમસી આવાસમાંથી જુગારની ક્લબ ચલાવનાર બલરામ ગુર્જર, હરિસિંગ , મહેશ દિવાકર, મુકેશ ગોસ્વામી, બ્રિજેશ રાઠોડ, પ્રમોદ રાઠોડ, દશરથ ઉર્ફે બન્ટી યાદવ, સુનિલ રામ અવતાર પપ્પુ બદ્રીસિંગ, જીતુસિંગ રાજપુત, રાજીવ કુમાર કુસ્વાહ, બન્ટી જોષી, મુકેશ સિંગ કનસાણ, લાલ સિંગ રાઠોડ, જીતેન્દ્ર સિંગ બઘેલની ધરપકડ કરી મુકેશ સંતોષ ગુજરને વોન્ટેડ જાહેર કરી ૧૨ મોબાઈલ ફોન, રોકડા મળી કુલ્લે રૂપિયા ૫૭,૦૪૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

NSUI પરના હુમલા મામલે કડક કાર્યવાહીની માંગ, ટ્રાફિક જામ કરતા ૨૦ની અટકાયત

ભરૂચ

અમદાવાદમાં એનએસયુઆઈ કાર્યકરો પર એબીવીપીના કાર્યકરો દ્વારા કરવામાં આવેલા હિંસક હુમલાના વિરોધમાં ભરૂચમાં જે.પી. અને એમ.કે.કોલેજની બહાર એનએસયુઆઈ અને યુથ કોંગ્રેસે વિરોધ પ્રદર્શન કર્યું હતું. અને કડક કાર્યવાહીની માંગ કરી હતી. ટ્રાફિક જામનો પ્રયાસ કરતા યુથ કોંગ્રેસ અને એનએસયુઆઈના ૧૫થી ૨૦ જેટલા આગેવાનોની પોલીસે અટકાયત કરી હતી.

ભરૂચમાં જે.પી. અને એમ.કે.કોલેજની બહાર એનએસયુઆઈ અને યુથ કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અને સરકાર સામે સૂત્રોચ્ચારો કર્યા હતા. જેમાં ભરૂચ જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ શેરખાન પઠાણ ,એનએસયુઆઈ જિલ્લા પ્રમુખ યોગેશ પટેલ સહિત મોટી સંખ્યામાં કાર્યકરોએ ભાગ લઈને વિરોધ નોંધાવ્યો હતો. કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે સી ડિવિઝન પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. આગેવાનોએ ટ્રાફિક જામ કરવાનો પ્રયાસ કરતા પોલીસે તેઓને રોક્યા હતા. અને પોલીસે યુથ કોંગ્રેસ અને એનએસયુઆઈના ૧૫થી ૨૦ જેટલા આગેવાનોની અટકાયત કરી હતી.

સમાધાન પેટે ભરવાના રૂપિયા લઈ આવવાનું જણાવી આરોપી છૂમંતર

સુરત

છેતરપીંડીના કેસમાં સવારે સમાધાન પેટે પાર્ટ પેમેન્ટ આપવાનું જણાવી ગયેલો આરોપી કોર્ટમાંથી ફરાર થઈ ગયો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. જેથી હમણાં આવું કહી ફરાર થઈ ગયેલા ફીરોજ રંગુની નામના આ મુખ્ય આરોપી સહિત તેના પુત્ર અને પત્ની વિરૂધ્ધ પણ કોર્ટે ધરપકડ વોરંટ ઈસ્યુ કર્યું છે.

આ કેસની વિગત એવી છે કે, નાનપુરા સ્થીત ખંડેરાવપુર ખાતે રહેતા ફીરોજ અનવરભાઈ રંગુની, ફીયાજ ફીરોજભાઈ રંગની અને તબસુમબાનુ ફરોજભાઈ રંગુનીએ ઝાંપા બજારમાં રહેતા વૃધ્ધા નફીસાબેન દાઉદભાઈ કાચવાલા (ઉ.આ.વ: ૭૩) પાસેથી વર્ષ ૨૦૧૬ માં રૂા.૫,૫૦,૦૦૦/હાથ ઉછીના લીધા હતા. જેની સામે આરોપીઓએ ચેક પણ આપ્યા હતા. પરંતુ આ ચેક બેંકમાં નાંખતા રીર્ટન થયા હતા. ચેક રીર્ટન થયા બાદ નાંણાની માંગણી કરતા ત્રણેય આરોપીઓએ વૃધ્ધાને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી અઠવા પોલીસે ગુનો નોંધી ત્રણેય આરોપીઓની ધરપકડ કરી હતી. દરમ્યાન આ કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષકારો વચ્ચે સમાધાન થયુ હતુ અને ઉધડતી કોર્ટે ફીરોજે પાર્ટ પેમેન્ટ લાવવા માટે એક-બે કલાકનો સમય માંગ્યો હતો. પરંતુ કોર્ટની બહાર ગયા બાદ ફીરોજ ફરાર થઈ ગયો હતો. જેથી મુળ ફરીયાદી મારફત એડવોકેટ અશ્વિન જે.જોગડીયાએ સાંજે ૪.૧૫ કલાકેતમામ આરોપીઓ વિરૂધ્ધ ધરપકડ વોરંટ ઈસ્યુ કરવા અરજી આપી હતી. જે રજુઆતને ધ્યાને લઈ કોર્ટેઅરજી મંજુર કરવા સાથે ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ ધરપકડ વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કર્યો હતો.

જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ભરૂચ શહેર બી ડીવીઝન પોલીસ



ભરૂચ

પોલીસ મહાનિરીક્ષક અભયસિંહ ચુડાસમા વડોદરા રેન્જ વડોદરા તથા ભરુચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા ના. પો. અધિ. ડી. પી. વાઘેલા, ભરુચ વિભાગ તથા પો. ઈ. જી. આર. શર્માની સૂચના હેઠળ ભરુચ જિલ્લામાં પ્રોહી. જુગાર અંગેની પ્રવૃત્તિ નેસ્તનાબૂદ કરવા કેસો શોધી કાઢવા જણાવેલ જે અનુસંધાને પેટ્રોલિંગ દરમ્યાન એમ. એસ. મુનીયા, પોલીસ સબ ઈન્સ. તથા પો. કો. તનવીર મહમદફારુક બ. નં. ૪૯૯નાઓને બાતમી મળતા પો. સ્ટે. વિસ્તારમાં રહેતો સાજીદ અહમદ પટેલ રહેવાસી મોનાપાર્ક ભરૂચને પોતાના કબજામાંની ભરુચ કંથારીયા રોડ પર આવેલ મુન કોમ્પ્લેક્ષમાં આવેલ દુકાન નંબર એફ-૨૨માં પોતાના આર્થિક લાભ સારુ કેટલાક ઈસમો ભેગા કરી પત્તાપાના પૈસા વડે હારજીતનો જુગાર રમી રમાડતા હોવાની બાતમી મળેલ બાતમીના આધારે પો. ઈન્સ. જી. આર. શર્મા તથા પોલીસ સ્ટાફના માણસો દ્વારા રેઈડ કરતા (૧) સાજીદ અહમદ પટેલ, ઉ. વ. ૪૬, રહે. મોનાપાર્ક, મ. નં. ઈ. ઈ. ૦૮, જંબુસર બાયપાસ રોડ, ભરુચ (૨) જાકીર વલી પટેલ, ઉ. વ. ૪૦ રહે. અહમદનગર, મ. નં. એ ૭૩, મનુબર રોડ, ભરુચ (૩) હબીબ સુલેમાન પટેલ, ઉ. વ. ૨૮, રહે. કંથારીયા ઢાગીયા કોલોણી, તા. જિ. ભરુચ (૪) જાવેદ ઈસ્માઈલ પટેલ ઉ. વ. ૩૫, રહે. મ. નં. ૧, અહમદનગર, મનુબર રોડ, ભરુચ તથા (૫) અસફાક ઈબ્રાહીમ પટેલ ઉ. વ. ૨૪, રહે. નેશનલ પાર્ક બી-૦૫, જંબુસર બાયપાસ, ભરુચ પાસે રોકડા રૂપિયા ૧૬૯૪૦ તથા મોબાઈલ નંગ ૫, કિંમત ૧૪૫૦૦ મળી કુલ્લે મુદ્દામાલ ૩૧૪૪૦ મળી આવેલ છે. જેનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

પો. ઈન્સ. જી. આર. શર્મા તથા પોસઈ એમ. એસ. મુનિયા તથા આ. પો. કો. તનવીર મહમદફારૂક બ. નં. ૪૯૯ તથા અ. હે. કો. સંજયભાઈ રણજીતભાઈ બ. નં. ૧૮૧૯ તથા અ. પો. કો. હિતેશભાઈ મનહરભાઈ બ. નં. ૯૧૩, તથા અ. પો. કો. ધર્મેન્દ્રકુમાર બાબુલાલ બ. નં.૯૧૩ તથા આ. પો. કો. ફિરોઝ ફતુજી બ. નં. ૨૬૩ તથા અ. પો. કો. દેવરાજભાઈ સગરાભાઈ બ. નં. ૧૧૧૯ના ટીમવર્ક દ્વારા કામગીરી પાર પડેલ છે.

સુરત મહાનગર પાલિકામાં
નર્સિંગ સુપરિન્ટેન્ડન્ટ અને સફાઈ કામદારોની ભરતીમાં ગોલમાલ

તપાસ સમિતિ નિયુક્ત કરવા કમિશનરને રજૂઆત

સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ-૨૦૧૪ અને ૨૦૧૬માં ડેપ્યુટી નર્સિંગ સુપરિન્ટેન્ડન્ટ ભરતી અને વર્ષ-૨૦૧૮માં સફાઈ કામદારોની ભરતી પ્રક્રિયા કરાઈ છે, તેમાં મનપાના અધિકારીઓ દ્વારા ગેરરીતિ કરવામાં આવી હોવાથી કાયદેસરનાં પગલાં લઈ તપાસ કમિટી રચવા માટે નેશનલ ભીમ આર્મી દ્વારા મનપા કમિશનરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. વધુમાં તેઓએ જણાવ્યું છે કે, ભરતી પ્રક્રિયા માટેની જાહેરાત મનપા દ્વારા બહાર પાડવામાં આવી હતી. જેમાં મનપાના નિયમ મુજબના અજરદારોને સ્થાન આપવામાં આવ્યું નથી. નિયમ વિરુદ્ધના અરજદારોને નિમણૂક આપી હતી. જે અંગે ફરિયાદ કરવા છતાં પગલાં ભરવામાં આવ્યાં નથી. તેમજ સફાઈ કામદારની ભરતી પ્રક્રિયામાં પણ નિયમ વિરુદ્ધના અરજદારોની ભરતી કરી કૌભાંડ કરાયું છે. જેથી ભરતી કૌભાંડમાં જવાબદાર અધિકારીઓ સામે કાયદેસરનાં પગલાં ભરી કાર્યવાહી કરવા માટે માંગ કરવામાં આવી છે.



વિવિધ કર્મચારી સંગઠનો દ્વારા આયોજિત રાષ્ટ્રવ્યાપી હડતાળમાં સુરતમાં ટેક્ષટાઈલ વર્કર સંગઠન દ્વારા પણ હડતાળ યોજી નાનપુરા વિવેકાનંદ સર્કલ પાસે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

કૃભકોના મેનેજિંગ ડિરેક્ટર તરીકે શ્રી રાજન ચૌધરીની નિમણુંક

સુરત

કૃષક ભારતી કોઓપરેટિવ લિમિટેડના (કૃભકો),વિશ્વના પ્રીમિયર ખાતર ઉત્પાદક સહકારીકંપની ના મેનેજિંગ ડિરેક્ટર તરીકે શ્રી રાજન ચૌધરીને નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ ૧૯૮૪ થી કૃભકો સાથે સંકળાયેલા છેઅનેવિવિધ પદ ઉપર ફરજ બજાવી છે. તેઓ છેલ્લા ૬ વર્ષથી કૃભકોના ફાઇનાન્સ ડિરેક્ટર હતા. તે પૂર્વે શ્રી ચૌધરી કૃભકો ફર્ટિલાઇઝર્સ લિમિટેડમાં ચીફ ફાઇનાન્સ ઓફિસર તરીકે અને ઈન્દ્રપ્રસ્થ પાવર જનરેશન કંપની લિમિટેડ અને પ્રગતિ પાવર કોર્પોરેશન લિમિટેડ સાથે ડિરેક્ટર ફાઇનાન્સ તરીકે ડેપ્યુટેશન પર હતા. શ્રી ચૌધરી જીઇજીઝ, દિલ્હી યુનિવર્સિટીના કોમર્સ ગ્રેજ્યુએટ છે અને ભારતના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્સ્ટિટ્યૂટના સાથી સભ્ય પણ છે.

નવસારીમાં ઠંડી વધી ૧૨ ડીગ્રી તાપમાન

સુરત

ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં હિમવર્ષાના પગલે કડકડતી ઠંડી થઈ રહી છે. ઉત્તર દિશાથી ફુંકાઈ રહેલી શીત લહેરના પગલે આજે રાજ્યમાં ઠંડીનો ચમકારો વધ્યો છે. નવસારીમાં સડસડાટ ૪ ડીગ્રી તાપમાન ગગડતા ફરી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું ન્યુનતમ તાપમાન ૩૨.૫ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૮.૧ ડીગ્રી નોંધાયું છે. આજે શહેરમાં ઉત્તર દિશાથી ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે. હવામા ભેજનું પ્રમાણ ૯૦ ટકા અને હવાનું દબાણ ૧૦૧૫ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારે કલાકના ૨ કિમીની ઝડપે ઠંડો પવન ફુંકાતો હતો.

નવસારીમાં આજે સવારે ન્યુનતમ તાપમાન ૧૨.૮ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૬ ડીગ્રી નોંધાયું હતું. આજે દક્ષિણ ગુજરાતમાં ઉત્તર દિશાથી શીત લહેર ફુંકાઈ રહી છે. જેથી ગતરોજની સરખામણીએ આજે તાપમાનમાં નજીવો ઘટાડો નોંધાયો છે. આગામી એક બે દિવસ બાદ કડકડતી ઠંડીનો અનુભવ થાય તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

રાજદ્રોહ કેસ મામલે અલ્પેશ કથીરિયાની ડીસ્ચાર્જ અરજી નામંજૂર

સુરત

રાજદ્રોહ કેસ મામલે અલ્પેશ કથીરિયાની ડીસ્ચાર્જ અરજી નામંજૂર કરવામાં આવી છે. રાજદ્રોહ કેસમાં ચાર્જ ફ્રેમ દાખલ કરવાની હોવાથી ડીસ્ચાર્જ અરજી નામંજૂર કરવામાં આવી છે. મુખ્ય જિલ્લા સેશન્સ જજ આર.કે.દેસાઈએ અરજી નામંજૂર કરવાની સાથે આગામી ૧૮મી જાન્યુઆરી ના રોજ ચાર્જફ્રેમની કાર્યવાહી માટે કોર્ટ સમક્ષ હાજર રહેવા આદેશ આપ્યો છે.

પાટીદાર અનામત આંદોલ દરમ્યાન પાસના આરોપી નેતાઓ હાર્દિક પટેલ,ચિરાગ તથા વિપુલ દેસાઈ સહિત પાછળથી પોલીસે ઝડપેલા અલ્પેશ કથીરિયા વિરુધ્ધ અમરોલી પોલીસ મથકમાં રાજદ્રોહના ગુનાઈત કારસા અંગે ફોજદારી ફરિયાદ નોંધાઈ હતી. આ કેસમાં સંડોવાયેલા પાસના આરોપી નેતા હાર્દિક પટેલ, વિપુલ તથા ચિરાગ દેસાઈએ ચાર્જશીટ રજુ થયા બાદ આરોપોમાંથી દોષમુક્ત સમ્માનભેર છોડવા માગ કરી હતી. જેને કોર્ટે નકારી કાઢી હતી.

અગાઉ ચાર્જફ્રેમની કાર્યવાહી પૂર્વે પુરવણી ચાર્જશીટમાં અલ્પેશ કથીરીયાએ પણ પોતાની સામે આક્ષેપિત ગુનાના અગાઉ દર્શનીય કેસ ન હોઈ આરોપોમાંથી ડીસ્ચાર્જ કરવા માંગ કરી હતી. જેના વિરોધમાં સરકાર પક્ષે મુખ્ય જિલ્લા સરકારી વકીલ નયન સુખડવાલાએ જણાવ્યું હતું કે આરોપી વિરુદ્ધ વોટ્સએપ મેસેજીસ, વિડિયો ક્લિપ સહિતના પુરાવા ચાર્જ ઘડવા માટે પુરતા છે. કોર્ટે આગામી ૧૮મી જાન્યુઆરીના રોજ રાજદ્રોહના કેસમાં ચાર્જફ્રેમની પેન્ડીંગ કાર્યવાહી માટે આરોપી અલ્પેશ કથીરિયાને કોર્ટ સમક્ષ હાજર રહેવા નિર્દેશ આપ્યો છે.

બસ પર બોગસ નંબર પ્લેટ લગાવી લાખોની ટેક્સ ચોરી

સુરત

સરથાણા વાલક પાટીયા ખોડીયાર પાર્કિંગમાં લક્ઝરી બસના નંબરો બદલી નાંખી સરકારને ભરવા પાત્ર ટેક્સ નહીં ભરી રૂા.૧૯.૬૬ લાખનો ચૂનો ચોપડ્યો હોવાનો બનાવ વરાછા પોલીસ મથકમાં નોંધાતા પોલીસે ચાર આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સરથાણા યોગીચોક તિરૂપતિ સોસાયટી ખાતે સુરેશભાઈ વેકરીયા, વ્યારાના વિનોદ ભરવાડ, કામરેજ પાસોદરા ગામ ખાતેના રાજેશ વસાવા અને કામરેજ નલસાડ ગામના વિપુલભાઈ ગોકળીયા વગેરેઓએ ૨૦૧૭થી આજદિન સુધી લક્ઝરી બસ જીજે-૦૫-એ યુ-૯૩૦૦ બદલી તેની જગ્યાએ જીજે-૧૪ડબ્લ્યુ-૭૭૭ નંબર પ્લેટ લગાવી તથા ચેસીસ નંબર સાથે છેડછાડ કરી આરટીઓ ટેક્સ ૧૯.૬૬ નહીં ભરીને વિશ્વાસઘાત કરી પુરાવાઓનો નાશ કરી ફરાર થઈ ગયા હતા. વરાછા પોલીસે સરથાણા ખોડીયાર પાર્કિંગમાં તપાસ કરતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો.

જોળવામાં માનવ જીંદગી સાથે ચેડા કરતા ત્રણ બોગસ તબીબો પકડાયા

એસઓજી પોલીસે ત્રણની ધરપકડ કરી

સુરત

જોળવામાંથી બાતમીના આધારે એસઓજી પોલીસે ગઈકાલે લાયસન્સ પરવાના વગર ડોક્ટરની પ્રેક્ટિસ કરતા ત્રણ બોગસ તબીબોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુરત ગ્રામ્ય એસઓજી પોલીસ સ્ટાફ પલસાણા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. ત્યારે ખાનગી રાહે બાતમી મળી હતી કે જોળવા જેબી કોમ્પ્લેક્ષમાં ત્રણ તબીબો લાયસન્સ વગર ડોક્ટરની પ્રેક્ટિસ અને દવાખાનું ચલાવી રહ્યા છે. જે બાતમીના આધારે એસઓજી પોલીસ સ્ટાફે દરોડો પાડતા ગઈકાલે સાંજના સુમારે મેડીકલ લાયસન્સ અને પરવાના વગર જેબી કોમ્પ્લેક્ષમાં દુકાનની અંદર ડોક્ટરની પ્રેક્ટિસ અને દવાખાનું ચલાવતા મૂળ બંગાળના દિલીપકુમાર મનોરંજન કીસવા તથા દેબાસીસ મનોરંજન બીસવા તેમજ ભરતભાઈ નીમાહી બીસવાઓની ધરપકડ કરી તેમની પાસેથી દવા સામગ્રી મળી કુલ ૨૦,૫૯૯ના મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કોસાડ આવાસમાંથી તસ્લીમા બેન શેખ ગુમ

સુરત

અમરોલી પોલીસના જણાવ્યાં અનુસાર તા.૨૬/૧૨/૨૦૧૯ના રોજ એચ-૪, બિ.ન.-૫૪/એ/૧૯, કોસાડ આવાસ, અમરોલી ખાતે રહેતા ૨૩ વર્ષીય તસ્લીમા કાસમભાઈ શેખ ગુમ થયા છે. તેઓ શરીરે મજબુત બાંધાના, રંગે ઘઉંવર્ણ અને ઉંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે કાળા રંગનો બુરખો પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

રાષ્ટ્રવ્યાપી હડતાળમાં સરકારી બેંક, પોસ્ટ, બીમા નિગમ અને આયકરના કર્મચારી જોડાયા

નાનપુરા વિવેકાનંદ સર્કલ પાસે કર્મચારીઓ દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું

સુરત

રાષ્ટ્રીય બેંકોનું વિલિનીકરણ કરવા સહિત વિવિધ સરકારી સંગઠનોનું ખાનગીકરણ કરવા સરકારના પ્રયત્નોના ભાગરૂપે કુલ ૫૨ જેટલા સંગઠનો દ્વારા હડતાળનું દેશવ્યાપી આહ્વાન કર્યું છે. જેને પગલે બુધવારે બેંકો સહિત એલઆઈસી, પોસ્ટ, ઈન્કમટેક્સના કર્મચારીઓ પણ હડતાળમાં જોડાયા. હડતાળને લીધે સુરતની ૧૦ રાષ્ટ્રીયકૃત બેંકોની ૩૫૦ શાખાઓમાં કામકાજ પર અસર પહોંચી છે. બેંક કર્મચારીઓ પગારવધારો, પેન્શન યોજના અને એનપીએની વસુલાતની માંગ સાથે હડતાળ કરી રહ્યા છે. સુરતની સરકારી, ખાનગી અને સહકારી સેક્ટરની કુલ ૪૫ જેટલી બેંકોની ૭૫૦ બ્રાંચ થકી એક દિવસમાં કુલ ૮૦૦ થી ૯૦૦ કરોડનું ચેક અને કેસનું ટ્રાન્ઝેકશન થાય છે. હડતાળના કારણે નેશનલાઈઝ્ડ બેંકોમાં થતું એક દિવસીય ટ્રાન્ઝેક્શન ખોરવાઈ ગયું. બેંકિંગ અને વીમા સેક્ટરમાં બિનજરૂરી વિલીનીકરણ કરવામાં આવી રહ્યું હોવાનું સંગઠનોનું મત છે. જેમાં મજુર કાયદામાં કરવામાં આવેલા વિવિધ ફેરફારને લઈને બેંકિંગ સહિતના વિવિધ સેક્ટર દ્વારા હડતાળનું આહ્વાન કરવામાં આવ્યું છે. દેશભરમાંથી ૨૫ કરોડ કર્મચારીઓ આ હડતાળનો ભાગ બનવા જઈ રહ્યા છે. બેંકો સહિતના વિવિધ સંગઠનો દ્વારા આજે સવારે ૧૧ વાગ્યે વિવેકાનંદ પ્રતિમા ખાતે દેખાવો કરવામાં આવ્યાં હતાં.

તક્ષશિલા અગ્નિકાંડ
પરાગ મુન્શીની જામીન અરજી અંગે સુપ્રીમમાં સુનાવણી

હાઈકોર્ટે જામીન નકારતા સુપ્રીમ કોર્ટમાં અરજી થઈ હતી

સુરત

સરથાણા સ્થિત તક્ષશિલા આર્કેડમાં બનેલી આગની ઘટનામાં સંકળાયેલા મનપાના અધિકારી પરાગ મુન્શીના એડવોકેટ દ્વારા સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવેલી જામીન અરજીની સુનાવણી ગુરૂવારે હાથ ધરાશે. એવુ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

આ કેસની વિગતો એવી છે કે, ગત તા.૨૪મી મેના રોજ સરથાણા તક્ષશીલા આર્કેડના એક ટ્યુશન ક્લાસમાં ભીષણ આગ લાગતા ૨૨થી વધુ લોકોના કરૂણ મોત નીપજ્યા હતા. સરથાણા પોલીસે ફાયર, મનપાના અધિકારીઓ, ડીજીવીસીએલ, બિલ્ડર સામે ગુનો નોંધ્યો હતો. આ ગુનાની તપાસ કરી રહેલા ડીસીબીના એસીપી આર.આર. સરવૈયાએ ૧૨ આરોપીઓની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યા હતા. સુરત અને ગુજરાત હાઈકોર્ટે પરાગ મુન્શીની જામીન અરજી ફગાવી દીધા બાદ તેમના એડવોકેટે સુપ્રીમ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે હીઅરીંગ સ્ટેજ પર હોય સુનાવણી ગુરૂવારના રોજ હાથ ધરાશે.



બાળ લગ્ન અટકાવવા દરેક સમાજે જાગૃત થઈ આગળ આવવુ પડશે : મનોજ કોઠારી : જિલ્લા કલેક્ટર, નર્મદા

જિલ્લા કલેક્ટર મનોજ કોઠારીના અધ્યક્ષપદે ''બાળલગ્ન એક અભિષાપ'' વિષય પર એક દિવસીય સેમિનાર યોજાયો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



નર્મદા જિલ્લા બાળલગ્ન પ્રતિબંધક અધિકારી-સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી તેમજ જિલ્લા બાળ સુરક્ષાના સંયુક્ત ઉપક્રમે રાજપીપળામાં ડૉ.આંબેડકર હોલ ખાતે નર્મદા જિલ્લા કલેક્ટર મનોજ કોઠારીના અધ્યક્ષપદે ''બાળલગ્ન એક અભિષાપ'' વિષય પર એક દિવસીય સેમિનાર યોજાયો હતો.

આ સેમિનારમાં મહિલા અગ્રણી શ્રીમતી ભારતીબેન તડવી,ક્રાય એસોસીએશન જનરલ મેનેજર દિનેશ કક્કોથ, ક્રાય એસોસીએશન સ્ટેટ કો.ઓર્ડીનેટર રૂચાબેન ઠક્કર, ધારાશાસ્ત્રી શ્રીમતી અશ્વીનાબેન શુક્લા, સમાજ સુરક્ષા અધિકારી એસ.વી રાઠોડ,જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ચેતનભાઈ પરમાર સહિત જિલ્લાની વિવિધ ૧૭ જેટલી સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ વગેરે પણ હાજર રહ્યાં હતાં.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર મનોજ કોઠારીએ જણાવ્યું હતું કે, આજના સમયે બાળલગ્નના કિસ્સા નોંધાતા હોય છે, જે આવનારી ભાવિ પેઢી માટે નુકશાનકારક છે. નાની ઉંમરમાં લગ્ન થતા મહિલા અને બાળક બંન્ને કુપોષણથી પીડાઈ છે. પુખ્ત વયમાં લગ્ન થાય તો સારા અને સક્ષમ સમાજનું નિર્માણ થાય છે. બાળ લગ્ન અટકાવવા દરેક સમાજે જાગૃત થઈ આગળ આવવુ પડશે.વધુમાં જણાવ્યું હતું કે બાળ લગ્ન કરાવનાર અપરાધીને બે વર્ષ સુધીની સખત કેદની સજા અથવા એક લાખ સુધીના દંડ અથવા બન્ને પણ થઈ શકે છે.તેમણે બાળ લગ્નના કિસ્સા ધ્યાનમાં આવે તો વહિવટી તંત્રને જાણ કરવા આહવાન કર્યું હતું. તેની સાથોસાથ દરેક સમાજ ના લોકો સમૂહ લગ્નમાં જોડાય તો લગ્નનો ખર્ચ અને જવાબદારીઓ પણ નહિવત રહે છે.

મહિલા અગ્રણી શ્રીમતી ભારતીબેન તડવીએ જણાવ્યું હતું કે,દિકરા- દિકરીના લગ્ન પુખ્ત વયે કરવા જોઈએ. બાળ લગ્ન અટકાવવા સમાજમાં જાગૃત્તિ લાવવા જરૂરી પગલાં ભરવા જરૂરી છે. આ માટે સમાજમાંથી દરેક મહિલાઓએ આગળ આવી આ અભિયાનને સફળ બનાવવા સહભાગી બનવું જોઈએ.

નર્મદા જિલ્લા બાળલગ્ન પ્રતિબંધક અધિકારી-સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી એસ.વી.રાઠોડે જણાવ્યું હતું કે,આજના સમયે બાળ લગ્ન એક અભિષાપ છે. છોકરાના ૨૧ વર્ષ અને છોકરીના ૧૮ વર્ષ પૂર્ણ થતાં પહેલા લગ્ન કરવાએ બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ હેઠળ ગુન્હો બને છે. બાળ લગ્ન કરાવનાર કે પ્રોત્સાહન આપનાર તમામ અપરાધી કહેવાય છે અને આ તમામ સામે કાયદાકીય પગલા ભરવામાં આવે છે. બાળ લગ્ન થવાના હોય કે થઈ ગયા હોય તો તે અંગેની જાણ કરવા તેમણે જણાવ્યું હતું અને બાળ લગ્નની માહિતી આપનારની ઓળખ ગુપ્ત રાખવામાં આવે છે, વધુમાં ઉમેર્યું હતું કે, બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬, જુવેનાઈલ જસ્ટીસ એક્ટ- ૨૦૧૫,જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ પોક્સો એક્ટ- ૨૦૧૨, પાલક માતા- પિતા યોજના, દત્તક વિધાન, બાળકો ની માનસિકતા અને મુંઝવણને સમવા અંગેની વિસ્તૃત જાણકારી આપી હતી.આ પ્રસંગે ક્રાય એસોસી એશન જનરલ મેનેજર દિનેશ કક્કોથે બાળલગ્ન અંગે લોકોમાં જાગૃત્તિ કેળવવા માટે સમજ આપી હતી.

પ્રારંભમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ચેતનભાઈ પરમારેસ્વાગત પ્રવચનમાંસૌને આવકારી કાર્યક્રમની રૂપરેખા આપી હતી અને અંતમાં તેમણે આભારદર્શન કર્યું હતું.


વડોદરા સયાજી હોસ્પિટલમાં HIVગ્રસ્તોના CD-4 ટેસ્ટિંગનું મશીન બગડતા અન્ય જિલ્લાના દર્દીઓને ફેરા

૬ મહિના પહેલાજ નવું આવેલું મશીન અચાનક ખોટકાતા નર્મદા જીલ્લા સહિતના જિલ્લામાંથી આવતા દર્દીઓ ધક્કે ચઢ્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ગુજરાત સરકાર આમ તો HIV/AIDSના દર્દીઓ પાછળ કરોડો રૂપિયાના ધુમાડા કરી મફત ટેસ્ટિંગ, મફત સારવાર અને મફત દવા ઉપલબ્ધ કરે છે પરંતુ અમુક કિસ્સા માં કાચું કપાતું હોય એમ જેતે સેન્ટર ના સંકલન ના અભાવે જરૂરી દવાઓ અમુક નાના સેન્ટરો સુધી સમયસર પહોંચતી નથી અથવા નર્મદા જિલ્લા જેવા પછાત જિલ્લા માં સ્ટાફ ની અછત જેવી ઘણી તકલીફો માં દર્દીઓ ધક્કે ચઢતા હોય છે ત્યારે ક્યારેક ટેસ્ટિંગ માટેની કીટ ન હોય અથવા મશીન બગડ્યું હોય તેવી પણ તકલીફ જોવા મળે છે.

થોડા દિવસ પર જ નર્મદા ના ૩૫૦ જેવા HIV પીડિતો ને ટીબી જેવા ચેપ સામે રક્ષણ આપતી દવા પણ આવી ન હોવાની બુમ ઉઠી હતી તેની સાહિ હજુ સુકાઈ નથી ત્યાંજ બુધવારે નર્મદા જિલ્લા સહિત ના કેટલાક HIV પીડિતો વડોદરા સયાજી હોસ્પિટલ ના ART સેન્ટર પર ગયા જ્યાં સમયાંતરે તેમના CD-4 ની તપાસ થતી હોય છે.પરંતુ ત્યાં રોજગાર અને ભાડું બગાડી ગયેલા પીડિતો ને જાણવા મળ્યું કે CD-4 ટેસ્ટિંગ નું મશીન બગડ્યું છે માટે ત્યાં પહોંચેલા તમામ ને આવતા અઠવાડિયે અથવા બે ચાર દિવસ બાદ આવવા કહેવામાં આવ્યું .જોકે આ તકલીફ માં ART સેન્ટર કે લેબોરેટરી ના સ્ટાફ ની કોઈ ભૂલ કે વાંક ન હતો કેમ કે આગલા દિવસે સાંજે જ અચાનક મશીન બગડ્યું હોવાનું જાણવા મળ્યું હતું.



૬ મહિના પહેલાજ નવું આવેલું મશીન બગડતા તેની ગુણવત્તા બાબતે સવાલ ઉઠ્યા

જોકે ત્યાંથી જાણવા મળ્યું કે અગાઉ એક જૂનું મશીન હતું પણ એ બાદ આ નવું મશીન ૬ મહિના પર જ ત્યાં આવ્યું હોય આટલા ટૂંકા ગાળા માં અચાનક મશીન બગડતા લાગતા વળગતા ખરીદ કરનારા કે વેચનારની કોઈ ભૂલ કે ક્ષતિ હશે..? મોંઘુદાટ મશીન માત્ર ૬ મહિના ના ટૂંકા ગાળા માં કઈ રીતે બગડ્યું શુ મશીન ની ગુણવત્તા સારી ન હતી કે સસ્તું મશીન ખરીદી કરાયું હશે..? જેવા અનેક સવાલો ધક્કે ચઢેલા HIV પીડિતો માં ચર્ચામાં હતા.

ત્યારે HIV સહિત ના અન્ય દર્દીઓ કે જે દૂર દૂર થી સારવાર કે ટેસ્ટિંગ માટે મોટા શહેરો માં જવા મજબુર હોય તેવી જગ્યાઓ ઉપર યોગ્ય અને સમયસર સારવાર મળે એ દિશામાં સરકાર જરૂરી કાર્યવાહી કરે તે જરૂરી છે.

નર્મદા કોંગ્રેસે NSUI કાર્યકરો પર હુમલો કરનારને સજાની માંગ સાથે મોદીની હાય હાય બોલાવી



દોષીતો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહીની માંગ સાથે જો ન્યાય નહિ મળે તો આગામી દિવસોમાં આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

અમદાવાદમાં NSUI ના કાર્યકરો JNU મુદ્દે ABVP કાર્યાલય પાસે પોતાનો વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા.દરમિયાન NSUI ના કાર્યકરો પર લાકડી, દંડા વડે હુમલાની ઘટના બની હતી.નવાઈની વાત તો એ છે કે ગુજરાત ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ ઋત્વિજ પટેલ પણ એ સમયે ત્યાં જ ઉપસ્થિત હતા.આ ઘટનામાં NSUI ના રાષ્ટ્રીય મહામંત્રી નિખિલ સવાણી ગંભીર ઘાયલ થતા એમને સારવાર માટે ખસેડાયા હતા.આ ઘટનાથી કોંગ્રેસી કાર્યકરોમાં ભારે રોષ ફેલાયો છે અને દોષીતોને સજા કરવાની માંગ કરી છે.

નર્મદા જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ હરેન્દ્ર વાળંદ,નાંદોદ ધારાસભ્ય પી.ડી.વસાવા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી હરેશ વસાવા, મંત્રી પ્રફુલ્લ પટેલ, રાજપીપળા પાલિકા વિપક્ષ નેતા મૂંતેઝીર ખાન શેખ, ભરત વસાવા, કાર્યકારી પ્રમુખ નિકુંજ પટેલ, યુવક કોંગ્રેસના વાસુદેવ વસાવા, ચંદ્રેશ પરમાર, જીજ્ઞેશ કોન્ટ્રાકટર, તાલુકા સદસ્ય પ્રકાશ વસાવા સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત કોંગ્રેસી કાર્યકરોએ રાજપીપળા ગાંધી ચોક ખાતે આ હુમલાની ઘટનાના વિરોધમાં ધરણાં પ્રદર્શન કર્યું હતું.પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહના હાય હાય ના નારા લગાવી દોષીતો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહીની માંગ કરી હતી. સાથે સાથે જો ન્યાય નહિ મળે તો આગામી દિવસોમાં આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

સાગબારાના નવાગામ(જાવલી) ગામથી ૯ જુગારીઓને જુગાર રમતા સાગબારા પોલીસે દબોચી લીધા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના નવાગામ જાવલી ગામે કેટલાક વ્હાક્તિઓ જાહેરમાં જુગાર રમી રમાડી રહ્યા હોય જે બાબતે સાગબારા પોલીસને બાતમી મળતા પોલીસે રેડ કરી ત્યારે ત્યાં ભાગદોડ મચી હતી જેમાં પોલીસે ૯ જેટલા જુગારીઓની ધરપકડ કરી તેમની સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ રેડ માં સાગબારા પોલીસે જુગાર રમતા જાવલીના સુરેંદ્ર ગંગારામ વસાવા, રમેશ શના નાઈક,રાજેશ મહેશ વસાવા,પ્રભાત જાનીયા વસાવા,વિક્કી કેશરસિંગ પાડવી, પ્રેમાનંદ અમરસિંગ વસાવા,અનિલ ઈન્દ્રસિંગ નાઈક, અમરસિંગ ઉર્ફે (અમો) જાનીયા વસાવા,અને બોદવાવ ગામના જીતેંદ્ર ભીમસિંગ વસાવા ને ઝડપી લઈ તેમની પાસેથી અંગજડતી ના રોકડા ૨,૨૫૦/-રૂપિયા તથા દાવ ઉપરના રોકડા ૧૨૭૦/- રૂપિયા મળી કુલ ૩૫૨૦ રૂપિયાનો મુદ્દામાલ સાથે દબોચી લઈ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

હજીરા ટ્રક માલિક વેલફેર એસો.ના નામે ગેરકાયદે ઉઘરાણાની ફરિયાદ

ટ્રક ચાલક પાસેથી રૂ. ૧૦ પડાવી રૂ. પની રસીદ અપાઇ છે

સુરત

સુરત જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશ ભાઈ પટેલે જિલ્લા કલેક્ટરને કરેલી લેખિત ફરિયાદમાં જણાવ્યું હતું કે હજીરા વિસ્તારમાં ઈચ્છાપોર ચોકડી ખાતે હજીરા વિસ્તાર ટ્રક માલિક વેલફેર એસોસિએશન નામની સંસ્થા હજીરાથી આવતી તમામ ટ્રકો પાસેથી ટન દિઠન ૧૦ રુ. ઉઘરાવે છે જેમાં રૂ. પની રસીદ આપે છે. અને રૂ. ૫ બે નંબરી ભંડોળ ઉભું કરે છે. દરરોજ આ વિસ્તારમાંથી ૧૦ લાખ ટન માલ ભરવા તેમજ માલ ખાલી કરવા ટ્રકો અવર જવર કરે છે. રૂપિયા ઉઘરાવતી આ સંસ્થા રજીસ્ટર છે કે કેમ? તે પણ એક સવાલ છે અને આટલી મોટી રકમની ઉઘરાણી કરી બાકીના રૂપિયા પોતાના ગજવે ઘાલે છે. રાજકીય વધના જોરે ટ્રકો પાસેથી સંસ્થાના હોદેદારો રૂપિયાની બળબજરીપૂર્વક ઉઘરાની કરે છે, અને ટ્રક ડ્રાઇવરોને માનસીક ત્રાસ આપે છે. ઉઘરાવેલ નાણાનો ઉપયોગ શા માટે કરે છે તે પણ એક સવાલ છે. જેથી આપશ્રી આ સમગ્ર મામલાની તપાસ કરાવશો. એ જો સરકારી તંત્ર દ્વારા દિન ૧૦ માં કોઈ કાર્યવાહી કરવામાં ન આવે તો સુરત જિલ્લા કોંગ્રેસ સમિતિ ગાંધી સિંધ્યા માર્ગે ધરણા તેમજ ઉગ્ર આંદોલન કરશે.

CAAના સમર્થનમાં ભાજપ સાંસદ મનસુખ વસાવાની રેલી, કહ્યું આ કાયદો દેશ હિતનો



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

CAA ને લઈને હાલ સમગ્ર દેશમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે.બીજી બાજુ ભાજપ દ્વારા આ અંગે લોકજાગૃતિના કાર્યક્રમો થઈ રહ્યા છે.ગુજરાત ભાજપના સિનિયર ભાજપ સાંસદ ભરૂચ લોકસભાના મનસુખ વસાવે CAA,NRC ના સમર્થનમાં અને આદિવાસીઓના ખોટા પ્રમાણપત્ર મુદ્દે એક જાહેરસભાને સંબોધી હતી. બાદ એમની આગેવાનીમાં રાજપીપળા શહેરમાં જંગી રેલી નિકળી હતી.જેમાં ગુજરાત ભાજપ આદિજાતિ મોરચા પ્રમુખ મોતીસિંહ વસાવા, માજી વન રાજ્યમંત્રી શબ્દશરણ તડવી સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે CAA એ દેશ હિતનો કાયદો છે,એ કાયદાને લીધે દેશના કોઈ પણ નાગરિકને કોઈ પણ જાતની તકલીફ નહીં પડે.એ કાયદો દેશના કોઈ પણ નાગરિકને રંજડવા માટેનો કાયદો નથી.આ કાયદો ભારત દેશના મુસ્લિમોને હેરાન કરવા બનાવ્યો છે એવી વાતોથી લોકોએ દૂર રહેવું આવી વાતો ફક્ત લોકોને ગેરમાર્ગે દોરવા થતી હોય છે.મુસ્લિમોની વસ્તી દિન પ્રતિ દિન વધી રહી છે,એ કોમ હાલ પણ દેશમાં પ્રગતિ કરી જ રહી છે.આપણા પાડોશી દેશના હિન્દૂ, પારસી,જૈન,શીખ, ખ્રિસ્તી,બૌદ્ધ ધર્મના લોકો લઘુમતીમાં આવે છે તેઓ શરણાર્થીઓ કહેવાય આ કાયદો એમને નાગરિકતા આપવાનો છે.જેણે દેશ હિતમાં ક્યારેય કામ નથી કર્યું ફક્ત ભાગલા પાડો અને રાજ કરો નિતી અપનાવી છે એ જ લોકો આ કાયદાનો વિરોધ કરે છે.CAA કાયદા મુદ્દે વિપક્ષ મોદી અને અમિત શાહને ગાળો ભાંડે છે.





કામરેજ ટોલનાકા પર હુમલો કરાતા પોલીસ ફરિયાદ દાખલ

સુરત

કામરેજ ચોર્યાસી ગામ ખાતે ટોલટેક્સ બાબતે ઝઘડો કરી સિક્યુરિટી તથા સુપરવાઈઝરને માર મારી વાલકના ત્રણ આરોપીઓ ફરાર થઈ ગયા હોવાનો બનાવ કામરેજ પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર જલગાંવ જિલ્લાના વતની અને હાલમાં કામરેજ ચોકડી પાસે રહેતા સ્વપ્નીલ ધર્મા વાલહે ચોર્યાસી ગામ ખાતે આવેલા ટોલટેક્સમાં નોકરી કરે છે. ગતરોજ સાંજના સુમારે વાલક ગામના રસીદ ગુલામભાઈ સિંઘા સહજાદ રસીદ સિંઘા તથા મુકેશ આચાર્યએ ટોલટેક્સ બાબતે સ્વપ્નીલ ધર્મા સાથે બોલાચાલી કરી સિક્યુરીટી તથા સુપરવાઈઝરને માર મારી ફરાર થઈ ગયા હતા. કામરેજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.